
# કુમાર

આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું માસિક

વર્ષ ૫૫મું · અંક ૪થો · એપ્રિલ ૧૯૭૮


તંત્રી · બચુભાઈ રાવત



ત્રિપુરાન્તક શિવ
રેખાંકન · વાસુદેવ સ્માર્ત
જુઓ આ અંકમાં લેખ
'વિરૂપાક્ષ મંદિરનાં ભીંતચિત્રો'

સળંગ ૬૫૨મો અંક




હટાણું
કરવા જતાં દક્ષિણ
ભારતનાં ગ્રામવાસીઓ ▷

(કલાકાર • અમૃતા શેરગિલ)

ભારતીય કલાનાનવવિધાનમાં અમૃતા શેરગિલના કલાપ્રદાનનું અનોખું સ્થાન છે. માત્ર ઓગણત્રીસ જ વર્ષના આયુમાં, ને ખાસ તો આયુનાં છએક વર્ષમાં એમણે જે ચિત્રસર્જન કર્યું એનો આધુનિક ભારતીય કળામાં આગવો પ્રભાવ રહ્યો છે. એમના જીવનકાળ દરમિયાન તો એની કદર ન થઈ, પણ એમના અવસાન પછી કલાની નવી સમજ ખીલવા સાથે એનું માહાત્મ્ય ગવાવા લાગ્યું. ◧ ગોરખપુર જિલ્લાના એક જાગીરદારની એ પુત્રી. પિતા સંસ્કૃત અને તત્વજ્ઞાનના મોટા વિદ્વાન. માતા હંગેરિયન, બુદ્ધિવંત ને ઊંચી રસવૃત્તિવાળી. અમૃતાનું બાળપણ હંગેરીમાં જ વીત્યું. પારી(સ)માં કલાશિક્ષણ લીધું. ત્યાં સેઝાં ને ગૉગાં જેવા મહાન કલાકારોથી પ્રભાવિત થઈ હિંદ આવ્યા પછી, અને ૧૯૩૬માં અજંતાની યાત્રા પછી, કલાનું એક જુદું સ્વરૂપ એણે જોયું અને સાથોસાથ શામળાં શરીર ને ઉદાસ ચહેરાવાળાં અહીંનાં સ્ત્રી-પુરુષોનાં મોં પર સદાય પ્રસરી રહેતી વિષાદની છાયા એમના અંતરમાં ઊંડી કોરાઈ ગઈ, ને એ મનઃછાયાને પોતાનાં ચિત્રોમાં ઉતારી. એમાં વિષયનું આબેહૂબ આલેખન નહિ, પણ પોતાના મન પર પડેલા પ્રત્યાઘાતની છાયાને જ એમણે આગવી રંગાવટમાં આલેખી. ઝીણી વિગતો ઉડાવી દઈને, ઘાટરૂપને તદ્દન સાદાં કરી નાખીને માત્ર આકૃતિઓની ગૂંથણી અને રંગરચનાથી ઊભા થતા લયને એમણે પ્રગટ કર્યા છે. પાત્રનાં રૂપ નહિ. પણ એમના ચહેરા પરના અંતરભાવ અને એ ભાવોની સમગ્રતાથી ઊપજતી ચિત્રવ્યાપી છાય એમનાં ચિત્રોની આગવી લાક્ષણિકતા છે. ભારતીય લોકજીવનનાં એમણે એવાં અનેક ચિત્રો કર્યા છે. આ ચિત્ર એ પૈકીનું એક છે. ◧ આધુનિક ભારતીય કળાને રજૂ કરતી જે ચાર ખાસ ટપાલ-ટિકિટો હમણાં બહાર પડી તેમાં અમૃતા શેરગિલની કૃતિ 'પહાડી સ્ત્રીઓ' પણ લેવાઈ છે એ યોગ્ય જ છે. અહીં ઉપર એ ટિકિટ આપી છે.




# કુમાર

એપ્રિલ ૧૯૭૮ · અંક ૬૫૨

તંત્રી: બચુભાઈ રાવત — ઉપતંત્રી: બિહારીલાલ ટાંક



'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧
વાર્ષિક લવાજમ: રૂ.૨૪-૦૦; પરદેશ: રૂ.૪૦ યા પાઉન્ડ ૩ યા ડૉ. ૬-૦૦; છૂટક નકલ: રૂ.૨-૫૦

# વાચકો લખે છે...

### 'વિનોદની નજરે' ૧

ડિસેમ્બર 'કુમાર'માં આદત મુજબ 'કુમાર'ના આદર્શમાં 'લોઢાની મેખ' જેવો 'વિનોદની નજરે' લેખ વાંચ્યો. તેમાં શ્રી રાધેશ્યામ શર્મા વિષે તેમણે લખ્યું છે. હું કોઇને ઓળખતો નથી. વાંચતાં જ છાપ પડી કે આ ભાઈ વિનોદની નજર કેવી હશે? કીકીમાં અમુક છાપ જ પડતી હશે? કે જોવા છતાં મગજના સ્થૂળ જ્ઞાનતંતુઓ અમુક વિશ્લેષણ જ કરતા હશે?! તેમના નબળા જ્ઞાનતંતુઓની આ છે સાબિતીઓ :

૧) એક જ લઢણની સૂકી લાઠીના માર જેવું લખાણ, જેમાં શ્રી રાધેશ્યામને માનસિક રોગના દર્દી સાબિત કરવા વારંવાર આવી સૂકી લાઠી તેમણે વીંઝી છે. અંતે સાબિત શું કર્યું?

૨) મજાક ઓછી કરી છે, કુથલી વધુ કરી છે. ક્યારેક વાચકની સુરુચિનો ભંગ થાય છે. પિક્ચરના હૉલમાંથી ભાઈશ્રી રાધેશ્યામ ટૉઇલેટમાં જતા હોય ને મોઢું ધોતા હોય, નળ નીચે ચશ્માં ધોતા હોય કે નાહતા હોય, આવી વાતો શ્રી વિનોદભાઈની મજાકની વૃત્તિની મજાક કરે છે.

૩) આ ભાઈ રતિલાલ કોણ છે? અર્થ વગર તેમની વાતને ચગાવવી, ભાડુઆત ને મકાનમાલિકના 'પર્સનલ' પ્રશ્નોને અડવું, વગેરે અરુચિકર લાગ્યું. આખા લખાણ ઉપરથી છાપ એવી પડે કે સ્તુજવૃત્તિ ભૂલથી આવે છે. કુથલી જાણીબૂઝીને આવે છે.

૪) 'કુમાર'ના અક્ષરેઅક્ષરની કિંમત થતી હોય ત્યારે તેના છ છ કૉલમના અસંખ્ય અક્ષરો 'વિનોદની કલમે' વેડફાય તેનું દુઃખ, 'કુમાર' વાંચવાના આનંદને તે વિસારે છે.

(અમદાવાદ) —ચૈતન્ય દવે

### ૨

બબ્બે અંકો 'કુમાર'ના બહાર પડી ચૂક્યા. મેં 'વિનોદની નજરે' માટે આપને પત્ર મોકલેલ. તમે તેને છાપવાનું સૌજન્ય દાખવી ન શક્યા તો કંઈ નહિ, મને પ્રત્યુત્તર પણ ન આપી શક્યા. પત્રકારિત્વનાં ઊંચાં શિખરોની ઉદાત્ત ભાવનાનાં બણગાં ફૂંકવાં સહેલાં છે!

તમે છાપો કે નહિ તે મારા માટે લેશમાત્ર મહત્ત્વ ધરાવતું નથી જ. મહત્ત્વ તમે છાપો છો કે નહિ તેનું નથી; કારણ કે તમે જોડણીની ભૂલો, સમય સંબંધી અથવા વાક્યરચનાની આંટીઘૂંટી જ છાપો છો તેવું લાગે છે.

આવતી કાલનાં નાગરિકોના ઘડવૈયા બનવાનો દાવો કરનારાઓ તમે સાચી વાત ઉપર પડદો રાખવાનું પસંદ કરો છો?

મારો પત્ર નહિ છાપવા બાબતનાં મારે માત્ર કારણો જ જોઇએ છે. તેથી વિશેષ મને રસ નથી.

(અમદાવાદ) —ચૈતન્ય દવે

[*આ કૉલમમાં અગાઉ કહેવાઈ ગયું છે કે સ્થળસંકોચને કારણે દર માસે આવતા બધા જ સ્વીકૃત પત્રો પ્રકટ કરી શકાતા નથી અને અસ્વીકૃત પત્રોનાં કારણો જણાવવામાં આવતાં નથી, કે અન્યથા પણ આ કૉલમ વિષે કોઈ પત્રવ્યવહાર કરવામાં આવતો નથી. આપનો પત્ર સ્થળસંકોચને કારણે જ મોડો પ્રસિદ્ધ થઈ શક્યો છે. પણ અમને વિશેષ દિલગીરી તો આપના જેવા (કૉલેજ-ફેલોના સંસ્કારી વ્યવસાયમાં જોડાએલા) સજ્જન તરફથી આવો નિરર્થક રોષ ઠાલવતો અશિષ્ટ પત્ર લખાતો જોઇને થઈ. સાચું જ કહ્યું છે કે અહમ માણસને વિવેક ભુલાવી દે છે.]

### સામાન્ય રોગોપચાર અંગે સ્પષ્ટતા

'કુમાર' ૬૪૮માં 'દાક્ષિણ્યાન્ત' અને ડૉ. ત્રિવેદીના આ વિભાગ અંગે વિચારો વાંચ્યા.

શ્રી દાક્ષિણ્યાન્તના કેટલાક મુદ્દા વિચારણીય છે. અહીં કહેવાની રજા લઉં કે આ વિભાગ 'સામાન્ય રોગોપચાર'નો છે. આ સામાન્ય ઉપચાર કરવાથી જો રોગ મટે તો પછી આગળ વધવાની જરૂર ન રહે, ને મોટા ભાગના રોગીઓ ખોટી દોડધામમાંથી બચી શકે. જો આ ઉપાયોથી ફાયદો ન થાય તો નિષ્ણાત ચિકિત્સાનો આશરો લેવો. આ ઉપચારો આખરી નથી.

ડૉ. ત્રિવેદીની ભાષા અરુચિકર છે. ભણતર અને સંસ્કારને કોઈ સંબંધ નથી તે આ ભાષા વાંચીને પાકું થાય છે. કોઈ પણ વિજ્ઞાનનો અભ્યાસ કર્યા વગર તેને માટે ગમે તેવી ભાષામાં બેધડક અભિપ્રાય આપવો કેટલો ઉચિત છે તે વાચકો ઉપર જ છોડું છું.

આયુર્વેદના મતે દરેક તાવ પિત્તપ્રકોપથી થાય છે. તેમાં પણ મેલેરિયામાં સવિશેષ પિત્તપ્રકોપ હોય છે. રોગીને કડવી ઊલટી થાય છે એ પિત્ત સિવાય બીજું શું છે? ગામડાના અભણ લોકો પણ કહે છે કે ઊલટીમાં પિત્ત નીકળી ગયું. ઊલટી થયા પછી તાવ હળવો પડે છે તે પણ જોવા મળે છે.

મેલેરિયા મચ્છર કરડવાથી નથી થતો તેમ મારું કહેવું નથી. પરંતુ મચ્છર કરડવાથી સરવાળે તો પિત્તપ્રકોપ જ પામે છે. મચ્છર કરડવાથી મેલેરિયા થાય છે તે પ્રાથમિક શાળાનો વિદ્યાર્થી પણ જાણે છે તેમ મેલેરિયામાં સુદર્શન ચૂર્ણ સર્વોત્તમ છે તેવું સામાન્ય નાગરિક પણ જાણે છે. કોઈ પણ આધુનિક ઔષધ લીધા વગર માત્ર આયુર્વેદના ઉપચારથી મેલેરિયા મટે છે. મારી પાસે એવા કેટલાય રોગી છે. જો ડૉક્ટર મહોદયને ફુરસદ હોય તો રૂબરૂ આવી તેમની કેફિયત જાતે લઈ જાય.

હજી તો ચિકિત્સા વ્યવસાયની પ્રમાણમાં શરૂઆત કરતા ડૉ. ત્રિવેદી આયુર્વેદના વિચારોને 'રદ્દી' અને 'દેશની કમનસીબી' કહેશે તો પછી યોગ, મંત્રોપચાર ને નિસર્ગોપચારથી રોગો મટે છે તે જોશે ત્યારે તો ભડકી ઊઠશે. જ્યારે કાચની શોધ થઈ નહોતી ત્યારે માઇક્રોસ્કોપ તો હોય જ નહિ. તે વખતે આયુર્વેદ લખાયો હતો અને જ્યાં જરૂર હતી ત્યાં નરી આંખે ન દેખાતા સૂક્ષ્મતમ જંતુનું વર્ણન તેમાં કરેલું છે. આટલાં વર્ષો પહેલાં લખાએલ શાસ્ત્રને કોઈ અધિકારી નિષ્ણાતે 'રદ્દી' કહ્યું હોય તેવું મારી જાણમાં નથી.

જેમને દર વર્ષે નિયમિત મેલેરિયા થતો હોય તે જો ચૈત્ર માસમાં ચાનો ગ્લાસ ભરી રોજ સવારે સાતેક દિવસ લીમડાનાં પાનનો રસ પીશે તો ફરી તેને મેલેરિયા થશે નહિ. કદાચ થશે તો એટલો આકરો નહિ હોય.

(વડોદરા) —વૈદ્ય નવીનભાઈ ઓઝા

### આયુર્વેદ વિષે-૧

જાન્યુ. '૭૮ના અંકમાં આયુર્વેદના ઉપચારોની લેખમાળા અંગેનાં મંતવ્યો વાંચ્યાં.

વૈદક એ વૈજ્ઞાનિક વિષય હોવાથી તે અંગેનાં લખાણોમાં ચોકસાઈની વિશેષ જરૂર હોય તે અંગેનું મંતવ્ય ગમ્યું. પરંતુ આયુર્વેદના (કેટલાક) ચિકિત્સકોની અંગત મર્યાદાના સંદર્ભમાં ખુદ આયુર્વેદ તરફ આડકતરી ટીકા અસ્થાને છે. નીરોગી સ્વસ્થ દીર્ઘાયુની પ્રાપ્તિના સંદર્ભમાં રજૂ થએલા આયુર્વેદના સિદ્ધાંતોને 'અવૈજ્ઞાનિક' કહી શકાય નહિ. આજના યુગમાં વિજ્ઞાનની વિવિધ શાખાઓમાં થએલા સંશોધનો માત્ર એલોપેથિક ચિકિત્સાનો ઇજારો ન ગણી શકાય. આયુર્વેદિક ચિકિત્સક આયુર્વેદના મૂળભૂત સિદ્ધાંતોને વફાદાર રહીને એક્સરે, બ્લડ-યુરીન ટેસ્ટ, બી. પી. માપવાના યંત્ર વ.નો ઉપયોગ કેમ ન કરી શકે? વિપરીત અસરો (Reactions) કર્યા વિના રોગનાં મૂળ કારણોને નિર્મૂળ કરી રોગ મટાડવાની શક્તિ ધરાવતું કોઈ પણ ઔષધ સ્વીકારવાની આયુર્વેદના પ્રાચીન વિદ્વાનોએ હિમાયત કરી છે તે દૃષ્ટિએ આજના કેટલાક અસરકારક ઈલાજ બની શકે તેવાં ઔષધોનો ઉપયોગ વૈદ્યો કરે તેમાં પણ અજુગતું નથી.

ઉચ્ચ બૌદ્ધિક પ્રતિભા ધરાવનાર વિદ્યાર્થીઓ મૉડર્ન મેડિસિન્સના અભ્યાસક્રમો માટે સુલભ છે. તે સ્થિતિ આયુર્વેદ ક્ષેત્રની નથી. આ પ્રતિભાશાળી ડૉક્ટરો ભારતીયતાના વિશિષ્ટ ગૌરવ સાથે આ ભારતીય વિજ્ઞાનતરફ લક્ષ આપે

મને વિચારવું શરૂ કરશે તો વિશ્વને ઉપયોગી થય તેવાં માનવ-સ્વાસ્થ્યને લગતાં સંશોધનો આપી શકશે. આપણા આ બુદ્ધિજીવીઓની દૃષ્ટિ માત્ર પરદેશી સંશોધનો તરફ જ રહી છે અને આપણા વિજ્ઞાન તરફ માનસિક પૂર્વગ્રહ ધરાવે છે તે મોટી રાષ્ટ્રીય કરુણતા છે!

(અમદાવાદ) —હિતેશ ભૂપતાણી

૨

છેલ્લા બે અંકથી 'કુમાર'માં આયુર્વેદિક લખાણ સામેનો વિરોધ વાંચીને આ લખું છું.

પ્રથમ તો આપને વિનંતિ કે ઈવાન ઇલિચના બહુચર્ચિત પુસ્તક 'મેડિકલ નેમેસિસ'નો સાર 'કુમાર'માં પ્રકટ કરવો જોઈએ જેથી ઍલોપથીના ચાહકોની આંખો ઊઘડે.

બીજું કે આપ નવીનભાઈ ઓઝાને ઓછી જગ્યા આપો છો. આયુર્વેદના કોઈ પણ મુદ્દાનું નિરૂપણ કરવા માટે આપવામાં આવે છે તે જગ્યા ખૂબ ઓછી ગણાય.

શરીરની રચના સમજાવવા માટે ને માંદગીનાં મૂળ માટે આપે ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીને 'કુમાર'માં ખૂબ જ અવકાશ આપ્યો, તો ઍલોપથી કૉમ્પ્લીકેશન્સ સર્જવા સુધી આગળ વધી ગઈ છે અને નરવું જીવવા માટે લોકોને આયુર્વેદ તરફ વળવું પડે તેવા સંજોગો ઊભા થાય છે ત્યારે આપ 'કુમાર'માં આયુર્વેદનું લોકભોગ્ય જ્ઞાન અને ઉપાયો મળી રહે તેવી લેખમાળા શરૂ કરાવો એવી તાતી જરૂરિયાત ઊભી થઈ છે. શ્રી મુકુન્દરાય પારાશર્ય પોતે વૈદ્ય છે અને ગઢડાવાળા વૈદ્યરાજના અનુભવોનો વારસો ધરાવે છે. ઉત્તમ વ્યક્તિચિત્રો આપનાર આ લેખક આયુર્વેદ ઉપર પણ એટલી જ સારી રીતે કલમ ચલાવી શકે એવો વિશ્વાસ એમની ઉપર મૂકીને તેમની પાસે લેખો મંગાવો તો 'કુમાર'ના વાચકોને ઉપયોગી થશે.

'કુમાર'ના વાચકોને આયુર્વેદના જે સુખદ અનુભવો હોય તે 'કુમાર'માં પ્રકટ કરવા આમંત્રવા જોઈએ. વળી આરોગ્યના પ્રશ્નો અંગે ઍલોપથિક સારવારની પ્રશ્નોત્તરી ચાલે છે તો તે જ રીતે આયુર્વેદિક ઉપચારો ઇચ્છતા પ્રશ્નકો માટે પણ વિભાગ ચલાવવો જોઈએ.

મને ને મારા પરિવારને આયુર્વેદના ખૂબ જ સુખદ અનુભવો થએલા છે. આપ છાપો કે ન છાપો એમ માની સમય અને શ્રમ બંને વાપરવાનું માંડી વાળું છું, પણ કેટલાક સામાન્ય મુદ્દા આપું છું:

ઍલોપેથીનાં કોઈ પણ વિરેચન આંતરડાં બગાડે છે, જ્યારે હરડેનો કચિત ઉપયોગ આંતરડાં સુધારી તંદુરસ્તી બક્ષે છે.

ઊંઘવાની ગોળીઓ વાપરનારાઓ માટે તો એ ગોળીના ડોઝ વધતા જઈ છેવટે એ પણ નિરુપયોગી થાય છે અને કદીક મરણનું કારણ બને છે. ઊંઘવા માટે અશ્વગંધાનો ક્ષીરપાક નિરાંતભરી નિંદ્રા તો આપે જ છે, સાથેસાથે આરોગ્ય પણ સુધારે છે.

કાકડાનાં ઑપરેશન સૂચવતા ડૉક્ટરોએ કાકડાના આયુર્વેદિક ઉપચારો અપનાવવા જેવા છે.

હઠીલાં દાદર-ખરજવાં ડૉક્ટરો મટાડી શકતા નથી, ત્યારે આયુર્વેદના ઉપચારોથી તે સહેલાઈથી મટાડી શકાતાં હોય છે.

ક્રોનિક સંગ્રહણીમાં નિષ્ણાત ડૉક્ટરો પણ કાયમી રાહત આપી શકતા નથી ત્યારે છાશનો પ્રયોગ રોગને મૂળમાંથી મટાડે છે.

પથરીના રોગમાં ડૉક્ટરો પણ આયુર્વેદિક દવાઓ આપતા થાય છે.

પ્રદરમાં ઍલોપથિક દવાઓ જે પરિણામ નથી આપતી તે પરિણામ ડૉક્ટરો પોતે જ ચરકનું flemiplex વાપરીને મેળવે છે.

આ તો થોડાક નમૂના આપ્યા છે.

'કુમાર' એ કુમારો માટેનું માસિક છે તો કુમારોને નરવું જીવન જીવવા માટે પાયાની સમજ આપવી અને અનારોગ્યભરી અવસ્થામાં તેની આસપાસની વસ્તુઓમાંથી જ નઠારી આડ અસરોનો ભય રાખ્યા વિના ઉપચારો કરવાનું શિક્ષણ આપવું એ પણ 'કુમાર'ની ફરજ છે તે આપ સ્વીકારી શકો તો કુમારો માટે એક સારું કાર્ય થશે.

(આખજ) —પોપટલાલ બારોટ

## મેલેરિયા વિષે

ડિસેમ્બર અંકમાં 'વાચકો લખે છે' કૉલમમાં મેલેરિયા વિષે ઉલ્લેખ કરતાં, ડૉ. લલિત પી. ત્રિવેદીએ, શ્રી નવીનભાઈ ઓઝાના મેલેરિયાના ઉપચાર અંગે ઑગસ્ટમાં લખેલા લખાણનો વિરોધ કર્યો છે. હું વૈદ્ય કે ડૉક્ટર નથી, પણ મને પોતાને મેલેરિયા થએલો અને તેમાંથી જે અનુભવ થએલો, તેની ટૂંકી વિગત વાચકોની જાણ માટે આપવા પ્રેરાઉં છું.

૧૯૪૭માં એક વખત અમે બે મિત્રોએ એક નાનકડી નદીને કાંઠે થોડા આંબા ઉછેરવાનો વિચાર કરી વરસતે વરસાદે પલળતાં પલળતાં છએક કલાક ખાડા ગાળવા, આંબા રોપવા, થોર કાપવા અને ખામણાં ફરતા વાવવા વગેરે કામ કરવા માટે સખત શ્રમ કરેલો. પરિણામે મને ટાઢિયો તાવ લાગુ પડ્યો. ડૉ. લલિતભાઈની માફક હું ટાઢિયો તાવ તો મચ્છર કરડવાથી જ આવે છે એવું દૃઢતાપૂર્વક માનતો હોવાથી ક્વિનાઈનની ટીકડી વગેરે લેવાનું શરૂ કર્યું. તેનાથી ખાસ ફાયદો ન થવાથી, મેં કોઈ નિષ્ણાત ડૉ.ની સારવાર લેવાનું વિચાર્યું અને મહુવા બંદર ગયો. ત્યાં એકાદ મહિનો રહ્યો. ડૉ. સાહેબે ક્વિનાઈનની કૅપ્સ્યૂલ વગેરે તે વખતે કારગત ગણાતી બધી દવાઓ અજમાવી જોઈ, પણ તાવ હઠ્યો નહિ. હું થાક્યો. અને કંટાળીને પાછો ગામડામાં મારે ઘેર ખડસલી આવ્યો. બીજા દિવસે વહેલી સવારે હું અમારી વાડીએ ગયો. વાડીએ સુંદર પાકેલાં સીતાફળ લટકતાં જોયાં. દવા અને પરહેજી પાળીને હું થાક્યો હતો. સીતાફળના ફળને હું રોગનું મૂળ માનતો; પણ પાકેલાં સીતાફળ જોઈ એકાદું ચાખવાની ઈચ્છાને રોકી શક્યો નહિ. એક સીતાફળ ભાંગી મેં ચાખ્યું. સીતાફળમાં અદ્‌ભુત મીઠાશ હતી. એક સીતાફળ મેં ખાધા પછી મેં થોડો વિચાર કરી જોયો. કોઠામાં જે ટાઢક વળી તેનો અનુભવ થતો જોઈ મને બીજું એક સીતાફળ ખાવાનું મન થયું. ને બીજું પૂરું કર્યું. મારું ધ્યાન માત્ર સ્વાદ તરફ ન હતું. આંતરિક પ્રક્રિયાનો મને એવો અનુભવ થયો કે એ પ્રેરણાને કુદરતી આદેશ માની પેટ ભરીને સાત આઠ સીતાફળ ખાધાં. બપોરે જમી પરવારી ઊંઘીને હું ઊઠ્યો. ત્યારે ખૂબ તાજગીનો અનુભવ થયો. તે દિવસથી તાવ ગયો તે ગયો જ. આ પ્રસંગ પરથી મને લાગે છે કે માત્ર મચ્છરો કરડવાથી જ ટાઢિયો તાવ આવે છે, એવી માન્યતા સિવાય પણ ટાઢિયો તાવ આવવાનાં કારણો હોઈ શકે છે.

દરેક તાવ કે રોગ માટે જુદીજુદી જાતના જંતુઓની શરીરમાં થતી વૃદ્ધિ અંગેના આજના ડૉક્ટરી વિદ્યાના વિધાનને આ માન્યતા અવગણતી નથી. એ જંતુઓની વૃદ્ધિ ને એ જંતુઓના નિકાલ માટેના માર્ગોની દૃષ્ટિએ આયુર્વેદ તેમ જ નિસર્ગોપચાર પદ્ધતિ જુદી પડતી હોય છે અને મારી દૃષ્ટિએ એમની માન્યતા પણ ખૂબ અગત્યનું સ્થાન ધરાવે છે. એ વિષે મારા પોતાના જીવનમાં તો આવા ઘણા પ્રસંગો છે.

(ચીખલી) —કેશુભાઈ ભાવસાર

## લઘુકથા 'બાર વર્ષે'

'કુમાર'ના જુલાઈ '૭૫ના અંકમાં શ્રી જયંત મોઢાની લઘુકથા 'બાર વર્ષે' હમણાં વાંચી. ઉર્દૂ લેખક ખ્વાજા અહમદ અબ્બાસની એક જાણીતી વાર્તા 'ડેડ લેટર'નું જ એ થોડા ફેરફાર સાથે લઘુરૂપ લાગે છે. બંને વાર્તાનું વસ્તુ લગ્નજીવન પૂર્વેના પ્રેમીનો પત્ર છે. ડેડ લેટરમાં પત્ર પતિના હાથમાં આવે છે, અહીં પત્નીના પોતાના હાથમાં; પણ બંને વાર્તામાં બરાબર બાર વર્ષે જ પત્ર પાછો મળે છે. ડેડ લેટરમાં સ્ત્રી પાત્રનું નામ 'વિમલા' છે, તો 'બાર વર્ષે'માં માત્ર કાનો કાઢી નાખી પત્નીના પ્રેમીનું નામ 'વિમલ' રાખ્યું છે.

(પાનેલી મોટી) —જનક ત્રિવેદી

(અનુસંધાન પૃષ્ઠ ૧૫૧)

## ન્હાઈ રહી છે / કિશન સોસા

• ગાન •

ફોરમવન્તો મત્ત પવન લહેરાય ચમેલી ન્હાઈ રહી છે,
ત્રણે લૂગડાં પહેરી નમણી નાગરવેલી ન્હાઈ રહી છે.

સૂરજ ઊગ્યા-ના ઓસાણે નેણ ઝૂકેલી ન્હાઈ રહી છે,
બાર બારણાં બત્રીસ બારી બંધ હવેલી ન્હાઈ રહી છે.

ઢીંગલાઢીંગલી, સંતાકૂકડી, ફેરફુદરડી પાંચીકાઓ,
ઝાંઝર, બાજુબંધ, હાંસડી અળગાં મેલી ન્હાઈ રહી છે.

જોબન-બિમ્બતણા ઓળાએ ચારેભીંત્યું ઝલમલ થાતી,
વચ્ચે છલછલ તાંબાકૂંડી ફૂલ ભરેલી ન્હાઈ રહી છે.

મેઘધનુ ચકરાવા લેતું વ્યાકુલ વહેળે બમણે વહેતું,
રહીરહીને આંગણ કહેતુંઃ સ્વપ્ન-સહેલી ન્હાઈ રહી છે.

## અજાણ્યા પ્રદેશમાં-રાત / રામચન્દ્ર પટેલ

• શિખરિણી–સૉનેટ •

ઢળ્યું અંધારું ને પથ પર ઘટાટોપ નભની
પડી એવી છાયા તરુવર બન્યાં રાખ-ઢગલા.
ગયાં પંખી ઊડી સહુ ઘડીકમાં ક્યાંક...ટહુકા
ઝિલાઈ ડૂબ્યા કે રુધિરમહીં આંદોલન રહ્યાં.
ચડી ખાલી ખાલી...સ્વપન સમ શાં ચૂપ તમરાં,
હતી થાકીપાકી ધરતી ઠરી: ના વાયુ ઊડતો...

હું ચાલું...જ્યાં ધૂળે પદ પડી પડી શાંત બનતાં,
અને મારા શ્વાસે જરીક હલી એકાન્ત વનનું
જતું પાછું પોઢી પડખું બદલી–રાત બધિરા
બળે બે આંખોમાં સતત...વળી આ ધુમ્મસ તણી
ભિડાએલી ભીંતો બિચ સમય ઢૂંઢે દશ દિશા–
–ની સાથે પી લેતો મુજ હૃદયની સૃષ્ટિ હળવે...

બધે છાયી એવી જડ હવડ કાળી નીરવતા
વળી એમાંથી ક્યાંક અણઘડ ભેંકાર ખરતો...

## સોનાવરણી / રાજેન્દ્ર શુક્લ

• ગાન •

સોનાવરણી ટેકરીઓ ને વાદળછાયો વાસ,
બેચાર પડે છાંટા ને ત્યાં તો મ્હેંકી ઊઠે શ્વાસ;
સોનાવરણી ટેકરીઓ ને વાદળછાયો વાસ.

આછી અમથી લ્હેરખડીએ ઝૂમે સઘળાં ઝાડ,
એમ અમસ્તાં આનંદોનાં ખુલ્લાં સાવ કમાડ;
આછી અમથી લ્હેરખડીએ ઝૂમે સઘળાં ઝાડ.

આસપાસમાં રહે ઊઘડતો રંગ કસુંબલ તૉર,
એક અજાણ્યું પંખી બોલે નવું નવું નક્કોર;
આસપાસમાં રહે ઊઘડતો રંગ કસુંબલ તૉર.

કનકકુંભથી સમય સ્રવે ને સ્રવે અનવરત શ્રેય,
પરવાળાનાં પાત્ર પ્રકંપિત પરવાળાનું પેય,
કનકકુંભથી સમય સ્રવે ને સ્રવે અનવરત શ્રેય.

## ક્યાં કરી? / મહેશ શાહ

• ગઝલ •

તેં બરફ પાસે નકામી આગની આશા કરી,
ચિત્રના ચ્હેરાની આંખોની પરીક્ષા ક્યાં કરી?

કોઈ વેળા જિંદગીનો અર્થ ધાર્યું થાય છે,
તેં બધે ટપકાની–ચાંદરણાની ઇચ્છા ક્યાં કરી?

હાથની ડાળીનાં પીળાં પાંદડાં ખરતાં ગયાં,
સ્પર્શનાં ફૂલો ફૂટે એવી અપેક્ષા ક્યાં કરી?

શ્વાસ જેવા શ્વાસ પણ વેરી બને છે આપણા,
તેં પવન સાથે વધુપડતી નિકટતા ક્યાં કરી?

કાચની જીભેથી કહેવાનું છે તારે તો મહેશ,
તારા શબ્દો માટે બખ્તરની વ્યવસ્થા ક્યાં કરી?

## જ્યાં ચલું / હસિત બૂચ

• ગાન •

ફૂલ ખર્યાં'તાં ઢગલે ઢગલે;
વાત હવે એ જૂની!
વાટ જઉં એ ભરેલ, તો યે
નરી લાગતી સૂની!

રાત ઝળકતી, બપોરનમણી
અહીં હવે ના ઢૂંકે!
સમય મૂકતો હિમપોતાં; ને
અગન નિરંતર ફૂંકે!

એક ચહેરો તો ય મધુરો
હજી ય મુજમાં ઝૂલે;
હાથ હળુ પસવારે, જાણે
મને ક્યાંક શું ખૂંચે!

થતું ઘણું, કે ફરી ધરા ને
આભ મળી જો કૂજે!
થતુંઃ જુદો કો મારગ મુજને
અગર હવે જો સૂઝે!

રહે હકીકતઃ ફૂલ ખર્યાં'તાં,
વાત થઈ એ જૂની!
હવે વાટ જ્યાં ચલું, બધી એ
થઈ જતી રે, સૂની!

## હાઇકુ

### મીનાક્ષી દોશી

લંબાવે હાથ
ઊડતાં મોજાં; કાંઠો
સ્થિતપ્રજ્ઞ.

# વિવેક

બહાદુરશાહ પંડિત

ગ્રીક તત્ત્વચિંતક સોક્રેટીસ એક વાર એના વિચાર મિત્રો સાથે બગીચામાં બેઠો હતો ત્યાં એક નજૂમી આવી ચડ્યો. સામુદ્રિકશાસ્ત્રના જાણકાર આ નજૂમીએ સોક્રેટીસ સામે જોઇને કહ્યું : 'આ માણસ ભયાનક ક્રોધી છે અને કામવાસના તો એની રગેરગમાં ભરેલી છે. એનામાં ખૂબ વેરવૃત્તિ છે અને એ એટલો બધો દ્વેષી અને ડંખીલો છે કે વીંછી તો એની સરખામણીમાં સારો ગણાય.'

સોક્રેટીસના મિત્રો તો નજૂમીની આ વાત સાંભળી સ્તબ્ધ થઈ ગયા અને એક જણ તો ચિડાઈને બોલ્યો : 'અરે જુઠ્ઠા, તું કોના માટે આ બધું બોલી રહ્યો છે એનું તને ભાન છે? દેશના એક મહાન ચિંતક અને તત્ત્વજ્ઞાનીને તું કામી અને ક્રોધી કહે છે? તારું શાસ્ત્ર અને તું બંને ખોટાં છો?'

સોક્રેટીસે ગુસ્સે થએલા મિત્રોને શાન્ત પાડતાં કહ્યું : 'મિત્રો, આ નજૂમી તદ્દન સાચો છે. એણે કહેલી અને એ ઉપરાંત બીજી પણ ઘણી દુર્વૃત્તિઓ મારામાં છે, પણ એક જ વાત કહેવાની એ ભૂલી ગયો છે. આ બધી દુર્વૃત્તિઓ પર કાબૂ રાખનાર વિવેક મારામાં છે અને એ વિવેકના કારણે જ મારામાં રહેલા બધા દોષો તમને દેખાતા નથી.'

વિવેક માનવજીવનની નૌકાનું સુકાન છે. વિવેકના સુકાન વડે માણસ પોતાના દુર્ગુણોનો પણ સદુપયોગ કરી શકે છે. વિવેક વડે એ જાતીય વૃત્તિને સૌંદર્યસૂઝમાં, ક્રોધના આવેગને શૂરવીરતામાં અને આળસને સ્વસ્થતામાં ઊર્ધ્વીકૃત કરી શકે છે.

વિવેકનો અભાવ જ તમામ અનર્થોનું ઉદ્ભવસ્થાન છે. સારાસારનું ભાન ના હોય એવો માણસ જ દુરાચરણનો ભોગ થઈ પડે છે. હિતોપદેશના એક સુભાષિતમાં કહ્યું છે કે

યૌવનં ધનસમ્પત્તિ પ્રભુત્વમ્ અવિવેકિતા,
એકૈકમપિ અનર્થાય કિમુ યત્ર ચતુષ્ટયમ્॥

યુવાની, ધન, સત્તા અને અવિવેક એ ચારેમાંથી એક હોય તોપણ અનર્થ થાય છે, તો એ ચારે જ્યાં એકઠાં થાય ત્યાં તો ભારે મોટો અનર્થ થાય એ સ્વાભાવિક છે!'

આ શ્લોક જ એક દોહરામાં જરા વધારે સૂચક રીતે રજૂ થયો છે.

ધન, યૌવન, ને ઠાકુરી, એ ઉપર અવિવેક,
એ ચારે ભેગાં થયે અનરથ કરે અનેક.

ધન, યુવાની અને સત્તા ઉપર જો વિવેકનો કાબૂ હોય તો અનર્થ થવાનો સંભવ બહુ ઓછો રહે છે. વિવેકની લગામ ગમે તેવા સંજોગો પર કાબૂ રાખવાની શક્તિ પૂરી પાડે છે. વિવેક માનવીને અનર્થના માર્ગથી પાછો વળવાની પ્રેરણા આપી શકે છે.

કવિ કલ્પના મુજબ હંસમાં ક્ષીર નીર વિવેક કરવાની શક્તિ હોય છે. દૂધ પાણી એકઠાં હોય તો હંસ દૂધ પી જાય છે અને પાણી રહેવા દે છે. આ કલ્પનામાં એક સરસ ધ્વનિ રહેલો છે. હંસ મનુષ્ય આત્માનું પ્રતીક છે. (દા. ત. મારો હંસલો નાનો ને દેવળ જૂનું રે થયું. -મીરાંબાઈ) આત્મામાં વિવેકવૃત્તિ રહેલી છે, એથી તો ગાંધીજી વારંવાર આત્મ-સાક્ષાત્કારનો આશ્રય લેવાનો આગ્રહ રાખતા હતા.

સ્વ. લાલબહાદુર શાસ્ત્રી વડા પ્રધાન થયા એ પહેલાં કેન્દ્રમાં રેલવે પ્રધાન હતા. એમની પ્રધાનપદાની મુદત દરમ્યાન રેલવેમાં એક ગંભીર અકસ્માત થયો. અકસ્માતના બીજા જ દિવસે એમણે પોતાના હોદ્દાનું રાજીનામું મોકલી આપ્યું. કેટલો મોટો વિવેક! અકસ્માતની પોતાની સીધી કશી જવાબદારી નહોતી, પણ પોતે એ ખાતાના પ્રધાન હતા, એથી એ અકસ્માત પોતાના જ વહીવટની નબળાઈ ગણાય એ સ્વીકારી લેવામાં સૂક્ષ્મવિવેકબુદ્ધિ રહેલી છે.

વિવેક કરવામાં હમેશાં સૂક્ષ્મ ઔચિત્યબુદ્ધિની અપેક્ષા રહે છે. બે કાર્યો વચ્ચે જ્યારે પસંદગી કરવાની આવે ત્યારે ઔચિત્યબુદ્ધિથી એકનો સ્વીકાર અને બીજાનો ત્યાગ કરવાનો હોય છે. એવે વખતે ગમે તેવી લાલચને પણ જતી કરવી એ મહત્તાનું લક્ષણ છે.

ઉત્તર ભારતના એક દેશી રાજ્યમાં 'શંકર' ઉપનામથી કાવ્યો લખતા નાથુરામ નામના એક કવિ થઈ ગયા. એ દેશી રાજ્યોના રાજા કવિની કીર્તિથી આકર્ષાયા હતા. એથી પોતાના પ્રધાન મારફત દશ હજાર રૂપિયાનો ચેક મોકલાવી રાજાએ કહેવડાવ્યું કે 'તમારો કાવ્યસંગ્રહ મને અર્પણ કરો તો આ રૂપિયા તમને ભેટ મળશે.'

નાથુરામ કવિની આર્થિક સ્થિતિ સારી નહોતી. એથી એમના મિત્રોએ તો આ ચેક સ્વીકારી લેવા આગ્રહ કર્યો, પણ નાથુરામે કહ્યું : 'મહારાજાની મહેરબાની બદલ હું એમનો આભારી છું, પણ મારાં કાવ્યો તો હું મારા વિદ્વાન મિત્ર પંડિત પદ્મસિંહને જ અર્પણ કરવા ઇચ્છું છું કારણ કે તેઓ જ મારાં કાવ્યોનો મર્મ બરાબર સમજી શકે છે.'

વિવેક હમેશાં માર્ગદર્શકનું કાર્ય કરે છે. એ હમેશાં માણસને એની ફરજનું ભાન કરાવતો રહે છે. એક રીતે વિવેક એ લક્ષ્મણરેખા છે. કાંચન મૃગને મારવા ગએલા રામની સહાયે જતાં પહેલાં લક્ષ્મણે સીતાને એક રેખા દોરી આપી એની બહાર પગ ન મૂકવા વિનંતી કરી હતી. લક્ષ્મણે દોરી આપેલી એ રેખાની બહાર પગ મૂકતાં જ સીતાનું રાવણના હાથે અપહરણ થયું અને રામ-રાવણનું મહાયુદ્ધ સર્જાયું. એ લક્ષ્મણરેખા જ વિવેક છે. વિવેક ચૂકી જનારનો હમેશાં વિનિપાત થાય છે. શાસ્ત્ર કહે જ છે કે 'વિવેક ભ્રષ્ટાનાં ભવતિ વિનિપાત શતમુખ:'. વિવેકમાંથી ભ્રષ્ટ થનારનો સો રીતે વિનિપાત થાય છે.

પુરાણોમાં વિવેકભ્રષ્ટ થનારના પતનનાં અનેક દૃષ્ટાંતો મળી આવે છે. યુધિષ્ઠિર જેવો સત્યવાદી ને ધાર્મિક રાજવી દ્યૂત રમવા તૈયાર થાય, નળ જેવો પુણ્યશ્લોક નૃપ ભાઈની સાથે જુગટું રમે, વિશ્વામિત્ર જેવા તપસ્વી મેનકામાં મોહાંધ બને એ બધાં વિવેકભ્રષ્ટ થયાનાં ઉદાહરણો છે. આ પૌરાણિક દૃષ્ટાંતો આપણને વિવેકનું જીવનમાં કેટલું મોટું સ્થાન છે એ બતાવે છે.

આપણે જે યુગમાં જીવી રહ્યા છીએ એમાં તો વિવેકનું મહત્ત્વ અદકેરું વધી ગયું છે. આપણે લોકશાહીમાં જીવીએ છીએ એથી એક વ્યક્તિની વિવેકબુદ્ધિ પર માત્ર એના વ્યક્તિગત સુખદુ:ખનો નહિ પણ સમસ્ત રાષ્ટ્રના સુખદુ:ખનો આધાર રહે છે. ચૂંટણીમાં મતદાર જો મત આપતાં વિવેક ચૂકે તો એ કુશાસન માટે જવાબદાર બને છે. આમ આ યુગની અપેક્ષા તો પ્રત્યેક વ્યક્તિને વિવેકશીલ બનાવવાની છે.

પણ વિવેકનું વાવેતર કેવી રીતે થાય? મનુષ્યની હૃદયધરામાં વિવેકનું બીજ કેવી રીતે રોપી શકાય? સૌથી સરળ માર્ગ છે આત્માના સંસ્કારો જાગ્રત કરવાનો. વ્યક્તિમાત્રની ભીતરમાં પડેલો અંતરાત્મા જાગ્રત રહે તો વિવેક માટે શાળા-મહાશાળામાં પાઠ્યપુસ્તકો શીખવવાની જરૂર રહેતી નથી. અંતરાત્માને જાગ્રત રાખવા ધર્મનું—સાચા ધર્મનું શિક્ષણ આપવું જરૂરી છે.


ગુજરાતની જૂની રંગભૂમિના એક વિખ્યાત અદાકાર માટે વિવેકબુદ્ધિની એક અદ્ભુત વાત પ્રચલિત છે. એક વાર એ માલવપતિ મુંજ બન્યા હતા ને કોઈ દેશી રાજવી નાટક જોવા આવ્યા હતા. મુંજના અભિનયથી રાજવી એટલા ખુશ થઈ ગયા કે પોતાના ગળામાંનો કિંમતી હાર કાઢી ચાલુ નાટકે અભિનેતાને મોકલી આપ્યો. માલવપતિ મુંજ બનેલા અભિનેતાએ એ હાર પાછો મોકલાવી કહ્યું 'મહારાજ, હું માલવપતિ મુંજ છું. અત્યારે મારાથી આપનો હાર નહિ સ્વીકારાય.' પોતે હાર સ્વીકારે તો માલવપતિ મુંજની ઇતિહાસ પ્રસિદ્ધ મહત્તાને હાનિ પહોંચે એ સૂક્ષ્મ સમજમાં કેટલો બધો વિવેક સમાએલો છે! □

જીવનમાં આવી પડેલી અંધત્વ જેવી આપત્તિનો મુકાબલો કરી, તેનો જ ઉપયોગ કરી લઇને ગુજરાતમાં એક અનોખી કલ્યાણ-પ્રવૃત્તિ આરંભ કરનાર—અપાહિજ જનસેવાના ભેખધારી

# ડૉક્ટર નીલકંઠરાય છત્રપતિ

લેખક
અશોક ઠાકોર





ડૉ. નીલકંઠરાય છત્રપતિ
અને દૃષ્ટિ ગુમાવ્યા પછી વડીલોપાર્જિત મિલકત અંગે ભાઇઓ સાથે ઈ. ૧૯૦૦માં કરેલા એક દસ્તાવેજમાંના એમના હસ્તાક્ષર.

'કોઈ લેખક ગુજરાતીમાં સદ્વર્તન, કર્તવ્ય, સ્વાશ્રય વગેરે જેવાં ગુણદર્શક પુસ્તકો લખવા પ્રેરાય તો તેને ડૉ. નીલકંઠરાયના જીવનમાંથી ઘણી ઉપયોગી સામગ્રી મળી આવે અને એમનું જીવન એ પુસ્તકનું એક કિમતી પ્રકરણ થઈ પડે. આવા પુસ્તકની ખાસ જરૂર છે. ભાવિ ગુજરાતને એમનું જીવન આદર્શમય અને અનુકરણીય થઈ પડશે.'

જેમના નિધન પછી મળેલી શોકસભામાં 'ગુજરાત સાહિત્ય સભા'એ આ શબ્દો વાપરેલા એ ડૉક્ટર નીલકંઠરાય ડાહ્યાભાઈ છત્રપતિનું નામ ગુજરાતની આજની પેઢીને તો ક્યાંથી જાણીતું હોય? પણ એક કાળે એમની વિધવિધ સેવાઓથી ગુજરાત અને મુંબાઈનો જનસમાજ અનેક રીતે ઉપકૃત હતો. ઈ. ૧૮૫૪માં વડોદરામાં એમનો જન્મ થએલો. મૂળ તો અમદાવાદના બ્રહ્મક્ષત્રિય, પણ પિતા ડાહ્યાભાઈ હરિનાથ ત્યારે ગાયકવાડી રાજ્યમાં નોકરી કરતા હોઈ વડોદરામાં રહેતા હતા. એમના વડવાઓએ પણ એ જ રાજ્યમાં ઊંચી પાયરી પર નોકરી કરેલી અને એની કદર રૂપે ગાયકવાડે એમને છત્રનું બહુમાન આપેલું, એટલે ત્યારથી આ કુટુંબ 'છત્રપતિ' તરીકે ઓળખાતું.

વડોદરામાં પ્રાથમિક શિક્ષણ પૂરું કરી નીલકંઠરાય વધુ અભ્યાસ માટે અમદાવાદમાં મામા લલ્લુભાઈ મજમુદારને ત્યાં રહેલા. મામા પણ પૈસેટકે સુખી હતા અને સરકાર તરફથી મજમુદારીનું વેતન પણ મળતું હતું, પરંતુ તેઓ અત્યંત સિદ્ધાંતવાદી અને ઉચ્ચ જીવનમૂલ્યોમાં માનનાર હોઈ બહુ સાદાઈ અને કરકસરથી રહેતા. અહીં રહીને નીલકંઠરાયે અમદાવાદની આઈ. પી. મિશન હાઈસ્કૂલમાં ભણીને મુંબાઈ યુનિવર્સિટીની મૅટ્રિક્યુલેશનની પરીક્ષા સારા માર્કે પસાર કરી હતી. અભ્યાસની સાથોસાથ મોસાળમાં એમને સાદાઈ, પરિશ્રમ અને ખંતથી કામ કરવાના ગુણ કેળવવાની પણ ઉમદા તાલીમ મળી હતી.

એ સમયમાં ઉચ્ચ કક્ષામાં મૅટ્રિક્યુલેટ થનાર ઊંચી કોમના વિદ્યાર્થીઓને બ્રિટિશ તંત્રમાં સરળતાથી સરકારી નોકરી મળી જતી, એટલું જ નહિ, એ નોકરી દરમિયાન તાલીમ લઈને એવા વિદ્યાર્થીઓને મામલતદાર કે ડેપ્યુટી કલેક્ટર સુધીના પદે બઢતી પામવાની પણ સારી તકો મળતી. નીલકંઠરાયના ઘણા સંબંધીઓ મહેસૂલ ખાતામાંથી આવી રીતે ઊંચા પદ પર પહોંચેલા. નીલકંઠરાયને પણ તેઓએ આ માર્ગે જવા સલાહ આપી. પણ નીલકંઠરાયની પ્રકૃતિ જુદી જ હતી. એમની મહેચ્છા તો દાક્તર બનવાની હતી, એટલે તેઓ એ સમયની ઈલાકાભરની એકમાત્ર તબીબી શિક્ષણ સંસ્થા મુંબાઈની ગ્રાંટ મૅડિકલ કૉલેજમાં દાખલ થવા માટેની પરીક્ષા આપીને એમાં જોડાયા, જ્યાંથી ૧૮૮૦માં, હાલની એમ.બી.બી.એસ.ની સમકક્ષ એવી એની 'લાઇસેન્સીએટ ઈન મૅડિસીન અન્ડ સર્જરી—એલ. એમ. ઍન્ડ એસ.ની ઉપાધિ મેળવીને અમદાવાદમાં પોતાનું દવાખાનું ખોલ્યું અને થોડા જ સમયમાં એક અચ્છા તબીબ તરીકે ખ્યાત થઈ ગયા.

એ અરસામાં અમદાવાદના મિલ ઉદ્યોગના પિતામહ સમા રણછોડલાલ છોટાલાલની સ્મૃતિમાં એમનાં કુટુંબીજનો એક ધર્માદા દવાખાનું સ્થાપવાનું વિચારી રહ્યા હતા. એ દવાખાનાના સંચાલન માટે તેઓ કોઈ યુવાન, તેજસ્વી ને સેવાભાવી દાક્તરની શોધમાં હતા. પોતાના જ વિસ્તારના ડૉ. નીલકંઠરાય એમને એ માટે બધી રીતે અનુકૂળ લાગ્યા. પોતાની સ્વતંત્ર પ્રૅક્ટીસ છોડીને આ દવાખાનું સંભાળવા તેઓએ એમને સમજાવ્યા, અને મૂળ તો માનવસેવાની ભાવનાથી જ તબીબીનું ક્ષેત્ર પસંદ કરનાર નીલકંઠરાયે પણ નિશ્ચિત આવક સાથે લોકસેવાની બહોળી તક મળતી હોઈ એ પ્રસ્તાવ સ્વીકારી લીધો.

સખત પરિશ્રમ, મળતાવડો સ્વભાવ અને રોગનું સંપૂર્ણ નિદાન કર્યા પછી જ એનો સીધો ઈલાજ કરવાની એમની ખાસિયતને કારણે એ દવાખાનું થોડા જ સમયમાં એટલું તો લોકપ્રિય બની ગયું કે દાતાઓને એને સંપૂર્ણ હૉસ્પિટલમાં વિસ્તારવાનો ઉત્સાહ જાગ્યો. આમ, ડૉ. નીલકંઠરાયના લીધે એ દવાખાનું એક અચ્છી સાર્વજનિક ઑસ્પિ-



ડૉ. નીલકંઠરાય. એમના સમયમાં દેશમાં પ્રચલિત બધી બ્રેઈલ લિપિઓમાં એમણે પ્રયોજેલી લિપિ સૈદ્ધાંતિક રીતે વધુમાં વધુ કાર્યક્ષમ હતી.

ટલના રૂપમાં વિકાસ પામ્યું. એ 'સ્વ. રણછોડલાલ છોટાલાલ ઑસ્પિટલ'ની ખ્યાતિ એ સમયના અમદાવાદના સિવિલ સર્જન ડૉ. જૉહાન રૅાબ સુધી પહોંચી. એમણે ડૉ. નીલકંઠરાયનો સંપર્ક સાધ્યો અને એમના કાર્યથી પ્રભાવિત થઈ એમને સમગ્ર શહેરની જનતાની સેવા કરવા સાથે પોતાના તબીબી જ્ઞાનમાં વૃદ્ધિ કરવાની બહોળી તક તરીકે સિવિલ ઑસ્પિટલમાં તબીબ તરીકે તથા તેની સાથે સંકળાએલી 'બી. જે. મેડિકલ સ્કૂલ'ના અધ્યાપક તરીકે જોડાવાનો પ્રસ્તાવ મૂક્યો.

પોતે જ વિકસાવેલી અને ઘરઆંગણાની ઑસ્પિટલ છોડીને એ પ્રસ્તાવ સ્વીકારવા પ્રથમ તો ડૉ. નીલકંઠરાયનું મન માન્યું નહિ. પણ અનેક મિત્રો-શુભેચ્છકો સાથેની વિચારણા બાદ એ સૌની સલાહથી તથા વધુ લોકો અને તબીબી વિદ્યાના વિદ્યાર્થીઓને પણ પોતાના જ્ઞાન-અનુભવનો લાભ આપી શકવા સાથે પોતાને પણ તબીબી ક્ષેત્રનો વિશેષ અનુભવ મળી શકે તેમ હોઈ અંતે એમણે એ પ્રસ્તાવ સ્વીકારી લીધો અને ર. છો. ઑસ્પિટલ છોડી ૧૮૮૩માં એમણે સિવિલ ઑસ્પિટલમાં સહાયક સર્જન, બી. જે. મેડિકલ સ્કૂલમાં શરીરશાસ્ત્ર અને દેહધર્મવિદ્યા—ઍનેટૉમી ઍન્ડ ફીઝિયોલૉજી—ના પ્રાધ્યાપક તથા એ તબીબી શાળાના છાત્રાલયના ગૃહપતિ તરીકેની ત્રેવડી જવાબદારી સંભાળી લીધી. પ્રાધ્યાપક તરીકે વિદ્યાર્થીઓને તબીબી જ્ઞાન આપવા સાથે ડૉ. નીલકંઠરાયે ગૃહપતિ તરીકે એ વિદ્યાર્થીઓના ચારિત્ર્યઘડતરમાં પણ એવો જ રસ લેવા માંડયો. બીજી બાજુ સિવિલ ઑસ્પિટલના કામમાં પણ પોતાનો તબીબી અભ્યાસ વધારવાની એક પણ તક તેઓ જતી કરતા નહિ. વળી, એ વિષયનાં સામયિકો, નવાં પુસ્તકો વગેરેના વાચન દ્વારા પણ તે અદ્યતન વિકાસથી જ્ઞાત રહેતા. તે પોતે પણ તબીબી વિષય પર અને સામાન્ય આરોગ્ય વિષયક અવારનવાર લેખો લખતા. ઇંગ્લૅન્ડના વિખ્યાત તબીબી સામયિક 'લૅન્સેટ'માં પણ એમના લેખો પ્રકટ થતા.

ઑસ્પિટલમાં તેઓ પોતાની પાસે આવતા પ્રત્યેક કેસનું ચીવટપૂર્વક અને આગવું નિદાન કરતા, અને એ નિદાનના આધારે જ દર્દીના ઉપચાર કે ઑપરેશન કરવાનો આગ્રહ રાખતા. આથી ક્યારેક સિવિલ સર્જન અને એમની વચ્ચે પ્રામાણિક મતભેદ પણ ઊભો થતો, પરંતુ પોતાના ગોરા ઉપરી અધિકારીને ખુશ રાખવા એમણે પોતાનું મંતવ્ય કદી બદલ્યું નહોતું. એક વખત કોઈ દર્દીના ઑપરેશન અંગે આવું જ બનેલું. ડૉ. નીલકંઠરાયે એનું ઑપરેશન પોતાની રીતે જ કરવા આગ્રહ રાખેલો. એથી કચવાઈને એમના ઉપરી ડૉ. ફ્રુવિક, જો એ ઑપરેશન કરતાં દર્દીને કંઈ થાય તો એ અંગેની સઘળી જવાબદારી ડૉ. નીલકંઠરાયની જ રહેશે એમ કહીને તેઓ એમાંથી ખસી ગએલા. ડૉ. નીલકંઠરાયે આ આહ્વાન ઉપાડી લીધું અને પોતાના નિદાનને અનુસરીને સફળ ઑપરેશન કરી બતાવીને ખુદ એ જ ડૉ. ફ્રુવિકની શાબાસી મેળવેલી.

એમની આ કામગીરી અને અધ્યાપન વગેરે પાછળ એમને બહુ જ વ્યસ્ત રહેવું પડતું, છતાં તેઓ શહેરની જાહેર પ્રવૃત્તિઓમાં પણ સક્રિય રસ લેતા. એ સમયે ગુજરાત વર્નાક્યુલર સોસાએટી (આજની ગુજરાત વિદ્યાસભા)ની દરેક પ્રવૃત્તિમાં તેઓ આગળપડતો ભાગ લેતા. એ સંસ્થાની કારોબારી સમિતિમાં પણ તેઓ ચૂંટાયા હતા.

ઈ. ૧૮૮૩માં એમણે સ્વ. ડૉ. માધવલાલ મહેતાની સાથે 'સ્ત્રીમિત્ર' નામનો સ્ત્રી-આરોગ્યવિષયક એક ગ્રંથ લખેલો. ગુજરાત વર્નાક્યુલર સોસાએટીએ એ પ્રકટ કરેલો અને એની ત્રણ આવૃત્તિઓ થએલી. બીજે વર્ષે 'આરોગ્યનાં તત્ત્વો' નામની એક પુસ્તિકા પણ લખી. આ ઉપરાંત અંગ્રેજી ન જાણનાર લોકો માટે એમણે બીજાં પણ કેટલાંક પુસ્તક પુસ્તિકાઓ લખેલાં. એમાં 'દારૂ' નામક એક પ્રકાશન તો દારૂનિષેધ અંગેનું ગુજરાતી ભાષાનું કદાચ સૌ પ્રથમ પ્રકાશન હતું ઈ. ૧૮૯૨માં એ પ્રકટ થએલું અને એની બે આવૃત્તિઓ થએલી.

ગાંધીયુગના પ્રસ્થાન પહેલાંથી તેઓ દારૂનિષેધના અત્યંત આગ્રહી હતા. પોતાના નિવાસસ્થાનના ઝરૂખામાંથી એમણે અનેક વાર આસપાસની વસતિમાં દારૂ પાછળ પોતાની સઘળી કમાઈ ફૂલ કરતા પુરુષો અને એને પરિણામે દિવસરાત પારકાં કામ કરીને ઘર નભાવતી એમની સ્ત્રીઓની બેહાલ સ્થિતિ નજરોનજર જોઈ હતી. દારૂની એ બદીથી તેઓ મનોમન અત્યંત દુઃખ પામતા. પોતાના એક તબીબ મિત્ર ડૉ. જૉસેફ બેન્જામિન સાથે મળીને એમણે ટેમ્પરન્સ સોસાએટી (મદ્યનિષેધ મંડળ) પણ સ્થાપેલું, ને તેના દ્વારા દારૂથી થતી બરબાદીનો લોકોને ખ્યાલ આપીને દારૂનિષેધનો તેઓ પ્રચાર કરતા. ગુજરાત વર્નાક્યુલર સોસાએટીમાં એમણે દારૂનિષેધ અંગે એક નિબંધ પણ વાંચેલો, જે ખૂબ વખણાયો હતો અને સોસાએટીએ એમને એ માટે પારિતોષિક પણ આપેલું અને એ પ્રકટ કરેલો. 'વ્યસની વકીલ' અને 'ગોલારાણા' નામક એમણે બે પત્રિકાઓ પણ છપાવેલી જેમાં પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરીને દારૂની લતે ચડી પાયમાલ થતા એક વકીલની તથા ગોલા કોમના દારૂડિયા લોકોની બેહાલીની કરુણ કથાઓ વણી લીધી હતી. આગળ જતાં જ્યારે એમને મુંબાઈમાં રહેવાનું થયું ત્યારે ત્યાં પણ મુંબાઈના પ્રથમ કૉંગ્રેસ પ્રધાનમંડળના આરોગ્ય અને દારૂબંધી ખાતાના પ્રધાન ડૉ. ગિલ્ડરના પિતા સાથે એમણે ત્યાંની ટેમ્પરન્સ સોસાએટીમાં ઉલટપૂર્વક સક્રિય રસ લીધો હતો.

વળી, રોજિંદા વપરાશના કેટલાક પદાર્થો વિષે વૈજ્ઞાનિક માહિતી આપતું 'સાધારણ પદાર્થોનું રસાયણ' (૧૮૯૭), 'હિંદુસ્તાનના ગામડાની આરોગ્યતા' (૧૮૯૭), 'ઘરમાં વપરાતી ચીજોનું રસાયણ' (૧૮૯૯), 'અકસ્માત વખતે મદદ અને ઈલાજ' (૧૯૦૦), 'નવરાશના વખતમાં ગમ્મત અને જ્ઞાન' (૧૯૦૧), 'માંદાની માવજત' (૧૯૦૫) અને 'લોકોપયોગી

શરીરવિદ્યા' (૧૯૦૮) જેવાં બીજાં પણ પુસ્તકો લખેલાં જે એ સમયમાં ઘણો સારો આદર પામ્યાં હતાં અને એની એક કરતાં વધુ આવૃત્તિઓ થઈ હતી. ગુજરાત વર્નાક્યુલર સોસા.એ એ અંગેની નોંધ લેતાં લખેલું કે 'લેખકની આ વિષયોને ચર્ચવાની અને સમજાવવાની કુનેહ અને આવડત આપણને આશ્ચર્ય પમાડે છે.' સ્ત્રી-કેળવણી અને શિક્ષકોની ઉન્નતિના પ્રશ્નોમાં પણ એમણે ઊંડો રસ દાખવેલો. ગુજ. વર્ના. સોસા.માં એમણે સ્ત્રીઓ તથા શિક્ષકો માટે આજીવન સભ્યપદના ૫૧ રૂપિયાના બદલે ૨૫ રૂપિયા લેવાની દરખાસ્ત પણ મૂકી હતી. અમદાવાદની પ્રસિદ્ધ 'ગુજરાત ક્લબ'ની સ્થાપના થઈ ત્યારથી તેઓ તેના સભ્ય બન્યા હતા. રમતગમતોમાં પણ એમને રસ હતો. તેઓ દરરોજ સાંજે નિયમિત ટેનિસ રમતા. અને એમાં એમણે પ્રવીણતા પણ મેળવી હતી.

આવી જ રીતે ઈ. ૧૮૯૧માં એક સાંજે ટેનિસ રમતાં એમને પોતાની આંખોમાં કંઈક દોષ જણાયો. એમને લાગ્યું કે આંખમાં કોઈ રોગ પેઠો છે. નિષ્ણાતો પાસે એમણે આંખની તપાસ કરાવડાવી. મુંબઈમાં પણ નેત્રનિષ્ણાતોને આંખ બતાવી જોઈ. પણ કોઈ તબીબ એમની આંખમાં કંઈ રોગ પારખ્યો નહિ. સૌએ એમને 'બેતાળા'નાં ચશ્માં પહેરવાની સલાહ આપી. પણ ડૉ. નીલકંઠરાયને એ નિદાન બરાબર લાગ્યું નહિ. સ્વાભાવિક રીતે જ એમની નિયમિત ચાલતી લેખનપ્રવૃત્તિ એથી મંદ પડી ગઈ. લંડન મોકલવા ધારેલો એક લેખ પણ તેઓ તૈયાર કરી શક્યા નહિ. ત્યાંથી 'લૅન્સેટ'ના તંત્રીનો એ માટે યાદી-પત્ર આવ્યો અને ઉત્તરમાં એમણે પોતાની આંખની તકલીફ વિગતવાર લખીને પોતાની લખવા અંગેની મુશ્કેલી જણાવી, એટલું જ નહિ, પણ કદાચ પોતાની આંખની જોવાની શક્તિનું કાર્ય કરતા જ્ઞાનતંતુઓનો રોગ 'ઍટ્રોફી ઑવ ઑપ્ટિક નર્વ' લાગુ પડયો હોવાની પોતાની શંકા વ્યક્ત કરી.

'લૅન્સેટ'ના તંત્રીએ એમણે વર્ણવેલી તકલીફોની વિગતો લંડનના નેત્રનિષ્ણાતોને જણાવીને એ અંગે એમનો અભિપ્રાય પૂછી જોયો ત્યારે ડૉ. નીલકંઠરાયની શંકાને તેઓએ ટેકો આપ્યો. આ રોગમાં વ્યક્તિની દૃષ્ટિ ક્રમબદ્ધ રીતે ઘટતી જઈને કાયમી અંધાપો આવે છે. જેનું ખરું નિદાન અહીંના કોઈ દાક્તર કરી નહોતા શક્યા એ રોગ અંગેનો પોતાનો ખયાલ લંડનના નેત્રચિકિત્સકોએ સાચો ઠેરવતાં ડૉ. નીલકંઠરાયે એ અંગે પ્રતિકાર ઉપચારો અજમાવવા માંડયા, પણ છતાં ય ૧૮૯૨માં એમને અંધાપો આવી રહ્યાનાં ચિહ્નો સ્પષ્ટપણે વરતાવા લાગ્યાં. આથી એમણે નોકરીમાંથી લાંબી રજાની માગણી મૂકી. સિવિલ સર્જન ડૉ. ફ્રવિકની અધ્યક્ષતામાં દાક્તરોની એક સમિતિએ એમને ચીવટપૂર્વક તપાસ્યા ને પછી ચઢતા પગારે એમને એક વર્ષની લાંબી રજા આપવામાં આવી.

પણ એમનો નેત્રરોગ હવે ઝડપથી વધવા લાગ્યો, એટલે એમણે પોતાની રજા પૂરી થતાં પહેલાં જ નોકરીમાંથી રાજીનામું આપ્યું. જો ઇચ્છત તો તેઓ ઘેર બેઠાં એક વર્ષ સુધી પૂરો પગાર મેળવી શકે તેમ હતા, પણ એ એમના સિદ્ધાંતવાદી આત્માને જચે તેમ નહોતું. સરકારે રાજીનામું સ્વીકાર્યું ને એમને માસિક માત્ર રૂપિયા સત્યાવીસનું પેન્શન બાંધી આપી મુક્ત કર્યા.

પ્રભાવક કામગીરીને કારણે જેમને સિવિલ હૉસ્પિટલમાં સહાયક સર્જન બનાવાયા હતા ને મેડિકલ સ્કૂલમાં અધ્યાપન સોંપાયું હતું, જેમનું રોગનિદાન સચોટ ગણાતું હતું, જોખમભર્યાં ઑપરેશનમાં જેમને આગવી સૂઝ હતી, જેમની પ્રામાણિકતા ને પરિશ્રમ તથા જેમનાં જ્ઞાન અને આવડત અંગે કશું કહેવાપણું નહોતું એવા એ શહેરના એક સુખ્યાત દાક્તરની સરકારે આ જે કદર કરી એથી ડૉ. નીલકંઠરાયને દુઃખ થયું. સંતાનોની કેળવણી ને લગ્નો વગેરે જેવી જવાબદારીઓ તો હજી એમને અદા કરવાની બાકી હતી. એવે વખતે આવકમાં આવો મોટો ઘટાડો થઈ જતાં કુટુંબના ભાવિની ચિંતા એમને કોરી ખાવા લાગી. એમના વાળ પણ ધોળા થઈ ગયા. પણ આ આપત્તિ પાછળ કુદરતનો કોઈ શુભ સંકેત હશે એમ મન મનાવી તેઓ અંધાપા સામે ઝઝૂમવા માટે કટિબદ્ધ થયા. અંધજનો માટે ઉપયોગી જે કંઈ પ્રકટ થયું હોય તે સાહિત્ય એમણે પુસ્તક વિક્રેતાઓને લખીલખીને એકઠું કરવા માંડયું. જો કે દેશમાંથી તો એમને ખાસ કંઈ ઉપયોગી સામગ્રી મળી નહિ, પણ એક સમયના સિવિલ હૉસ્પિટલના સાથી અને અમદાવાદના એક વિખ્યાત પારસી કુટુંબના ડૉ. નાણાવટીએ અહીંના ભૂતપૂર્વ સિવિલસર્જન ડૉ. જૉન રિબનો ઇંગ્લૅન્ડમાં સંપર્ક સાધી ડૉ. નીલકંઠરાયની આપત્તિ જણાવીને ત્યાંથી શક્ય તે સાહિત્ય માટે માગણી કરી.

આ ડૉ. રિબ પણ અગાઉ સ્વ. ર. છો. ડિસ્પેન્સરીમાં હતા. ડૉ. નીલકંઠરાય જ એમને સિવિલ હૉસ્પિટલમાં ખેંચી ગયેલા. ડૉ. રિબે અંધજનો માટે ત્યાં છપાયેલું ઘણું સાહિત્ય મોકલ્યું ને ઇંગ્લૅન્ડમાં અંધજનો માટેની રાષ્ટ્રીય સંસ્થા 'રૉયલ ઇન્સ્ટિટ્યૂટ ફૉર બ્લાઈન્ડ્સ'નો સંપર્ક પણ કરાવી આપ્યો. આ સંસ્થાએ પણ ડૉ. નીલકંઠરાયને ઉપયોગી થઈ શકે એવું ઘણું સાહિત્ય તથા બ્રેઈલ લિપિમાં છપાએલાં પુસ્તકો મોકલ્યાં.

આંખ ગુમાવતાં લાચારીમાં સબડવાને બદલે અંધજનો પણ ગૌરવપૂર્વક જીવી શકે એવું કંઈ કરવાની નીલકંઠરાયની મનેચ્છા હતી. પરદેશમાંથી મળેલા સહકાર અને સામગ્રીથી એમનામાં નવી આશા પ્રકટી. પોતાના દેશવાસી અંધજનો માટે કંઈક નક્કર પ્રવૃત્તિ હાથ ધરવા એમણે કમર કસી. અંગ્રેજી બ્રેઈલ લિપિનો ઊંડો અભ્યાસ કરીને એમણે ગુજરાતી ભાષા માટે બ્રેઈલ લિપિ રચવાનો નિરધાર કર્યો. આ માટે એમણે અમદાવાદની પ્રેમચંદ રાયચંદ ટ્રેઇનિંગ કૉલેજના આચાર્ય રા. સા. માધવલાલ હરિલાલ, જે. એલ. હાઈસ્કૂલના આચાર્ય અને પોતાના નાના ભાઈ હરિપ્રસાદ છત્રપતિ તથા નડિયાદ હાઈસ્કૂલના આચાર્ય અને પોતાના મિત્ર દત્તાત્રેય ગુપ્તે સાથે ચર્ચા-વિચારણા કરીને ગુજરાતી બ્રેઈલ લિપિ માટે કેટલાક સિદ્ધાંતો નક્કી કર્યા, અને પછી નાગરી લિપિ પર આધારિત દેશની દરેક પ્રાંતીય ભાષા માટે ઉપયોગી બની શકે એવી, ઉચ્ચાર-આધારિત સંજ્ઞાક્ષરોવાળી જે લિપિ તૈયાર કરી તે 'ડૉ. નીલકંઠરાય બ્રેઈલ લિપિ' તરીકે સારી રીતે ખ્યાતિ પામી.

પણ આ લિપિરચનાથી જ સંતોષ ન પામતાં એમણે અમદાવાદમાં પોતાના નિવાસસ્થાને ૧૮૯૪માં—પોતાને અંધાપો આવ્યા પછી બે જ વર્ષમાં એક અંધશાળા પણ ચાલુ કરી, જે ગુજરાતમાં પ્રથમ હતી. પોતે રચેલી લિપિ શીખવીને એમણે અંધજનોને લખતા વાંચતા કરવા ઉપરાંત એમને નેતરની ગૂંથણી, સંગીત, સીવણ વગેરે જેવાં કામ પણ શીખવવા માંડયાં. વડોદરા રાજ્યના પ્રગતિશીલ મહારાજા સયાજીરાવનો સંપર્ક સાધીને વડોદરામાં પણ એક અંધશાળા સ્થાપવા અંગે એમણે વાત ચલાવી. જો કે મહારાજાએ અંધશાળાની સ્થાપના તો ન કરી, પણ નીલકંઠરાયની શાળાને આર્થિક મદદ આપી. પોતાની અંધશાળાને વધુ સારી બનાવવા એમણે અમૃતસરમાં સ્થપાએલી એક અંગ્રેજ મિશનરી મિસ શેરિફની અંધશાળાની કાર્યપદ્ધતિનો પણ પરિચય મેળવ્યો.

ઉત્તરોત્તર એમની અંધશાળાની ખ્યાતિ પ્રસરતી ગઈ. વિદ્યાર્થીઓ વધવા માંડતાં ઘરની જગ્યા નાની પડવા લાગી. પરંતુ ગુજરાત વર્નાક્યુલર સોસાએટીએ પોતાના ભદ્ર પાસેના મકાનમાં એ માટે જગ્યા કાઢી આપી એમની મૂંઝવણ ટાળી. મુંબઈ સરકારના શિક્ષણ નિયામક મિ. જાઈલ્સ પણ એમની શાળા જોઈ ગયા અને એમના કાર્યથી પ્રભાવિત થઈ એમણે પ્રાંતીય સરકારને આ શાળા માટે આર્થિક સહાય આપવા ભલામણ કરી. જો કે સરકાર એવી મદદ આપી શકી નહોતી.

નીલકંઠરાયની અંધશાળા એ કેવળ એક સેવાપ્રવૃત્તિ જ હતી. કોઈ આર્થિક આવકનો ખયાલ એની પાછળ હતો જ નહિ. કુટુંબના નિભાવ માટે એમનું ૨૭ રૂપિયાનું માસિક પેન્શન અને પોતાની અગાઉની એકઠી કરેલી

વીસેક હજારની મૂડીના વ્યાજ સિવાય એમને બીજી કોઈ આવક નહોતી.

એ જ અરસામાં અમદાવાદમાં 'જ્યુબિલી મિલ્સ' નામે એક નવી મિલ ઊભી થઈ. એના સ્થાપકની ભલામણથી નીલકંઠરાયે પોતાની વીસ હજારની જૂની બચત એ મિલની મૅનેજિંગ એજન્સીના શેરોમાં રોકી. જો કે એ મિલે ખાસ કંઈ પ્રગતિ કરી નહિ, પણ પછી એનો વહીવટ અમદાવાદની ખ્યાતનામ પેઢી મગનભાઈ કરમચંદના એક નબીરા અને સી. એન. વિદ્યાવિહારના સ્થાપક તથા ગુજરાત રાજ્યનાં ભૂતપૂર્વ શિક્ષણમંત્રી ઈન્દુમતિબેનના પિતા ચીમનભાઇએ સંભાળ્યા પછી એ મિલે સારી પ્રગતિ કરી. નીલકંઠરાયે રોકેલાં નાણાંનું સારું વ્યાજ મળવા લાગ્યું. આગળ જતાં ૧૮૯૯માં નીલકંઠરાય એ મિલના એક ડિરેક્ટર પણ નીમાયા જે સ્થાને તેઓ છેક પોતાના અવસાન સુધી રહેલા. આ પદે આવ્યા પછી એમણે મિલના કામદારોના ઉત્કર્ષ માટે પણ કેટલીક યોજનાઓ અમલમાં મુકાવી હતી. આર્થિક ચિન્તાઓ ઘટવાને કારણે હવે તેઓ પોતાની અંધશાળામાં પણ વધુ લક્ષ આપવા લાગ્યા.

ઈ. ૧૯૦૧માં ઈંગ્લૅન્ડનાં મહારાણી વિક્ટોરિયાનું અવસાન થયું. મુંબાઈના નાગરિકોએ એની સ્મૃતિમાં મુંબાઈમાં એક અંધશાળા સ્થાપવાનો નિર્ણય કર્યો. અમદાવાદની અંધશાળાથી પરિચિત અને એના કાર્યથી પ્રભાવિત શિક્ષણ નિયામક જાઈલ્સે મુંબાઈની એ નવી અંધશાળાના સંચાલન માટે નીલકંઠરાયનું નામ સૂચવ્યું.

પોતે સ્થાપેલી અને વિકસાવેલી અંધશાળાને પાંગરતી અવસ્થામાં છોડીને મુંબાઈ જવા નીલકંઠરાયનું મન માન્યું નહિ. પરંતુ મુંબાઈનું કાર્યક્ષેત્ર વધુ વિસ્તૃત હોઈ એમને ત્યાં વધુ વ્યાપક સેવાક્ષેત્ર મળતું હતું. વળી, ત્યાંની આર્થિક સ્થિતિ સધ્ધર હતી ને સરકારી સહાય પણ મળે તેમ હતી, જે દ્વારા યોગ્ય સાધનસામગ્રી ત્યાં વસાવીને વધુ સારું કામ કરી શકાય તેમ હતું. આ બધા લાભ જાઈલ્સે નીલકંઠરાયને સમજાવ્યા. લાંબી વાટાઘાટો ચાલી અને અંતે અમદાવાદની શાળાના પોતાના તમામ વિદ્યાર્થીઓને મુંબાઈની શાળામાં ત્યાંના ખર્ચે સમાવી લેવાની શરતે તેઓ ત્યાં જવા તૈયાર થયા, અને એ રીતે ૧૯૦૧માં મુંબાઈની એ 'વિક્ટોરિયા મેમોરીઅલ સ્કૂલ ફૉર ધ બ્લાઈન્ડ'નું આચાર્યપદ નીલકંઠરાયે સ્વીકાર્યું. થોડા જ સમયમાં એ શાળાએ સારી નામના મેળવી લીધી.

અંધશાળાના અનુભવોમાં નીલકંઠરાયે જોયું કે સંગીત શીખેલા અંધ વિદ્યાર્થીઓને તો સંગીતશિક્ષણનું કામ મળી રહેતું, પણ નેતર-કામ, વણાટ વગેરે શીખેલા અંધને જલદી કામ મળતું નહિ, ને પરિણામે ઘણા તો ભીખનો આશ્રય સ્વીકારી લેતા. નીલકંઠરાય આથી વ્યથિત રહેતા, એમને એમાં પોતાના કાર્યની જ અધૂરપ લાગતી.

પોતાની આ વ્યથા એમણે અન્ય સાથી કાર્યકરો સમક્ષ પ્રકટ કરી. એમાંના એક શિવલાલ મગનલાલ તથા બીજા સામાજિક કાર્યકરોએ ૧૯૦૭માં એનો માર્ગ કાઢયો. એમણે મુંબાઈમાં લેમિંગ્ટન રોડ ઉપર એક ઉદ્યોગગૃહ શરૂ કર્યું. ત્યાં અંધજનોને એમને જે આવડે તે કામ આપવાની અને એ રીતે થતા ઉત્પાદનનું સમાજમાં વેચાણ કરવાની વ્યવસ્થા ગોઠવી. આ કામ બદલ અંધજનોને વેતન અપાતું. આરંભમાં આ ઉદ્યોગગૃહને પણ આર્થિક મુશ્કેલી વેઠવી પડતી. પણ વાંદરાના એક ધનિક ગૃહસ્થ નરસિંહરાવ શિવાજી પોતાની માતાના અંધાપાથી પ્રેરાઇને અંધજનો માટે મોટું દાન આપવા ઈચ્છતા હતા તેને મળીને નીલકંઠરાયે ઉદ્યોગગૃહને માટે દાન મેળવીને એને પણ પગભર કરી દીધું.

ઈ. ૧૯૧૯માં સી. જી. હૅન્ડરસન નામના એક અંગ્રેજ સનદી અમલદારે હિંદભરના અંધજનો માટે ઇંગ્લૅન્ડની 'રૉયલ ઇન્સ્ટિ. ફૉર ધ બ્લાઈન્ડ' જેવી સંસ્થા સ્થાપવા વિચાર્યું. એણે એ અંગે નીલકંઠરાય સાથે વિચારવિનિમય કર્યો અને પરિણામે એ જ વર્ષમાં 'બ્લાઈન્ડ રિલીફ એસોસીએશન'ની સ્થાપના થઈ. મુંબાઈના અંધ ઉદ્યોગગૃહનો વહીવટ આ નવી સંસ્થાએ સંભાળી લીધો. નરસિંહરાવ શિવાજીના કુટુંબે એમાં પચાસ હજાર રૂપિયા આપ્યા. અને એ રીતે સ્થિતિ સુધરતાં એ અંધજન સહાયક મંડળે પછી તો સૂરત, ચાળીસગાંવ, વલસાડ, વસઈ વગેરેમાં પણ નવાં રાહત-કેન્દ્રો ખોલ્યાં. વલસાડમાં તો અંધજનો માટે ખાસ ઑસ્પિટલ પણ સ્થપાઈ. બીજી બાજુ નીલકંઠરાયના સંચાલન તળેની વિક્ટોરિયા મેમોરીઅલ અંધશાળા દેશભરમાં ખ્યાત બની ગઈ ને એના પગલે ચાલીને ઈ. ૧૯૦૬માં મ્હૈસૂરમાં પણ એક અંધશાળા સ્થપાઈ.

અંધજન હિતાર્થની આ બધી પ્રવૃત્તિઓ દરમિયાન નીલકંઠરાયના એક ઘનિષ્ઠ સંબંધી પ્રાણશંકર લલ્લુભાઈ દેસાઈ નામના એક શિક્ષકને એના જન્મથી જ બહેરા-મૂગા પુત્રને ભણાવવાની સતત ચિંતા રહેતી હતી એની જાણ નીલકંઠરાયને થઈ. એમણે પ્રાણશંકરને મુંબાઈ બોલાવીને પરદેશમાં એવા બાળકોના શિક્ષણ માટે જે કાર્ય થતું હતું તેનો ખયાલ આપીને એવું કાર્ય ઉપાડી લેવા પ્રેરણા આપી. એથી પ્રભાવિત થઈને પ્રાણશંકરે શિક્ષકની નોકરી છોડી દઈને નીલકંઠરાયની જેમ બહેરાં-મૂગાંના શિક્ષણ અંગેના સઘળા પ્રાપ્ત સાહિત્યનો અભ્યાસ કરી જરૂરી સાધનસામગ્રી વસાવીને અમદાવાદમાં બહેરાં-મૂગાંની સૌપ્રથમ શાળા સ્થાપી. નીલકંઠરાયની પ્રેરણા અને અવારનવારના માર્ગદર્શનથી એ શાળા પણ વિકાસ પામતી ગઈ. પ્રાણશંકરે ઉપાડેલા એ કાર્યને વળગી રહેવા તેઓ કહેતા. '...ઇશ્વરે યુવાનીમાં મારી આંખો લઇને મને અંધજનોના શિક્ષણ માટે કામ કરવા પ્રેર્યો તેમ તમને બહેરો-મૂગો પુત્ર આપીને એવાં બાળકો માટે કામ કરવાનો ગૂઢ સંકેત કર્યો છે. તમે આ સંકેતને શિરોમાન્ય ગણી, એનામાં શ્રદ્ધા રાખી પુરુષાર્થ કરશો તો જરૂર સફળ થશો.' જીવનમાં આવી પડેલી આપત્તિ પ્રત્યેના આવા અભિગમમાં નીલકંઠરાયના વ્યક્તિત્વનું પ્રેરણાદાયી પાસું પ્રકટ થાય છે. પછી તો ૧૯૧૭માં મુંબાઈ સરકારે બહેરા-મૂગાના શિક્ષણ અંગે પણ એક તપાસ સમિતિ નીમેલી અને નીલકંઠરાયને પણ તેમાં એક સભ્ય તરીકે રાખેલા.

આંખો ગુમાવ્યા પછી યે નીલકંઠરાયે વૉટ્સના 'ઇકૉનૉમિક પ્રૉડક્ટસ ઑવ ઇન્ડિયા' નામના એક પ્રમાણભૂત અંગ્રેજી ગ્રંથનું અધ્યયન કરીને 'ભારતના કાચા માલનું અર્થતંત્ર' નામની નોંધરૂપ પુસ્તિકા લખી હતી. એ જ અરસામાં અમદાવાદમાં બહેરા-મૂગા તથા અંધજનોને સહાય કરવા રચાએલા એક મંડળના તેઓ પ્રમુખ પણ બનેલા.

આમ, અપાહીજ જનસેવાના ભેખધારી નીલકંઠરાયે નિઃસ્વાર્થભાવે અનેક કાર્યો ઉપાડયાં હતાં અને એને સફળતાથી પાર પાડયાં હતાં, પણ રાષ્ટ્રજોગ એમની સૌથી વધુ મહત્ત્વની દેણગી તો એમણે મૌલિક સંશોધન વડે રચેલી નાગરીલિપિ પર આધારિત બ્રેઈલ લિપિ જ ગણી શકાય. અલબત્ત, એમણે આ કાર્ય હાથ ધર્યું ત્યારે દેશમાં ખ્રિસ્તી મિશનરીઓ પણ અંધશાળાઓ ચલાવતા જ હતા, અને એ માટે તેઓએ પણ પોતાની સમજ, શક્તિ તથા જે તે પ્રદેશની ભાષાના પોતાના જ્ઞાનને અનુસરીને આગવી બ્રેઈલ લિપિઓ રચી હતી. એમાં હિંદી, ઉર્દૂ ને ગુરુમુખી ભાષાના વિદ્યાર્થીઓ માટે અમૃતસરની મિસ શેરિફની લિપિ, ને દક્ષિણમાં પાલમકોટામાં ખ્રિસ્તી મિશનરી ઍસ્કવિથ તથા નોલ્સ અને ગર્થવેઈટ્સની દક્ષિણની ભાષાને અનુરૂપ 'ઓરીએન્ટલ બ્રેઈલ લિપિ' ઠીકઠીક પ્રચલિત હતી. પણ ડૉ. નીલકંઠરાયની અને મિસ શેરિફની લિપિ ઉચ્ચાર-આધારિત સંજ્ઞાક્ષરોવાળી હોઈ જુદીજુદી પ્રાંતીય ભાષાઓમાં સમાન ઉચ્ચાર માટે સમાન સંકેતોવાળી હોઈ વધુ ઉપયોગી બની શકે તેવી હતી. આ રીતે નીલકંઠરાયની લિપિ મરાઠી અને ગુજરાતી ભાષા માટે સ્વીકારાઈ હતી જ્યારે મિસ શેરિફની લિપિ હિંદી ઉર્દૂ ને ગુરુમુખી માટે વપરાતી હતી. આ ઉપરાંતની બીજી લિપિઓ મુખ્યત્વે જે તે ભાષાના મૂળાક્ષરો પર આધારિત સંજ્ઞાવાળી હોવાથી એક ભાષાની લિપિ શીખેલો અંધ બીજી ભાષાની લિપિ ઉકેલી શકતો નહિ. (અનુ. પૃ. ૧૩૯)

સત્યજિતરાય રચિત પાત્ર પ્રો. શંકુની એક વાર્તા

# ડૉક્ટર શેરિંગની સ્મરણશક્તિ

અનુવાદક · સુકન્યા ઝવેરી

**૨૭ જાન્યુઆરી**

**આ**જની સવાર બહુ જ સુંદર છે. ચારેકોર ઝળહળતો તડકો, નીલ આકાશમાં સફેદ સફેદ હૃષ્ટપુષ્ટ વાદળ,—જોઈને થાય કે જાણે ભૂલમાં શરદઋતુ આવી પહોંચી. આનંદનું જો કે બીજું પણ એક કારણ તો છે જ. આજ ઘણા દિવસ પછી આરામ. મારું યંત્ર આજે સવારે જ તૈયાર થઈ રહ્યું. બગીચામાં ફરી લૅબોરેટરીમાં પાછો આવીને ક્યાંય સુધી ચુપચાપ બેસી યંત્ર તરફ તાકી રહ્યો ત્યારે એક ગંભીર પ્રશાંતિ અનુભવી. એ વસ્તુ બહારથી દેખાવમાં તો સાવ સાધારણ લાગે. જાણે હાલની ફૅશનની એક ટોપી કે હેલમેટ. આ હેલમેટની ખોલ અંદર પથરાએલો છે બોતેર હજાર બારીકમાં બારીક તારનો જટિલ વિસ્તાર. સાડા ત્રણ વર્ષના અથાક પરિશ્રમનું પરિણામ આ યંત્ર. એ શું કામ આપે છે એની ચકાસણી પણ આજ મેં કરી લીધી.

સવારે મારો નોકર પ્રહ્‌લાદ કૉફી લઈને આવ્યો ત્યારે મેં એને પૂછ્યું: 'ગયા મહિનાની સાતમી તારીખે તું સવારે બજારમાંથી કઈ માછલી લાવ્યો હતો?' પ્રહ્લાદે માથું ધુણાવી કહ્યું: 'જી, એ તો યાદ નથી રહ્યું.' મેં એને ખુરશી પર બેસાડ્યો ને માથા પર હેલમેટ પહેરાવી દઈ એક બટન દબાવ્યું કે પ્રહ્લાદનું શરીર પળભર માટે ધ્રૂજી ઊઠ્યું અને પછી સ્થિર થઈ ગયું. એ સાથે જ એની આંખો એકદમ નિષ્પલક દૃષ્ટિહીન બની ગઈ. ત્યારે ફરી મેં એ જ સવાલ પૂછ્યો: 'પ્રહ્લાદ! ગયા મહિનાની સાત તારીખે સવારે કઈ માછલી લાવ્યો હતો?'

સવાલ પૂછ્યો પણ પ્રહ્લાદની નજરમાં કંઈ જ પરિવર્તન થયું નહિ. કેવળ તેના હોઠ જરા ખૂલ્યા અને જીભ હલી, અને તે એક જ શબ્દ બોલ્યો: 'ટેંગરા.' બટન બંધ કરી ટોપી કાઢી લીધા પછી પ્રહ્લાદ થોડી વાર ડોળા ફાડી મારી સામે જોઈ રહ્યો. પછી ખુરશી પરથી અચાનક ઊભો થયો ને હસીને બોલ્યો: 'યાદ આવ્યું બાબુ,—ટેંગરા'.

આ રીતે એકલા પ્રહ્લાદની જ નહિ, કોઈ પણ માણસની ગુમાવેલી યાદદાસ્ત આ યંત્રથી પાછી લાવી શકાય છે. એક સાધારણ માણસના મગજમાં લગભગ ૧૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦, અર્થાત્ એક કરોડ કરોડ સ્મૃતિ જમા હોય છે, તેમાંની કોઈ સ્પષ્ટ, કોઈ અસ્પષ્ટ—ઝાંખી. તેમાં દૃશ્યો, ઘટનાઓ, નામો, ચહેરા, સ્વાદ, ગંધ, ગીત, વાર્તા, અનેક નાનુંમોટું તથ્ય, બધું જ હોય. યંત્રને મેં નામ આપ્યું છે રિમેમ્બ્રેઈન. એટલે કે બ્રેઈન અથવા મગજને જે યંત્ર રિમેમ્બર કરવા યા યાદ કરાવવામાં મદદ કરે. કાલ જ એ વિષે એક લેખ લખી ઇંગ્લૅન્ડના 'નેચર' મૅગેઝીનમાં મોકલ્યો છે, જોઈએ હવે શું થાય છે તે.

**૨૩મી ફેબ્રુઆરી**

મારો લેખ 'નેચર'માં છપાયો છે અને છપાતાંની સાથે જ અનેક પત્રો આવવા માંડ્યા છે. યુરોપ, અમેરિકા, રશિયા, જાપાન વગેરે બધી જગ્યાએથી આ યંત્ર જોવાની ઇચ્છા જાહેર કરી છે. ૭મી મેએ બ્રસેલ્સ શહેરમાં વિજ્ઞાનીઓનું એક સંમેલન છે, એમાં યંત્રનું ડેમોન્સ્ટ્રેશન કરવાનો અનુરોધ થયો છે. આવી જાતનું યંત્ર હોઈ શકે એ વૈજ્ઞાનિક મંડળમાં પણ ઘણા બધા માની શકતા નથી. જો કે મારી ક્ષમતાની વાત એમાંના ઘણા લોકો જાણે છે. મને મળેલા પત્રોમાંનો એક પત્ર વાંચી ખૂબ મજા પડી. અમેરિકાના એક કરોડપતિ ઉદ્યોગપતિ હિરામ હૉરેન્સ્ટાઈને લખ્યું છે કે પોતે પોતાની આત્મકથા લખવા માગે છે, પણ પોતાની સત્તાવીસ વર્ષ પહેલાંની વાતો સ્પષ્ટ યાદ આવતી નથી. મારું યંત્ર વાપરી એ સમય દરમિયાનની વાતો પોતે જો યાદ કરી શકશે તો તેઓ મને યોગ્ય બદલો આપશે. પણ શોખીન અમેરિકન મિલિયોનેરોનો શોખ પૂરો કરવા મેં થોડું જ યંત્ર બનાવ્યું છે? આ વાત મેં ખૂબ જ વિવેકી ભાષામાં એમને લખી દીધી છે.

**૪થી માર્ચ**

આજ છાપામાં સ્વિટ્ઝરલૅન્ડના એક ખતરનાક ઍક્સિડેન્ટની વાત વાંચી મન ભારે થઈ ગયું, ત્યાં તો અર્ધા જ કલાકમાં એ વિષે એક લાંબો ટેલિગ્રામ આવીને હાજર! આને જ કહેવાય ટેલિપથી. ખબર એ છે કે એક મોટરમાં બે પ્રખ્યાત વૈજ્ઞાનિકો—સ્વિટ્ઝરલૅન્ડના ઑટો લુબિન અને ઑસ્ટ્રિયાના ડૉક્ટર હિયેરોનિમસ શેરિંગ—ઑસ્ટ્રિયાના લાંડેક શહેરથી સ્વિટ્ઝરલૅન્ડના વાલેનસ્ટાટ શહેર આવતા હતા. આ બંને વૈજ્ઞાનિકો થોડા સમયથી એક અત્યંત છૂપા વિષયના બારામાં વૈજ્ઞાનિક શોધ કરતા હતા. ગાડીમાં આગળ ડ્રાઈવર, પાછળ લુબિન અને શેરિંગ. પહાડને રસ્તેથી જતાં જતાં ગાડી ખીણમાં પડી ગઈ. પાસેના ગામના એક ગોવાળે ભાંગીને ભુક્કો થએલી ગાડી રસ્તા પરથી હજાર ફૂટ નીચે ખીણમાં પડેલી જોઈ. ગાડીની પાસે પડ્યો હતો લુબિનનો હાડકાં ભાંગેલો મૃતદેહ. ડૉક્ટર શેરિંગ આશ્ચર્યકારક રીતે બચી ગયા હતા. રસ્તાથી માત્ર ૩૦ ફૂટ નીચે એક ઝાડમાં એમનો દેહ અટકી ગયો હતો. દુર્ઘટનાના ખબર વાલેનસ્ટાટ પહોંચતાંની સાથે જ સ્વિસ બાયોકેમિસ્ટ નરબાર્ટ ક્રુશ ત્યાં પહોંચી ગયા. લુબિન અને શેરિંગ ક્રુશ પાસે જ જતા હતા—થોડા દિવસ આરામ કરવા માટે. ક્રુશ પોતાની મોટી મર્સિડિસ કારમાં બેહોશ શેરિંગને પોતાને ઘેર લઈ ગયા હતા. આટલા ખબર જ છાપામાં આપવામાં આવ્યા હતા. બાકીના ખબર ક્રુશના ટેલિગ્રામથી જાણ્યા. ક્રુશને તો હું છેલ્લાં દસ વર્ષથી ઓળખું છું. ફ્લૉરેન્સના એક વિજ્ઞાન સંમેલનમાં અમારી ઓળખાણ થઈ હતી. ક્રુશે લખ્યું હતું કે શેરિંગના શરીર પર જો કે એક ઉઝરડો સરખો યે નથી પડ્યો એમ કહીએ તો ચાલે, પણ એને માથા પર માર લાગ્યો હોવાથી એની યાદદાસ્ત સાવ લોપ થઈ ગઈ છે. અને બીજા એક ખબર એ છે કે ગાડીનો ડ્રાઈવર અલોપ થઈ ગયો છે, અને સાથેસાથે એમની શોધનાં બધાં જ કાગળિયાં પણ. શેરિંગની સ્મૃતિ પાછી લાવવા માટે ડૉક્ટર, સાઇકૉલૉજિસ્ટ, હિપ્નૉટિસ્ટ વગેરેના બધા જ પ્રયત્નો સાવ જ નિષ્ફળ ગયા છે. ક્રુશે મને તાબડતોબ મારા યંત્ર સાથે વાલેનસ્ટાટ પહોંચવા જણાવ્યું છે. ખર્ચ બધો એ આપશે. ટેલિગ્રામમાં છેલ્લે ઉમેર્યું હતું: 'ડૉક્ટર શેરિંગ એક અસાધારણ વ્યક્તિ છે. તેમને જો પુનર્જીવન આપી શકાય તો વિજ્ઞાનીઓ તમારા ચિરકાળ માટે ઋણી રહેશે. જે નિર્ણય લો તે જલદી જણાવો.'

મારા યંત્રની શક્તિ ચકાસવાની ને દેખાડવાની આવી બીજી સોનેરી તક ફરી ક્યાં આવે? વાલેનસ્ટાટ જવાની તૈયારી આજથી જ કરવી જોઇએ.

**૮મી માર્ચ**

આજ સવારે ઝુરિખ પહોંચી ત્યાંથી ક્રુશની મોટરકારમાં મનોરમ પહાડી પથ વટાવી સાઠ કિલોમીટર દૂર નાનકડા વાલેનસ્ટાટ શહેરે હું પોણા નવ વાગ્યે આવી પહોંચ્યો છું. થોડી વારમાં નાસ્તા માટે બોલાવશે. હું મારા ઓરડામાં બેઠાં એટલી વારમાં મારી ડાયરી લખી લઉં. ઝાડપાન-ફૂલફળોથી હર્યાભર્યા ચિત્રસમ સુંદર પરિવેશમાં ચૌદ એકર જમીન પર બાયોકેમિસ્ટ નરબાર્ટ ક્રુશનો બંગલો છે. લાકડાના દાદર, લાકડાની ભોંય, લાકડાની દીવાલ. હું પશ્ચિમ તરફના પહેલા માળના એક ઓરડામાં ઊતર્યો છું. ઓરડાની બારી ખોલો કે પહાડઘેર્યું વાલેન લેઈક

## આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૮૭

### ખજવાળ

સંસ્કૃતમાં ખજવાળને 'કંડૂ' કહે છે. ઘણા 'ખૂજલી' શબ્દ પણ વાપરે છે.

આ લોહીબગાડનો – ચામડીનો રોગ છે. વળી તે મોટે ભાગે ખસ, ખરજવા જેવા ચામડીના રોગમાં લક્ષણ સ્વરૂપે પણ હોય છે. પરંતુ જ્યારે રોગીને માત્ર ખજવાળ જ આવતી હોય અને બીજો કોઇ ચામડીનો રોગ ન હોય તો તેને સ્વતંત્ર રોગ સમજવો.

ઘણીવાર રોગીને મીઠી ખજવાળ આવે છે. પણ કેટલીક વાર એ એટલી અસહ્ય હોય છે કે ખણીખણીને ચામડી લાલ થઈ જાય, કોઈ કામમાં ચિત્ત લાગે નહિ કે રાત્રે નીરાંતે સૂઈ પણ ન શકાય. વળી, જાહેરમાં વારંવાર વલુરવું એ શિષ્ટ પણ નથી ગણાતું.

૧) અસ્વચ્છતા, ૨) લોહીબગાડ કરનાર આહારનું સેવન, ૩) કબજિયાત, ૪) કોઈ પ્રતિકૂળ પદાર્થના સેવનથી થયેલ તીવ્ર પ્રતિક્રિયા એટલે કે એલર્જીને કારણે ખજવાળ આવે છે.

**ઉપચાર:** ૧) સ્વાદિષ્ટ વિરેચન ચૂર્ણ લઇને પેટ સાફ કરવું. ૨) ગંધક-રસાયનનું નિયમિત સેવન. ૩) મહામંજિષ્ઠાદિ ઘનવટી, કૈશોર ગુગળ, પંચનિમ્બાદિ ચૂર્ણ વગેરેનું સેવન પણ કરી શકાય. ૪) મહામરિચ્યાદિ તેલ, લીંબોળીનું તેલ કે કરંજના તેલનું માલીશ કરવું. ૫) ગળપણ ખાવાનું બિલકુલ બંધ કરવું. ૬) મીઠું, મરચું, ખટાશ ઓછાં કરવાં. તળેલો ખોરાક બંધ કરી તદ્દન સાદો હળવો ખોરાક ખાવો. ૭) લીમડાનાં પાન નાખીને ઉકાળેલા પાણીથી નહાવું કે લીમડાનો સાબુ વાપરવો.

**વૈદ્ય નવીનભાઈ ઓઝા**

(સરોવર) નજરે પડે. મારું યંત્ર એક પ્લાસ્ટિકની બૅગમાં પલંગ પાસે જ એક ટેબલ પર રાખ્યું છે. આતિથ્યમાં લેશમાત્ર પણ ત્રુટિ નથી. થોડી વારમાં બુશનો ત્રણ વર્ષનો દીકરો વિલી આવીને મને એક પૅકેટ ચૉકલેટ આપી ગયો. છોકરો ભારે મીઠો ને મળતાવડો. પોતાની મેળે જ ઘરમાં એકલો એકલો રાગડો તાણીને બેસૂરું કંઈક ગાતો ગાતો ઘૂમે. ગાડીમાંથી ઊતરી મેં સહુને અભિવાદન હજુ તો કર્યાં જ હતા કે થોડી વારમાં એ મારી પાસે આવ્યો અને એક કાળું ચિરૂટકેસ સામે ધરી કહે: 'સિગાર પીશો?' હું ધૂમ્રપાન કરતો નથી. પણ વિલીને નિરાશ કરતાં જીવ ન ચાલ્યો, તેથી આભાર માની એક ચિરૂટ કાઢી લીધી. જો ચિરૂટ પીવી હોય તો આવી જ પીવી જોઈએ: ખૂબ જ ઊંચી જાતની ડચ સિગાર!

આ બંગલામાં બધા મળીને છ જણ રહે છે—બુશ, એની પત્ની ફ્લારા, શ્રીમાન વિલી, બુશનો મિત્ર સ્થાનીય સ્કૂલનો શિક્ષક સીધો સાદો, ઓછા બોલો હાન્સ વુલરિખ, ડૉકટર શેરિંગ ને એમની નર્સ–પરિચારિકા મારિયા. એ ઉપરાંત પોલીસના બે માણસ આઠે પહોર બંગલાને પહેરો ભરે છે.

શેરિંગ પૂર્વ તરફના એક ઓરડામાં રહે છે. અમારા બંનેના ઓરડાની વચ્ચે છે લૅન્ડિંગ અને નીચે જવા માટેનો દાદર. હું આવ્યા પછી જો કે એક વાર શેરિંગને જોઈ આવ્યો છું. મધ્યમ કદનો માણસ. ઉંમર હશે પિસ્તાળીસથી પચ્ચાસ. માથાના સોનેરી વાળની પાછળની બાજુ ટાલ પડી ગઈ છે. મોં ચોરસ અને ગોળની વચ્ચે. હું ગયો ત્યારે એ બારી પાસે એક ચેર પર બેસીને લાકડાની ઢીંગલીને આમતેમ ફેરવી જોતો હતો. હું ઓરડામાં દાખલ થયો કે એણે મારી તરફ ડોક ફેરવી, પણ ખુરશી છોડી ઊભો થયો નહિ. સમજી ગયો કે ઘરમાં કોઈ દાખલ થાય ત્યારે ઊઠીને ઊભા થવાનો સામાન્ય રિવાજ પણ એ ભૂલી ગયો હતો. આંખની નજર જોઈ જરાક ચમકી ગયો. મેં પૂછ્યું: 'તમે ચશ્માં પહેરો છો?'

શેરિંગનો ડાબો હાથ પોતાની મેળે જ આંખ પાસે જઈ પહોંચ્યો અને ફરી નીચો થઈ ગયો. બુશ બોલ્યો: 'ચશ્માં ભાંગી ગયાં છે.'

શેરિંગને મળીને અમે બેઠક ખંડમાં જઈ બેઠા. આડીઅવળી વાતો કર્યા પછી બુશ જરાક લજવાઇને બોલ્યો: 'સાચું પૂછો તો મને તમારા યંત્ર વિષે વધુપડતી આશા નથી. પણ મારી પત્નીના કહેવાથી જ તમને ટેલિગ્રામ કર્યો છે.

'તમારાં પત્ની વૈજ્ઞાનિક છે?' મેં ફ્લારા તરફ નજર નાખી પૂછ્યું. ફ્લારાએ હસીને જવાબ દીધો: 'બિલકુલ નહિ. હું મારા પતિની સેક્રેટરી તરીકે કામ કરુ છું. મને થતું હતું કે તમે આવો તો સારું, કારણ કે મને ભારત માટે ખૂબ જ માન અને શ્રદ્ધા છે. તમારા દેશ વિષે મેં ઘણાં બધાં પુસ્તકો વાંચ્યા છે, ઘણુંબધું હું જાણું છું.'

બુશને જો મારા યંત્ર વિષે જરા પણ સંશય હશે તો એ આજ જ નિર્મૂળ થઈ જશે એમ હું માનું છું. આજ સાંજના શેરિંગની સ્મૃતિનાં બંધ બારણાં ખોલવાની કોશિશ કરવાના છીએ.

પણ અત્યારે ડ્રાઈવર વિષે પૂછ્યા વિના ન રહી શક્યો. બુશ બોલ્યો: 'પોલીસ તપાસ કરે છે. બેમાંથી એક જગ્યાએ ડ્રાઈવર છુપાયો હોય— એક તો અકસ્માતની જગ્યાથી સાડા ચાર માઈલ પશ્ચિમે રૈમુસ નામે ગામ છે ત્યાં. બીજી જગ્યા છે સાડા ત્રણ કિલોમીટર પૂર્વે. નામ છે સ્લાઈન્સ. બંને જગ્યાએ તપાસ ચાલે છે. તે સિવાય પહાડની જંગલ-ઝાડીમાં પણ શોધખોળ થઈ રહી છે.'

'અકસ્માતની જગ્યા અહીંથી કેટલી દૂર છે?'

'પંચ્યાસી કિલોમીટર. એ ડ્રાઈવરને ક્યાંક ને ક્યાંક તો આશરો લેવો જ પડે એમ છે, કારણ એ બાજુ રાતના બરફ પડે છે. પણ ડર એ છે કે ડ્રાઈવરનો કોઈ શાગિર્દ હોય અને ડ્રાઈવર એને બધાં જ કાગળિયાં પસાર કરી દે તો!'

### ૮મી માર્ચ રાતના સાડા દસ

ફાયરપ્લેસમાં ભડભડાટ અગ્નિ જ્વલે છે. બહાર હિમ શીતળ પવન ફૂંકાય છે. બારી બંધ હોવા છતાં પણ પવનનો સુસવાટો સંભળાય છે.

બુશ આજ મારી વૈજ્ઞાનિક શક્તિ જોઈ આશ્ચર્યચકિત થઈ ગયો. અત્યારે હું નથી કહી શકતો કે કોણ મારું મોટું ભક્ત છે-એ કે એની પત્ની!

આજ સાંજના છ વાગ્યે અમે મારું યંત્ર લઈ શેરિંગના ઓરડામાં ગયા. એ ત્યારે પણ ખુરશી પર સૂનમૂન થઈ બેઠો હતો. અમે પેઠા કે એ મારી તરફ ડોળા ફાડી તાકી રહ્યો. બુશે એને અભિવાદન કર્યાં અને મીઠી મજાક કરતો હોય એમ બોલ્યો: 'આજ અમે તમને ટોપી પહેરાવીશું. બરાબર? તમને જરા પણ તકલીફ નહિ થાય. તમે જેમ બેઠા છો એમ બેસી રહો ખુરશી પર.'

'ટોપી? કેવી ટોપી?' શેરિંગે એના ઘેરા-સૂરીલા મીઠા અવાજે જરાક ગભરાઇને પૂછ્યું. 'આ જુઓ!' મેં બૅગમાંથી યંત્ર બહાર કાઢ્યું. બુશે એને મારા હાથમાંથી લઈ શેરિંગના હાથમાં મૂક્યું. શેરિંગે એ જાણે રમકડું હોય એમ એને આમતેમ ફેરવી મારા હાથમાં પાછું આપ્યું.

'આનાથી કંઈ ત્રાસ તો નહિ થાય ને! તે દિવસે ઇન્જેકશન બહુ દુખ્યું હતું.' દુઃખ કે ત્રાસ કશું નહિ થાય સાંભળી એને જરાક ટાઢક વળી અને શરીરને પાછળ ખુરશી પર ટેકવી બંને હાથને ખુરશીની બે બાજુ ઢીલા મૂકી દીધા.

શેરિંગને હેલમેટ પહેરાવવામાં કોઈ તકલીફ પડી નહિ. એ પછી લાલ બટન દબાવતાં જ હેલમેટની જોડે જોડેલી બૅટરી ચાલુ થઈ ગઈ. શેરિંગનું શરીર જરાક કંપ્યું અને પછી લાકડા જેવું નિશ્ચેષ્ટ થઈ ગયું અને એ ફાયરપ્લૅઈસ સામે નિષ્પલક નજરે તાકી રહ્યો.

ઓરડામાં અસ્વાભાવિક નિસ્તબ્ધતા હતી. એક શેરિંગ સિવાય

બધાના જ ઉતાવળા શ્વાસોચ્છ્વાસના અવાજ સંભળાતા હતા. ફ્લારા બારણા પાસે ઊભી હતી. નર્સ પલંગ પાછળ સ્થિર થઈ આશ્ચર્યચકિત નજરે શેરિંગ તરફ જોઈ રહી હતી. બુશ અને લુલરિખ શેરિંગની ખુરશીની બે બાજુ ઉત્કંઠાથી સામે ઝૂકીને ઊભા હતા. મેં ધીમેથી બુશને કહ્યું : 'તમે પૂછશો ? કે હું પૂછું ? તમે પૂછશો તો ય ચાલશે.'

'તમે જ શરૂ કરો.'

મેં ઓરડાના એક ખૂણામાંથી એક નાનકડું સ્ટૂલ ખેંચી લીધું અને શેરિંગની સામોસામ બેઠો. પછી પૂછ્યું : 'તમારું નામ શું ?'

શેરિંગના હોઠ ફફડ્યા. દબાએલા અને છતાં સ્પષ્ટ અવાજે બોલ્યો : 'હિએરોનિમસ હાઈનરિખ શેરિંગ'

'આ પહેલી વાર !'—બુશ ધીમેથી બોલી ઊઠયો : 'આ પહેલી વાર એ પોતાનું નામ બોલ્યો !'

મેં બીજો સવાલ પૂછ્યો : 'તમારો વ્યવસાય શું છે ?'

'પદાર્થવિજ્ઞાનનો અધ્યાપક છું.'

'તમારો જન્મ ક્યાં થયો હતો ?' 'ઑસ્ટ્રિયામાં.'

'ક્યા શહેરમાં ?' 'ઈન્સ્બ્રુક.'

મેં બુશ તરફ પ્રશ્નાર્થ નજર કરી. બુશે માથું હલાવી જણાવ્યું કે બરાબર છે. હું ફરી શેરિંગ ભણી વળ્યો.

'તમારા પિતાનું નામ શું ?' 'કાર્લ ડીટ્રીખ શેરિંગ'

'તમારે બીજાં ભાઈબહેન છે ?'

'નાની બહેન છે એક. મોટો ભાઈ મરી ગયો છે.'

'ક્યારે મરી ગયો ?'

'પ્રથમ વિશ્વયુદ્ધમાં. પહેલી ઑક્ટોબર ઓગણીસો સત્તર.' હું સવાલ પૂછી, વચ્ચે વચ્ચે વિસ્મયમુગ્ધ બુશ ભણી જોઈ, એને ધીમું ધીમું માથું હલાવતો જોઈ સમજી લેતો કે બધા જવાબ જ બરાબર છે.

'તમે લાંડેક ગયા હતા ?' 'હા.'

'શા માટે ?' 'પ્રોફેસર લુબિન પાસે કામ હતું.'

'શું કામ ?' 'શોધખોળનું.'

'ક્યા વિષય પર ?' 'બી-એક્સ, થ્રી સેવન સેવન.'

બુશે ગુસપુસ કરતાં કહ્યું 'એ છે શોધનું સાંકેતિક નામ.' હું સવાલ પૂછતો જ રહ્યો : 'એ શોધનું કામકાજ પૂરું થઈ ગયું હતું ?' 'હા.'

'સફળ થયા હતા ?' 'હા.'

'શોધનો વિષય શું હતો ?'

'અમે એક નવી જાતનું ભયંકર અણુ-અસ્ત્ર તૈયાર કરવાની ફોર્મ્યુલા શોધી કાઢી હતી.'

'શોધ પૂરી કરી તમે વાઇનસ્ટાડ આવતા હતા ?' 'હા.'

'તમારી સાથે શોધનાં કાગળિયાં હતાં ?' 'હા.'

'ફોર્મ્યુલા પણ હતી ?' 'હા.'

'રસ્તામાં અકસ્માત થયો ?' 'હા.'

'શું થયું હતું ?'

બુશે મારા ખભા પર હાથ મૂક્યો. હું સમજી ગયો કે શા માટે ? થોડી વાર પહેલાં જ મેં જોયું હતું કે શેરિંગમાં થોડોક સળવળાટ થતો નજરે પડ્યો હતો. કપાળ પરની નસો પણ ફૂલી ગઈ હતી.

'હું—હું—' શેરિંગની વાત બંધ થઈ ગઈ. તેના શ્વાસ ઉતાવળે ચાલવા માંડ્યા. મને ખાતરી હતી કે છૂપી ગવેષણાનો વિષય જાહેર કરી દીધો હોવાથી એનામાં ઉદ્વેગની લાગણી જાગી ઊઠી હતી.

મેં લીલું બટન દબાવ્યું અને બૅટરી બંધ કરી દીધી. આ સ્થિતિમાં સવાલ પૂછવા એ ઉચિત નહોતું. બાકીનું કાલ થશે.

હેલમેટ કાઢી લેતાં જ શેરિંગનું માથું પાછળ નમી ગયું. એણે એક લાંબો શ્વાસ મૂકી આંખો બંધ કરી, અને બીજી જ પળે આમતેમ નજર કરી બોલ્યો : 'ચિરૂટ—એક ચિરૂટ...'

મેં શેરિંગના કપાળ પરનો પરસેવો લૂછી નાખ્યો. બુશ જરાક છોભીલો પડી જઈ, ગળું ખંખેરી બોલ્યો : 'ચિરૂટ તો નથી. અમારે ત્યાં કોઈ ચિરૂટ પીતું નથી. સિગારેટ ચાલશે ?' લુલરિખે પોતાના ખીસામાંથી એક સિગારેટ કાઢી સામે ધરી. શેરિંગે સિગારેટ લીધી નહિ.'

મેં પૂછ્યું : 'તમારી પાસે તમારું પોતાનું એક ચીરૂટ કેસ હતું ?'

'હા.' શેરિંગ બોલ્યો. એ જાણે થાકેલો ને અસ્વસ્થ લાગતો હતો.

'કાળા રંગનું કેસ હતું ?' 'હા—હા !'

'તો પછી એ વિલી પાસે છે. ફ્લારા જરા જઈને જુઓ તો !'

ફ્લારા તરત જ પોતાના દીકરાને શોધવા ચાલી ગઈ. નર્સે શેરિંગનો હાથ પકડીને એના પલંગ પર સુવડાવી દીધો. બુશ પલંગ તરફ આગળ વધ્યો અને હસીને બોલ્યો : 'હવે તમને યાદ આવે છે ને ?'

જવાબમાં શેરિંગ જાણે અવાક્ થઈ બુશ સામે જોઈ રહ્યો, એ પછી ધીરે સ્વરે બોલ્યો ? 'શું યાદ આવે છે ?' શેરિંગનો આ સામો સવાલ મને જરા પણ ગમ્યો નહિ : બુશ પણ સાવ ભોંઠો જ બની ગયો. એણે પોતાને સંભાળી લેતાં સ્વાભાવિક રીતે જ કહ્યું : 'તમે અમારા સવાલના જવાબ તો બરાબર આપ્યા હતા.'

'ક્યા સવાલ ? તમે મને શું પૂછ્યું હતું ?' એટલે મેં છેલ્લી કેટલીક મિનિટ સુધી જે પ્રશ્નોત્તર કર્યા હતા એનું વિવરણ શેરિંગને આપ્યું. શેરિંગ થોડી વાર ચુપચાપ પડ્યો રહ્યો પછી એનો જમણો હાથ હળવેથી પોતાના માથા પર રાખી એ મારા તરફ જોઈ બોલ્યો : 'મારા માથા પર શું પહેરાવ્યું હતું ?' 'શા માટે પૂછો છો ?'

'માથું દુખે છે. થાય છે જાણે કોઈ ઘણી બધી પિન ખોસી રહ્યું છે.'

---

## મેં સાહસ કર્યું ...... કૃષ્ણકાંત બ. મહેતા

ઈ. ૧૯૭૨ના ઑગસ્ટમાં હું દાર્જીલિંગથી સિક્કીમના ગંગટોક ફરવા જવા નીકળેલો. ત્યારના સિક્કીમ દેશની સરહદનું શહેર રંગપો વટાવ્યા બાદ બસ થોડા કિલોમીટર દૂર ગયા પછી અટકી ગઈ. આગળ પહાડ ઉપરથી માટી અને પથ્થરો પડતાં હતાં. બુલડોઝર ન આવે ત્યાં સુધી આગળ જવાય તેમ ન હતું, એટલે બસ પાછી રંગપો ફરવાની હતી. એ જ રીતે સામેથી આવતી, ગંગટોકથી રંગપો જતી બસ પાછી ગંગટોક ફરવાની હતી. મેં સામાન ઉતરાવી ભોટિયા મજૂર સાથે સામી તરફ મોકલ્યો. ત્યાં જવા માટે રસ્તાની નીચે નદીની ખીણ તરફ ઊતરી થોડું નદીના પટમાં ચાલી પાછું તેટલું જ ઉપર ચડવાનું હતું.

મારા હાથમાં કૅમેરા અને નાસ્તાની બૅગ હતી તે લઈ નીચે ઊતરવા લાગ્યો. માટીને લીધે સમતુલા જાળવવી મુશ્કેલ થતી હતી તેથી લાદી જેવા એક સપાટ પથ્થર ઉપર પગ ગોઠવી, ઉભડક બેસીને લસરવા લાગ્યો. ત્યાં ઉપરથી બૂમાબૂમ શરૂ થઈ કે પહાડ ઉપરથી પથ્થરો ફરી પડવા લાગ્યા છે. નાનાં નાનાં ઢેફાં માથા ઉપર પણ પડ્યાં અને તરત જ ઉપરથી એક મોટી શિલા ગબડતી આવતી જોઈ! બચવું અશક્ય લાગ્યું.

હૈદરાબાદમાં મારા સાઈડકારવાળા સ્કૂટરને ત્વરિત વળાંક—'કટ'—આપવાની આદત અહીં જોર કરી ગઈ અને જે પથ્થર પર બેસીને નીચે સરકતો હતો તેને જોરદાર આંચકો આપીને વાળ્યો. ઉપરથી આવતી શિલા થોડા જ સેન્ટીમીટર દૂરથી નીચે પસાર થઈ ગઈ, પણ તેની સાથેના નાના નાના પથ્થરો અને ઢેફાંના મારથી સમતુલા ગુમાવી ગબડવા માંડ્યો. પણ હવે ઢોળાવ પૂરો થવા આવેલો એટલે ખાસ ઈજા ન થઈ. માત્ર બે દિવસ પગ ધ્રૂજતા રહેલા.

જ્યારે જ્યારે ઊંચા ઘાટ પરથી બસમાં પસાર થાઉં છું ત્યારે એ સાહસ તાદૃશ થાય છે. □

'તમારા માથામાં માર લાગ્યો હતો. પહાડ પરથી તમે ગબડી પડયા હતા ત્યારે તમને માથામાં માર લાગ્યો હતો અને એને લીધે તમારી યાદદાસ્ત લોપ થઈ ગઈ હતી.'

શેરિંગ બુદ્ધુની જેમ મારી તરફ જોઈ બોલ્યો : 'તમે શું વાત કરો છો? પહાડ પરથી હું શા માટે પડી જાઉં.'

અમે ત્રણ જણ એકબીજાનાં મોં સામું તાકી રહ્યા. ફલારા પાછી આવી. એના હાથમાં મેં જોએલું ચિરૂટ કેસ હતું. એણે એ શેરિંગના હાથમાં મૂક્યું અને વિનીત ભાવે બોલી : 'મારા દીકરાએ, ખબર નહિ ક્યારે લઈ જઇને પોતાના રૂમમાં મૂકી દીધું હતું. માફ કરજો.'

બુશ ફરી ગળું ખંખેરી બોલ્યો : 'તમે જે ચિરૂટ પીઓ છો એ તમને નક્કી યાદ આવે છે?' ચિરૂટ કેસ હાથમાં લઈ શેરિંગે આંખો બંધ કરી દીધી. તે સાચે જ થાકેલો દેખાતો હતો. મને લાગ્યું હવે આ ઓરડામાંથી અમારે બધાએ ચાલ્યા જવું જોઇએ.

રીમેમ્બ્રેઈન યંત્ર બૅગમાં મૂકી અમે ચારે જણ બેઠકખંડમાં જઈને બેઠાં. ખુશી અને જરાક ખટકો બંને સાથે મળીને મારા મનની સ્થિતિ વિચિત્ર થઈ ગઈ હતી. હેલમેટ પહેરેલી અવસ્થામાં ગુમાવેલી યાદદાસ્ત પાછી ફરી આવ્યા પછી હેલમેટ કાઢી લીધા પછી એ યાદદાસ્ત પાછી શાની લોપ થઈ શકે? શેરિંગના મગજમાં વધારેપડતી કોઈ તકલીફ થઈ હશે? પણ બાકીનાં ત્રણ એટલાં હતાશ નહોતાં લાગતાં ઉલરિખ તો યંત્રની પ્રશંસા કરતો થાકતો જ નહોતો: 'આ એક યુગવર્તી આવિષ્કાર છે એમાં જરા ય શક નથી. જ્યાં સ્મૃતિનો ભંડાર સાવ જ ગુમ થઈ ગયો 'તો ત્યાં એક પછી એક સાચા જવાબ દેવા એ શું જેવીતેવી વાત છે!'

બુશ બોલ્યો : 'અસલમાં એના મનનાં કમાડ એવી રીતે બંધ થઈ ગયાં હતાં કે એ કેમે ય ખૂલતાં નહોતાં. હવે કેવળ એક જ કામ કરવાનું છે અને એ છે કાલની રાહ જોવી. કાલે ફરી એને ટોપી પહેરાવવાની છે. આપણે તો આપણા તરફથી એક જ કામ કરવાનું છે. બસ સવાલના જવાબ મેળવવા. ઍક્સિડેન્ટ પહેલાં શું બન્યું હતું ગાડીમાં, એ જાણવું જરૂરી છે. બાકીનું કામ તો પોલીસ કરશે.'

આઠ વાગ્યે બુશે એક વાર પોલીસને ટેલિફોન કરી ખબર આપ્યા. ડ્રાઈવર હાઈન્ત્સ નોયમાનનો કોઈ પત્તો હજુ સુધી લાગ્યો નહોતો. તો પછી બી-એક્સ થ્રી સેવન સેવન ફૉર્મ્યુલા સાથે નોયમાનની પણ બરફમાં સમાધી થઈ ગઈ હતી કે શું?

### ૯મી માર્ચ

કાલે રાત્રે બે વાગ્યા સુધી ઊંઘ ન આવી તેથી અંતે મેં મારી બનાવેલી સોમ્નોલીનની ગોળી ખાઈ એકીસાથે સાડા ત્રણ કલાકની ગાઢ ઊંઘ કાઢી. સવારે ઊઠતાં જ મારા યંત્રને જરાક આમતેમ કરી જોઈ લઉં એમ વિચારતો હતો, ત્યાં મારા બારણા પર ટકોરા પડયા. ખોલીને જોઉં તો શેરિંગની નર્સ! ભદ્ર મહિલા ખૂબ ઉત્તેજિત થઈ ગઈ હતી.

'ડૉ. શેરિંગ તમને બોલાવે છે. ખાસ કામ છે.'

'કેમ છે એમની તબિયત?'

'ઘણી સરસ. રાતના ઊંઘ સારી આવી હતી. માથું પણ દુખતું નથી એકદમ જાણે બીજી જ વ્યક્તિ!'

હું નાઈટ ગાઉનમાં જ શેરિંગ પાસે જઈ પહોંચ્યો. એણે મને જોઇને સ્મિત કર્યું અને અંગ્રેજીમાં કહ્યું : 'ગુડ મૉર્નિંગ.'

મેં પૂછયું : 'કેમ છો?'

'એકદમ સ્વસ્થ. મારી બધી જ યાદદાસ્ત પાછી આવી ગઈ છે. તમારું યંત્ર ખરેખર આશ્ચર્યજનક છે. કેવલ એક જ વાત કહેવાની છે. કાલે તમારા સવાલના જવાબમાં મેં મારી શોધ વિષે જે કંઈ કહ્યું હતું તે તમારે લોકોએ ગુપ્ત રાખવાનું છે.'

'એ તો તમારે કહેવું નહિ પડે. અમને અમારી જવાબદારીની ખબર છે. તમે તે માટે નિશ્ચિંત રહો.'

'બીજી એક વાત. લુબિનનું શું થયું? તે પહેલાં જ હું બેહોશ થઈ ગયો હતો. મને એ કહો કે એ ક્યાં છે? એ ય જખમી થયો છે કે શું?'

'ના. લુબિન માર્યો ગયો છે.'

'મરી ગયો?' શેરિંગનાં ભવાં ચડી ગયાં. મેં કહ્યું : 'તમે બચી ગયા એ ય તમારું નસીબ કહો!'

'અને બધાં કાગળિયાં?' શેરિંગે વ્યગ્ર અવાજે પૂછયું.

'કંઈ જ મળ્યું નહિ અને ચિંતાનું મુખ્ય કારણ એ છે કે કાગળિયાંની સાથે ડ્રાઈવર ગુમ થયો છે. એ વિષે તમે કંઈ પ્રકાશ પાડી શકો ખરા?'

શેરિંગ ધીરે ધીરે માથું હલાવી બોલ્યો : 'હા, કહી શકું છું.' મેં ખુરશી એના પલંગની વધુ પાસે ખસેડીને હું બેઠો. આ ઘરના લોકોની, લાગે છે, હજુ ઊંઘ ઊડી ન હતી. તે ભલે. જ્યારે તક મળે છે તો લાભ લેવો જરૂરી હતો. મેં પૂછયું : 'અચ્છા બોલો જોઇએ. અસલમાં વાત શી છે?'

શેરિંગ બોલ્યો : 'અમે લાન્ડેક શહેરથી રવાના થયા. અને ફીન્સ્ટેરમુન્ત્સેની સીમા ઓળંગી સ્વિટ્ઝર્‌લૅન્ડમાં પ્રવેશી થોડાક કીલોમીટર આગળ વધ્યા કે શ્લાઈન્સ નામનું નાનકડું શહેર આવ્યું. ત્યાં અમે પંદરેક મિનિટ રોકાયા અને એક દુકાનમાં બેસી બીઅર પીધો અને પછી પાછા રવાના થયા, અને દસેક મિનિટ ગયા હોઈશું ત્યાં ગાડીમાં કંઈક બગડી ગયું તેથી ડ્રાઈવર નોયમાને ગાડી ઊભી રાખી. બૉનેટ ખોલ્યું ને શું યે કંઈક જોયું કે એણે લુબિનને બોલાવ્યો. લુબિન ઊતરીને નોયમાન પાસે જેવો ગયો કે તેના માથા પર રેન્ચ (પકડ) વડે ઘા કરી બેભાન કર્યો. સ્વાભાવિક છે કે હું પણ ઊતરું જ. પણ નોયમાન ખૂબ જ જોરાવર માણસ. ઝપાઝપીમાં હું હારી ગયો. એણે મારા માથા પર રેન્ચથી ફટકો મારી મને પણ બેહોશ કરી નાખ્યો. એ પછીની મને કંઈ જ ખબર નથી.'

મેં કહ્યું : 'બાકીનું તો સહેલાઈથી અનુમાન કરી શકાય એમ છે. નોયમાને તમને બંનેને ગાડીમાં નાખી અને ગાડીને ધક્કો મારી ખીણમાં ફેંકી દીધી અને ગવેષણાના કાગળો લઈ નાસી ગયો.'


ટેલિફોનની ઘંટડીનો અવાજ થોડી પળ પહેલાં જ સાંભળ્યો હતો. હવે સાંભળ્યો લાકડાની ભોંય પર ઉતાવળાં પગલાંનો અવાજ. બુશ દોડીને રૂમમાં દાખલ થયો. એની બંને આંખો ચમકતી હતી.

ઍક્સિડેન્ટની જગ્યાએ ખીણમાંથી કેટલાક કાગળો મળ્યા છે. લખેલું લગભગ ભૂંસાઈ ગયું છે. પણ એ કાગળ શાના છે એ સમજવામાં કોઈ મુશ્કેલી નથી.'

'તો શું ફૉર્મ્યુલા ખોવાઈ નથી?' શેરિંગ બરાડી ઊઠયો. શેરિંગના મોંએ આ સવાલ સાંભળી બુશ તો આભો જ બની ગયો. મેં એને સવારની વાત કહી. બુશ બોલ્યો : 'એનો અર્થ તો સમજ્યા ને?–નોયમાને વખતે ફૉર્મ્યુલા લીધી નહોતી. કેવળ રૂપિયા, પૈસા કે બીજી કોઈ કિંમતી ચીજ લઈને જ નાઠો છે.'

'એ તમે શાના પરથી કહો છો?' શેરિંગે વ્યાકુળ સ્વરે પૂછયું. અને કહ્યું : 'ગવેષણા વિષેના કાગળો સિવાય પણ બીજા બિનજરૂરી કાગળ તો હતા અમારી પાસે. ખીણમાં જે કાગળિયા મળ્યાં તેને ને અમારી શોધના કાગળને કંઈ લેવાદેવા ન હોય એમ પણ બની શકે.'

શેરિંગની વાત સાચી હતી. કેટલાક ધોવાઈ ગએલા લખાણવાળા કાગળોથી એ તો પુરવાર થતું નહોતું કે નોયમાને ફૉર્મ્યુલા નહોતી લીધી. ગમેતેમ, મેં અને બુશે નક્કી કર્યું કે ઉલરિખને શેરિંગ પાસે રાખી અમારે બંનેએ બ્રેકફાસ્ટ પતાવીને ઍક્સિડેન્ટની જગ્યાએ પહોંચી જવું. કદાચ એમાં ફૉર્મ્યુલા હોઈ પણ શકે એવી આશા અમારાં મનમાં ઉદ્‌ભવી હતી. રેમુસ અને સ્લાઈન્સની વચ્ચેની અકસ્માતવાળી જગ્યા ૮૫ કિલોમીટર દૂર હતી. વધુમાં વધુ સવા કલાક લાગે ત્યાં પહોંચતાં. મારા હિસાબે ડ્રાઈવરને શોધવા કરતાં પણ ફૉર્મ્યુલાને શોધવાનું (અનુ.પૃ.૧૪૬)



△ વિરૂપાક્ષ મંદિરનો મધ્યરંગ (ચિત્રકાર • કૃષ્ણા ખત્રી) △

દક્ષિણ ભારતમાં ચૌદમી સદીના આરંભનાં વર્ષોમાં મુસ્લિમ શાસનો પોતાનાં મૂળ ફેલાવી રહ્યાં હતાં ત્યારે એમની વચ્ચે કાંપિલીનું હિંદુ રાજ્ય પોતાનું સ્વાતંત્ર્ય ટકાવી રહ્યું હતું. આજના ધારવાડ, બેલ્લારી, રાયચૂર, અનંતપુર, ચિતલદુર્ગ ને શિમોગાના પ્રદેશમાં એ વિસ્તરેલું હતું. કાંપિલીદેવનું ત્યાં શાસન હતું. ઈ. ૧૩૨૬માં મહમદ તઘલકે એના પર ચડાઈ કરી. લડાઈમાં રાજા માર્યો ગયો. એના બધા પુત્રો અને સરદારોને મહમદે કેદ કર્યા. એમાં હરિહર અને બુક્ક નામના કાંપિલીના બે સરદારો પણ હતા. મહમદે એમને વટલાવ્યા અને એમને સૂબેદાર બનાવી કાંપિલીના બંદોબસ્ત માટે પાછા મોકલ્યા. ધર્માંતર છતાં એ બંનેનો હિંદુ ધર્મ પ્રતિનો આદર જરા પણ ઘટયો નહોતો. એમણે દક્ષિણના સંત વિદ્યારણ્ય (માધવાચાર્ય)ને પોતાના ગુરુ બનાવ્યા. શૃંગેરી મઠના શંકરાચાર્ય વિદ્યાતીર્થની સંમતિ મેળવીને વિદ્યારણ્યે એ બંનેને પુનઃ ધર્મમાં લીધા અને હરિહરને કાંપિલીનો રાજા બનાવ્યો. આનેગુંદી એની રાજધાની હતી. હિંદુ આદર્શોની પુષ્ટિ અને ધર્મની રક્ષા એ આ નવા શાસનનું એક મુખ્ય ધ્યેય હતું અને સંત વિદ્યાતીર્થનું એને પીઠબળ અને એમની પ્રેરણાનો એમને સાથ હતો. પણ રાજાના ધાર્મિક શુદ્ધિકરણને લોકો સ્વીકારી શકતા નહોતા. અંતે ખુદ વિદ્યારણ્યે જાહેર કર્યું કે હરિહર ભગવાન વિરૂપાક્ષના પ્રતિનિધિ તરીકે જ રાજ કરશે. એણે પડાવેલા સિક્કાઓ ઉપર પણ રાજાનું નહિ, દેવનું નામ હતું. ધીરેધીરે લોકવિરોધ પણ શાંત પડી ગયો અને એનું શાસન સ્થિર થયું એટલું જ નહિ, ઉન્નતિને માર્ગે વિકસવા માંડયું.

એની રાજધાની આનેગુંદી તુંગભદ્રાની ઉત્તરે હતી. સંરક્ષણની દૃષ્ટિએ એ પૂર્ણ સુરક્ષિત નહોતી એટલે વિદ્યારણ્યના સૂચનથી હરિહરે તુંગભદ્રાની દક્ષિણે હેમકૂટ, મતંગ અને મલયવંત (માલ્યવાન) પર્વતની વચ્ચે એક નવી નગરી વસાવી. સાત વર્ષે એનું કામ પૂરું થયું. ઈ. ૧૩૩૬માં હરિહરનો એ નવી પાટનગરીમાં રાજ્યાભિષેક થયો. હિંદુ શાસનની પુનઃ પ્રતિષ્ઠાના એ વિજયની સ્મૃતિમાં એ પાટનગરીને વિજયનગર નામ અપાયું. હમ્પી તીર્થની પાસે જ હોઈ એ હમ્પી નામે પણ ઓળખાય છે. આ પછી ૧૭મી સદી સુધી આસપાસના મુસ્લિમ રાજ્યો વચ્ચે એ મહાન હિંદુ રાજ્યે જે ભવ્ય સિદ્ધિઓ મેળવી એ આ દેશના ઇતિહાસનું એક ગૌરવવંતુ પ્રકરણ બની રહી. હરિહરના પિતાનું નામ સંગમ હતું એ પરથી એનો રાજવંશ સંગમ વંશ કહેવાયો. સંગમવંશી રાજાઓ ભગવાન શંકરના વિરૂપાક્ષ સ્વરૂપના ઉપાસક હતા. હરરાયનો એક વંશજ દેવરાય (પહેલો) ઈ. ૧૪૦૬ થી ૧૪૨૨ દરમિયાન વિજયનગરની ગાદીએ હતો ત્યારે એણે પોતાના રાજ્યમાં અનેક વિદ્વાનો, કવિઓ ને કલાકારોને બહુમાનપૂર્વક આશ્રય આપેલો. એના રાજ્યકાળમાં વિજયનગર દક્ષિણ ભારતનું એક મોટું વિદ્યાધામ ગણાતું. શિલ્પ, સ્થાપત્ય અને ચિત્રકળાની આગવી શૈલીનો ત્યાં વિકાસ થયો હતો. આનેગુંદી, તાડપત્રી, કાંચીપુરમ્, કાલહસ્તિ, તિરૂપતિ, તિરુવન્નામલ્લઈ, ચિદમ્બરમ્, તિરૂવલ્લુર, કુંભકોણમ્, શ્રીરંગમ્, લેપાક્ષી વગેરે અનેક સ્થળે એનો કલાપ્રભાવ આજે પણ જોવા મળે છે.

વિદ્યા અને કલાના ભોક્તા દેવરાયે અનેક સુંદર મંદિરો પણ બંધાવ્યાં હતાં. એમાંનું એક એના કુળદેવતા વિરૂપાક્ષનું ભવ્ય સુંદર મંદિર આજે ભગ્ન દશામાં પણ પોતાની કલાસમૃદ્ધિ સાચવતું ઊભું છે. કલાકાર લેખક શ્રી વાસુદેવ સ્માર્તે અહીં એ મંદિરમાંનાં કેટલાંક સુંદર ભીંતચિત્રોનો પરિચય આપ્યો છે. —સં.

# વિજયનગરના વિરૂપાક્ષ મંદિરનાં ભીંતચિત્રો

દક્ષિણ ભારતનાં ભીંતચિત્રો (૫) • લેખક-આલેખક **વાસુદેવ સ્માર્ત**

હોસ્પેટથી પાંચ માઈલ દૂર ડુંગરાળ પ્રદેશની વચ્ચે વિજયનગરના સામ્રાજ્યની રાજધાની હમ્પીના ભગ્નાવશેષો ક્ષતવિક્ષત દશામાં બહોળા વિસ્તારમાં છૂટાછવાયા પથરાએલા છે. ભગ્ન દશામાં પણ એના વિશાળ રાજમાર્ગો, નગર-આયોજન, ભવ્ય પ્રાસાદો અને સુંદર મંદિરો જોતાં સહેજે સમજાય છે કે તુંગભદ્રાને કિનારે વસેલી આ નગરી એક સમયે સમગ્ર સામ્રાજ્યની યશઃશ્રી હશે. ભોમિયાઓના મુખેથી એ ભવ્ય સંસ્કૃતિની યશગાથા સાંભળી આજે યે રોમાંચ અનુભવાય છે. અહીં ઊભેલાં કમલમહાલ, ગજશાળા, હજારી દેવાલય, રાણીસ્નાન મંદિર, વીરભદ્ર દેવાલય, ગણેશ મંદિર અને તેની ભવ્ય મૂર્તિ, પાસે જ આવેલી નરસિંહ ભગવાનની વિશાળ ખંડિત પ્રતિમા, અને કૃષ્ણ, વરાહ, કોદંડરાય, અચ્યુતરાય, વિઠ્ઠલ વગેરેનાં દેવાલયોનું ભવ્ય શિલ્પસ્થાપત્યની ચારુતા જોતાં વિજયનગરના ભવ્ય ભૂતકાળ અને એના ગૌરવની પ્રતીતિ થાય છે. રામાયણ, મહાભારત, ભાગવત અને કૃષ્ણની જીવનલીલાના પ્રસંગો એક અનોખી જ શૈલીમાં અહીં કંડારાયા છે

પણ આ સમસ્ત ભગ્નાવશેષોમાં મુખ્ય આકર્ષણ તો વિરૂપાક્ષનું મંદિર છે. વિરૂપાક્ષ શિવ વિજયનગરના પ્રથમ રાજવંશના કુળદેવતા હોઈ સ્વાભાવિકરીતે જ આ મંદિરની રચના સવિશેષ સુંદર બની છે. વેગીલા પ્રવાહમાં વહેતી તુંગભદ્રા નદીને કિનારે થોડા ઊંચાણવાળા સ્થાન પર ઉત્તુંગ ગોપુરમ્થી શોભતું આ એક વિશાળ મંદિર છે. એના મોટા ચોકમાં એક તરફ હજારો યાત્રીઓ રહી શકે એવા કક્ષ અને એમના ભોજના-



△દ્રૌપદીના સ્વયંવરમાં અર્જુનનો મત્સ્યવેધ-વિરૂપાક્ષ મંદિરના એક ચિત્રનું રેખાંકન.
આ અંકના પૂઠા પર આપેલું ત્રિપુરાન્તક શિવના ચિત્રનું રેખાંકન અને અહીં આપેલાં આ બે રેખાંકનો એ વિરૂપાક્ષ-મંદિરની ભીંત પરનાં હજી સુધી અલ્પપરિચિત રહેલાં ત્યાંનાં ચિત્રો પૈકીનાં કોઈ વિજયનગર-ની એ સમયની ચિત્રશૈલીનો પરિચય આપવામાં સહાયક બની રહે છે.

▷ પંપાવિવાહ—શિવ-પાર્વતી પાણિગ્રહણ



દિની વ્યવસ્થા માટે મોટા ભઠ્ઠાઓ આજે પણ જોવા મળે છે. પાણીની વ્યવસ્થા માટે બનાવેલી એક નહેર આજે પણ અસ્ખલિત વહી રહી છે.

આ મંદિરના રંગમંડપની છતમાં થયેલું ચિત્રકામ આજ પણ સારી હાલતમાં જોવાં મળે છે. આ ચિત્રાંકનમાં કેટલાક ખાસ વિષયો લઈને કરેલી સુંદર ચિત્રમાળાઓ પણ છે. વિજયનગરના સામ્રાજ્યની સ્થાપનાના પ્રણેતા અને તે સમયના ત્યાંના રાજકુળના આધ્યાત્મિક ગુરુ સંત વિદ્યારણ્યની સવારીનું એક પ્રલંબ ચિત્ર કદાચ સર્વશ્રેષ્ઠ છે. પાલખીમાં બેઠેલા એ સંત પુરુષની આગળપાછળના મોટા જનસમુદાયમાં અનુચરો, વાદ્યવાદકો, ધ્વજધારીઓ, છડીદારો વગેરે ઉપરાંત હાથી, ઊંટ, અશ્વ આદિ પ્રાણીઓનું અત્યંત સુંદર આલેખન છે. ચૌદમી સદીના એ સંતનું લગભગ એકાદ સદી પછી થયેલું આ આલેખન વિદ્યારણ્યના એક સૈકા પછી યે ટકી રહેલા પ્રભાવ તથા ભૂતકાલીન ચિત્રવસ્તુને તાદૃશ કરવાની કલાકારની શક્તિનું દ્યોતક છે.

દ્રૌપદી-સ્વયંવરમાં અર્જુનના મત્સ્યવેધનું એક ચિત્ર પણ એવું જ સુંદર ને પ્રભાવશાળી છે. ત્રાજવાનાં બે પલ્લાંમાં સમતોલન સાધીને ઊભા રહી, નીચે રાખેલા જળપાત્રમાં પડતા પ્રતિબિંબના આધારે ઉપર રાખેલા મત્સ્યનું નિશાન લેતા અર્જુનની દેહછટા, એનાં આભૂષણો ને ફરફરતાં વસ્ત્રો વગેરેના ચિત્રણમાં કલાકારે અજબ કૌશલ દાખવ્યું છે. બેલુરના મંદિરમાં શિલ્પમાં કંડારેલા મત્સ્યવેધને મળતું આ ચિત્ર જોતાં લાગે છે કે આ વિષય આ તરફ લોકપ્રિય રહ્યો હશે.

એક અન્ય ચિત્રમાં રામવિવાહનું આલેખન છે. એમાં ધનુષભંગ કરી જનકનંદિની સીતાને પ્રાપ્ત કરતા રામની સાથે અન્ય ત્રણેય રઘુવંશીકુમારો ને જનકપરિવારની રાજકન્યાઓ પણ દર્શાવી છે. આગળની એક અલગ ચિત્રપટ્ટીમાં વિષ્ણુના દસે ય અવતારોનાં ચિત્ર છે.

અજંતાના ચિત્રશોભનની માફક આ રંગમંડપની છતમાં મધ્યમાં ચોરસ આકારની અંદર મણિમુક્તા અને કમળપુષ્પોની સુંદર ભાતનું અલંકરણ છે. એની બે બાજુએ ચિત્રિત મદનાન્તક તથા ત્રિપુરાન્તક શિવનાં ચિત્રો પણ એટલી જ ઉત્કૃષ્ટતા પ્રકટ કરે છે. વિજયનગરની ચિત્રશૈલીની આગવી લાક્ષણિકતાઓ તેમાં પરખી શકાય છે.

મદનાન્તકના ચિત્રમાં શુક-રથ પર રતિ સહિત આરૂઢ થયેલા ગૌરવર્ણી કામદેવને પુષ્પબાણ વડે ધ્યાનસ્થ શિવનો સમાધિભંગ કરવાનું દુઃસાહસ કરતો આલેખ્યો છે. એની મુગ્ધકર દેહછટા, એના વસ્રાલંકારની સુંદરતા તથા પ્રફુલ્લિત પુષ્પો ઇત્યાદિ દ્વારા એ પ્રસંગને અનુરૂપ વાતાવરણ દર્શાવવામાં ચિત્રકારે સુંદર કૌશલ દાખવ્યું છે. શૃંગાર રસ-આધારિત આ ચિત્રાંકનને પડછે ત્રિપુરાન્તકના ચિત્રમાં એટલી જ કુશળતાથી ભગવાનશંકરની સંહારલીલા ચીતરીને વીરરસને તાદૃશ કર્યો છે.

ત્રણ રાક્ષસોનો વધ કરવા ઉદ્યુક્ત થયેલા કોપાયમાન ભગવાન પિનાકપાણિના આ ચિત્રમાં શિવને પૃથ્વી રૂપી રથ પર આરૂઢ થયેલા દર્શાવ્યા છે. એના ચાર અશ્વો એ ચાર વેદોનો સંકેત છે. એના આકાશરૂપી ધનુષ્ય અને શેષનાગ રૂપી પણછ ઉપર ભગવાન વિષ્ણુ સ્વયં બાણ બન્યા છે. બ્રહ્મા સ્વયં ભગવાન શંકરના સારથિ રૂપે બિરાજ્યા છે. સંકેતાત્મક છતાં સરળ સ્પષ્ટ આ ચિત્રના રેખાંકનની ગતિશીલતા ચિત્રમાધ્યમ પરના કલાકારના પ્રભુત્વની અને ચિત્રવિષય પ્રતિની કલ્પનાશીલતાની દ્યોતક છે. (આ અંકના પૂઠા પર આ ચિત્ર આપ્યું છે.)

આ બંને ચિત્રોની ઉપર નવ ગ્રહનાં ચિત્રો પણ કલાકારોએ મૂકયાં છે. સદ્‌ભાગ્યે સદીઓ પછી યે સુરક્ષિત રહી શકેલાં, વિરૂપાક્ષ મંદિરનાં આ ઉત્કૃષ્ટ ચિત્રો એક સમયના મહાન સામ્રાજ્યના સમૃદ્ધ કલાનિધિની પ્રતીતિ આપે છે. ચાલુક્ય અને ચોલ કલાશૈલી તથા દ્રવિડી કલાતત્ત્વોથી પ્રભાવિત છતાં આગવી લાક્ષણિકતાઓથી પરિપૂર્ણ આ કલાશૈલીનો પ્રભાવ પણ વિજયનગરના સામ્રાજ્યની સીમાઓ સાથે પ્રસર્યો હતો જ, અને એથી દક્ષિણ ભારતની હિન્દુ ચિત્રકલા વધુ સમૃદ્ધ બની હતી. વિરૂપાક્ષ મંદિરનાં ભીંતચિત્રો ને એની આસપાસના અન્ય કલાવશેષો પરથી એની એ ક્ષમતાની પ્રતીતિ થાય છે. □

# ગંગુમા

લેખક · મુકુન્દરાય પારાશર્ય

ને મેં બે કે ત્રણ વાર જોએલાં. મારાં મોટીબા (ઈ. સ. ૧૮૫૬-૧૯૪૦) પાસે અજવાળી મા સાથે એ ક્યારેક આવતાં. તે વખતે મારું બાળપણ. મને ગંગુમા ઘણાં વૃદ્ધ લાગતાં. એની પડોશમાં ગંગુડોશી તરીકે ઓળખાતાં. બાળપણમાં એનું નામ ગંગા હશે એમ અનુમાન કરું છું. માણસના નામોચ્ચારમાં વિકૃતિ કે દોષ આવવા છતાં માણસ પોતે વધુ નિર્મળ, વધુ ઓજસ્વી પણ બની શકે છે. પણ એ મારા અંગત વિચારને અહીં અવકાશ નથી. ગંગુમા વિષે મારાં મોટીબાએ કહેલી વાત સિવાય વધુ વિગતો મારા આળસે હું મેળવી શક્યો નથી. મેળવી હોત તો ખરેખર થોડું જાણવા જેવું મળ્યું હોત એમ લાગે છે.

ગંગુમાનું શરીર એકવડું, દૂબળું, ટટ્ટાર ને કાળું હતું. મોટું કપાળ, માથે વીંખાએલા વાળ, લાંબું મોં, થીગડાં મારેલાં કપડાં, પહેલી નજરે દેખાવ જોવો ન ગમે તેવો. આંખો ઊંડી. પણ એ હસે ત્યારે જોવાનું મન થાય એવું મોઢું લાગે. એની આપત્તિની કથા થોડીક જાણું છું. હશે તો ઘણી. મારાં મોટીબા કહેતાં કે એના જેવી અંદરથી બાળક ને બહારથી ઠરેલ બાઈ ભાગ્યે જ હશે. મોટીબાએ એને વિષે જુદેજુદે પ્રસંગે જે વાત કરેલી તેમાંથી સ્મૃતિમાંથી સાંકળીને અહીં રજૂ કરું છું.

એ કોળીની છોકરી. પાંચ ભાંડરડાંમાં એ વચલી. સાત કે નવ વરસે પરણીને એ સાસરે આવી. માધાપર એનું સાસરું. સાસુસસરો ને વહુ-દીકરો, એમ કુટુંબમાં ચાર જણાં. ત્યાંથી મજૂરી કરી ખાવા રાજકોટ આવ્યાં. ચાર-આઠ આની જેવું ભાડું દઈ એક ઓરડીમાં રે'તાં. એની આગળ છાપરું, એટલે ઓસરી લાગે. સસરાનો ખાટલો એ ઓસરીમાં રહે. બે ચાર વરસમાં સસરા ગુજરી ગયા. એમનાં સગાંઓએ પાછાં માધાપર આવી જવા કહ્યું, પણ ગંગુના વર કાનાને મજૂરી ઠીક મળી રે'તી એટલે રાજકોટ જ રહ્યાં. પછી બે ત્રણ વરસે ગંગુને ઓધાન રહ્યું. સુવાવડ આવે એ પહેલાં જ, ચાર છ દા'ડાના સખત તાવમાં ગંગુનો વર ગુજરી ગયો. એની સાસુ વિષે વાત કરતાં અજવાળીબેન કહેતાં કે કાણે આવનારાં છાતી ફાટી જાય એવું રૂએ; સહન ન થાય; પણ સાસુ બહુ ધીરજવાળાં. એમણે કઠણ છાતીનાં થઈ બેજીવ સોતી વહુને પડખામાં લીધી. એને આશા હતી કે વહુને દીકરો આવે, પણ આવી દીકરી. અજવાળીબેન એની પાડોશમાં રહે. એણે કીધું કે છોકરી ઘણી તંદુરસ્ત ને દેખાવડી હતી. પણ થવા કાળ ને ચાર મહિનાની થઈ ત્યાં રતવા થયો ને પાછી થઈ. ધણી ગયો અને એકની એક છોકરી ગૂંગળાઈને તરફડીને ગઈ, એટલે ગંગુનું ફટકી ગયું. બોકાસા પાડીને રૂએ, હસ્યા જ કરે, નાચે, ઊંઘમૂંધ બેત્રણ પહોર પડી રહે, ભાગે, દોડે, પોતાના વાળ ખેંચી છાતી કૂટે, ગમે તેટલું સમજાવો તો ય ખાવાનું છાંડે ને ખાવા માંડે ત્યારે લૂખો લોટ ફાકે, કાચી ને કાચી જાર ચાવી જાય. એ ગંગુવહુ સાસુને બાવડેથી પકડીને પૂછે કે ડોશી, આ દુ:ખ જોવા શીદ જીવ છ? મરી કેમ ન ગઈ? તું એની મોર થઈ હોત તો સારું હતું. સાસુ કહે કે હું મરીને ય શું કરું? જીવું તો મારી વહુના પડખામાં રહું એટલા માટે મને જીવાડી હશે. અજવાળીબેન કહેતાં કે એ સાસુએ વહુને જે વરસ દિ'થી વધુ સાચવી એવું કોક જ સાચવી શકે. વહુને ખવડાવ્યા વગર ખાય નહિ, સુવડાવીને સૂવે. હારે ને હારે. એક વાર શિયાળામાં મધરાતે બારણું ઉઘાડી ગંગુ ભાગી. સાંકળ પડવાના અવાજથી સાસુ જાગી. જોયું તો વહુ બહાર નીકળી ગઈ. બોલાવી જવાબ ન દીધો ને ભાગી. પાછળ સાસુ દોડી. ઢૂંકું આવતાં વહુ પડી. સાસુએ આંબી જઈ વહુને પકડી પાડી પાછી ઘેર આણી.

પણ પછી સાસુ માંદાં થઈ ગયાં–તાવ ને કફમાં મરે એવાં માંદાં. અજવાળીબેન ગંગુથી બેચાર વરસ મોટાં. પાડોશમાં રહે એટલે જાણવા જોવા ઘણું મળે ને સાથે સંભાળ પણ રાખી શકે. એ કહેતાં કે સાસુને ગળે વળગી વહુ કહે કે મા, બેઠી થા. ઝટ સાજી થા. જો તું મરી તો તારી ચિતામાં ભેળી બળી મરીશ. તારી સેવા કરવા જીવું. નૈકર મારે શું?

સાસુ કહેતી કે જીવવું-મરવું માણસને હાથ નથી, ભગવાનને હાથ છે. બાપ, પાકાં પાનનો ભરોસો શો? તારે તો ભગવાને દીધાં ભાઈભોજાઈ ને કટંબ વિસ્તાર છે. મારામાં જીવ રાખી દુ:ખી થા મા. વહુ કહેતી કે તારામાં જીવ કેમ નો રે? તું હઇને તો તારે ખોરડે હું આવી. હવે તું ય મને રઝળાવીને જા તો હું શેની રઉં? હું ય તારી હારે આવું. અજવાળીબેન કહેતાં કે આ સાસુ-વહુની વાત જોઈ ના જાય તેવી હતી. એ દિવસો કેમ ગયા છ તે હું જાણું છું. પણ મને લાગ્યું કે સાસુને વહુ માટે ને વહુને સાસુ માટે લાગણી છે એટલે સામસામી લાગણીને કારણે બે ય સાજાં થઈ જશે. મારાથી થાય તે હું કરતી. વૈદને તેડી લાવીને, ઘણે દા'ડે ભગવાને સાસુને બેઠી કરી અને હારોહાર ગંગુબાઈ પણ સાજી થઈ ગઈ.

એ સાસુની એ વહુએ ચાકરી કરી. સાસુ ઓસડિયાં ઓળખતી ને કંઈક ઉપચાર પણ જાણતી. એની પાસે ગંગુવહુ શીખી. સાસુ સાથે સીમમાં લાકડાં કાપવા જાય, લાકડાં વેચે, વૈદગાંધીને ઓસડિયાં લાવી આપે, મજૂરી કરે, ગારમાટીની સૂંડલીઓ બનાવે. આ બધું છતાં ગંગુવહુનો જીવ નાનાં છોકરાંમાં બહુ. આડોશપાડોશનાં બધાં છોકરાંને ઓળખે, તેડે, રમાડે અને કોઈ છોકરાંને ઓરી-અછબા નીકળવાના હોય કે ભરાઈ જવાનું હોય તો એને જેટલી આગોતરી ખબર પડે તેટલી એ છોકરાંની માને ન પડે. બાળક માંદું પડે તો દવા સુઝાડે, દેશી ઓસડ સીમમાંથી મળે તે લાવી દે અને છોકરાંની વાતો કરતી હરીફરીને સાસુ પાસે બેસે. એ વિધવા બાઈ ને વળી લોકવરણની, એટલે એને અપશુકનિયાળ ગણનારાં ય માણસો ખરાં. પણ એવાંને ત્યાં વગર બોલાવ્યે ઉંબરો ન ચડે. માંદાં છોકરાં માટે કોઈ બોલાવે તો તરત જાય, નહિતર નહિ. આમ સાસુ સાથે દશ-બાર કે પંદર વર્ષ રહી. એ સાસુને ઘરડાં થયાં ત્યારે કહેતી કે મારી પાસે સેવા કરાવ્યા વગર ગામતરું કરતાં નહિ. ફટાકિયો ફૂટે એમ જાવ તો સેવા કર્યાના મારા કોડ અધૂરા રહે. સાસુ કે'તી કે સાજી-સારી રઇને સેવા લઉં એમાં શું ખોટું? માંદી થઇને પિલાઉં એ તું ઊઠીને જોવા માગ છ? ગંગુવહુ લજાઈ જઇને કહેતી કે મા, મારી પાસે તું જે કરાવ તે કરું. છેવટ સાસુ બે દા'ડાના તાવમાં ગયાં, પણ હવે પોતે નહિ રહે એ વાત વહુને કહીને, સેવા લઇને ગયાં.

ગંગાવહુ એકલી પડી ગઈ. એના ભાઇઓ, એ રાંડી ત્યારના આગ્રહ કરતા'તા, તેમણે વધારે આગ્રહ કરીને પોતા ભેળી પિયર લઈ જવા યત્ન કર્યો, પણ ન ગઈ. એણે કીધું કે આ ખોરડે આવી છું, આંહી જીવી છું, આંહી મરીશ. ભલી મારી ઓરડી ને ભલો મારો ઓટો. આંહી બધું છે. એની નાતમાં તો ઘરઘરણાં થાય. એનાં પિયરિયાંએ સાસુ જીવતાં બેત્રણ વાર કહેલું. સાસુએ ના નહિ કહેલી. કહેલું કે ગંગુને પૂછી એ કે' એમ કરો, પણ ગંગુવહુ ઘસીને ના કહેતી. ચિડાઇને કે'તી કે એવી વાત મારી આગળ નહિ. જે ધણીને મેં નાનપણથી જીવ દીધો એનું ગામતરું થયા કેડે હું એને છેહ દઉં તો હું કયે ભવે છૂટું? મારે મરીને એને મળવું છે. ઈ મારો આધાર હજી હાજરાહજૂર છે. અજવાળીબેન વાત કરતાં કે રાતે નવરી પડે એટલે ઓરડામાં ધણી અને છોકરી જીવતાં હોય ને એની હારે પોતે વાત કરતી રમતી-રમાડતી હોય તેમ એ કર્યા કરતી. જોનારને એ ગાંડપણ જ લાગે, પણ એમાં એ જીવતી.

મારાં મોટી બાએ એક વાર ગંગુબાઇને પૂછેલું કે દેવદર્શને જાવાનું થાય છે કે નહિ? ગંગુ ડોશીએ કહ્યું કે ના મા, જવાય ત્યારે અજવાળી-

લઘુકથા

# વમળમાં

પ્રતિમા સી. જોશી

'ઇતેષી, મેં તને કેટલી વાર કહ્યું કે તારે આમ એંઠવાડ ઢોળવા બા'ર જવાનું નથી. પણ તું તો......'

અને ઇતેષી ખડખડાટ હસતી ફ્લૅટમાં પ્રવેશી ત્યાં તો અનિલનો અવાજ સાંભળી રાધામા બોલ્યાં: 'પણ, છે શું અનિલ?'

'અરે બા, સામેના ફ્લૅટમાંનો પેલો માણસ ઈતુને કેવા ડોળા ફાડીને જોઈ રહ્યો છે. આ નવા ફ્લૅટમાં હું અઠવાડિયાથી જોઉં છું.'

'અરે ઈતુ, બેટા અનિલ માટે હાથ ધોઈને પાણી તો લાવ!' ઇતેષી પાણી લેવા ગઈ ત્યાં રાધામા બોલ્યાં: 'હાં ગઈ કાલે સામેના ફ્લૅટવાળાં જાનકી મા નવી ઓળખાણ કરવા આપણે ત્યાં આવી ગયાં તે કહેતાં'તાં કે—'

ત્યાં તો ઇતેષી પાણી લઈ હસતી હસતી ઊભી રહી અને અનિલ ખિજાતો રહ્યો. રાધામાએ આગળ ચલાવ્યું: '—મારા મયૂરને ત્રણ વખત ગાંડાની ઇસ્પિતાલમાં મૂક્યો અને મગજના ફોટા લેવડાવ્યા, પણ કાંઈ ફેર પડતો નથી. નહિ તો તમારા અનિલની માફક મારે ત્યાં પણ વહુ આવત.'

અને ખાલી પ્યાલો લઇને ઇતેષી પતિને અંગૂઠો બતાવતી હસતી હસતી ચાલી ગઈ. અને અનિલ... □

---

બેન પાસે જાઉં. બીજે કયાં જાઉં? મોટીબાએ મંદિર-હવેલીએ જવાના લાભ કહ્યા. તેના જવાબમાં તેણે કહ્યું કે ઈ સાચું માડી. સમજું છું, પણ હું કેમ જાઉં? એવી ટેવ પડી ગઈ છે કે સાંજે ઝાલર થાય એટલે આકુડા કાન મંડાય, છાતીમાં કાંક થાય ને લાગે કે હમણાં જાણે એનાં પગરખાં ખખડયાં કે ખખડશે. પછી તો સમજું મન મનાવું. પણ ઈ ટાણે ઈ મટવું નથી. મા, જીવ અધૂરિયો એટલે પગ ઊપડતો નથી.


ગંગુ ડોશીનું અવસાન થઈ ગયાના ખબર આપતો કાગળ અજવાળી મા તરફથી આવ્યો તે રાતે સિહોરમાં (૧૯૩૬માં) મારાં મોટાં ફઈ નર્મદાફઈને વાત કરતાં મોટીબાએ ગંગુ ડોશીનો એની જુવાનીના વખતનો એક પ્રસંગ કહ્યો. એ પ્રસંગ મેં ત્યારે પહેલી ને છેલ્લી વાર સાંભળ્યો. કે એની પાડોશમાં એક વેપારીનું ડેલીબંધ ઘર હતું. ઘરમાં ભાયડો-બાઈડી બે. બાઈ ગંગુની ઉંમરની અને ભલીભોળી હતી. એને એક જ ધાવણો છોકરો હતો. તે પહેલે શિયાળે બહુ ભરાઈ ગયો ત્યારે બાઈની વાંસે લાગી, દવા કરનાર વૈદ કે દાક્તરની પરવાનગી મેળવી, બેઠી ભોંરીંગણીનાં ફૂલનાં કેસર લઢી, ગરમ કરી ખરડ કરાવરાવેલો. પછી છોકરાની તબિયત ઝડપથી સુધરી. ત્યારથી એ બેઉના જીવ વધારે મળી ગએલા. એટલે ગંગુ કોઈ વાર બપોર પછી નવરી હોય તો ઘડી મળવા જાય, છોકરાને રમાડે. એક વાર ગંગુ ગઈ ત્યારે નસીબને કરવું ને બાઈ કોઇને મળવા ગએલી ને ઘરમાં ભાયડો એકલો હતો. એણે કીધું કે અંદર છે, આવ ને. ગંગુ ઓરડામાં ગઈ. આણે ડેલીની સાંકળ વાસી અને પાછળ ગયો. કોઈ હતું નહિ એટલે ગંગુ પાછી ફરતી હતી ત્યાં જ ઓલાએ અંદર આવી કીધું કે તું ગરીબ છે, નિરાધાર છે, મને તું ગમે છે. તારે રોટલાની તકલીફ ન પડે માટે દર મહિને પાંચેક રૂપિયા આપીશ. આમ કહી ન કરવાના કામની માગણી કરી. ગંગુ ઉશ્કેરાઈને ભાગવા ગઈ. ઓલાએ બાવડું પકડયું તો ગંગુએ જોરથી હાથે બટકું ભરી લોચો ઊતરડી લીધો! બીજું બટકું ભરવા ગઈ ત્યાં ઓલાએ છોડી દીધી એટલે ભાગી ડેલી ઉઘાડીને બહાર. રસ્તામાં માણસોને થયું હશે કે લોહીવાળું મોઢું લૂછતી જાય છે એટલે કંઈક થયું હશે. પણ કોઇએ પૂછયું નહિ, ગંગુએ કોઇને કહ્યું નહિ—સાસુને ય નહિ. એને ઉંબરે એ બે વરસ ન ચડી. બાઈ કો'ક વખત છોકરાને લઈ ગંગુને મળવા આવે પણ ગંગુ છોકરાને ન તેડે, પોતે રોયા કરે. એટલે બાઇએ પણ મળવાનું બંધ કર્યું. પછી છોકરો માંદો થયો. મંદવાડ વધ્યો એટલે બાઈ આવી. ગંગુને કીધું કે બેન, છોકરો માંદો થઇ ગયો છે, તું જોઈને કાંઈક સુઝાડ. માંદો વધારે છે નહિતર હું આંહી લાવત. પણ ગંગુએ કહ્યું કે હું નહિ આવું. ભગવાન એને સાજો કરે. ગંગુ ન ગઈ. ચાર-છ દિવસે છોકરો ગુજરી ગયો. એ ખબર પડી એટલે લત્તાની બીજી બાઇઓ સાથે ગંગુ ખરખરે ગઈ ને ત્યારે પેલી બાઈ પાસે પોક મૂકીને એટલું રોઈ કે ખેંચાઈ ગઈ. ભાન આવ્યું ત્યારે સહુના સાંભળતાં એટલું બોલી કે બેન, તારો વિચાર આવવાથી આવી ને રોવાઈ જવાયું. તું છોકરાની મા. એ જણ્યું જાતાં તું કેવી દુખી થઈ ગઈ! બાઇને છોકરું હોય ઈ પૂર્વનાં પૂન્ય, એ ભાગ્યશાળી. એમાં જે બાઇને ધણી જેવો ધણી હોય એ ભગવાનની મે'ર. જેને ધણી યે પોતાનો નહિ એને આખી દુનિયા ખાવા ધાય. એમાં જ્યારે આશા રાખી હોય ઈ દીકરો ય જાય! બેન, તું નોધારી થઈ ગઈ. પોતાનું કોઈ જ નહિ! અજવાળીબેન ત્યારે હાજર હતાં. એટલે એણે એક દિ' આવું બધું બોલવાનું કારણ પૂછયું ત્યારે ગંગુએ પેટ ખોલી એની એકની આગળ આ વાત કરેલી.

ગંગુને ધણી છોકરાં માટે કેવો ભાવ હતો એ આ બનાવથી દેખાય છે. એના અવસાનના ખબર દેતા કાગળમાં અજવાળીમાએ લખેલું કે રોજ સવારે મારે ત્યાં આવીને પછી બીજે કામે જતાં. સાવ ખખડી ગએલાં. એક દિ' સવારે ન આવ્યાં એટલે માંદાં થઈ ગયાં હશે એમ માની હું ખબર કાઢવા ગઈ. બારણે ધક્કો દીધો. પાણેથી ટેકવેલું એટલે ઊઘડી ગયું. જોયું તો ગંગુ મા સામે જ ફાટેલા કોથળા પર ચત્તાંપાત સૂતાં'તાં. માથા નીચે એક જોડો અને ફાટેલ ગાભા જેવો ફેંટો હતાં. છાતી પર બીજો જોડો, એક બે ઝભલાં, બાળોતિયાં ને ધાવણી હતાં. પાસે તૂટેલી ટકડી ખાલી પડી'તી. હું સમજી ગઈ કે જોડા ને ફેંટો એના ધણીનાં હતાં ને ઝબલું-ધાવણી છોકરીનાં હતાં. આંખો બંધ હતી. મેં સાદ કરી ઢંઢોળી. નમીને જોયું તો મરી ગઈ હતી. જે જિંદગી પચાસ વરસ પહેલાં ચાર કે પાંચ વરસ માટે એ સોણાં જેવું જીવી ગએલી એ એ જિંદગી છાતીએ રાખીને એ જીવી ને છાતીએ રાખીને ગઈ. □

**હરિઃ ૐ આશ્રમ તરફનાં**

**માર્ચ અંક માટેનાં રૂ. ૫૦–૫૦નાં બે પારિતોષિકો**

જીવનચરિત્ર 'પંજાબની મહારાણી જિન્દા' માટે અશોક હર્ષને
અને વ્યક્તિચિત્રો 'ગામડાનો દર્શનાર્થી' માટે
મુકુંદરાય વિ. પારાશર્યને મળે છે.



'વિનોદ'ની નજરે
[૨૫]

# નીરુભાઈ દેસાઈ

લેખક—
વિનોદ ભટ્ટ

મારો એક મિત્ર કહેતો હતો કે અમદાવાદનાં જોવાલાયક સ્થળોની મુલાકાત માટે લક્ઝરી બસની વ્યવસ્થા કરવામાં આવી છે એ રીતે અમદાવાદના મળવા યોગ્ય મહાનુભાવોનું ય ગોઠવવું જોઈએ. અમદાવાદ–દર્શનનો એ રીતે વિસ્તાર કરવામાં આવે તો મળવા જેવા મહાનુભાવોની યાદીમાં નીરુભાઈનું નામ મોખરે મુકાવું જોઈએ. જવાહરનગરમાંનો તેમનો, કોઈ દેવના રથનાં પૈડાંના દરવાજાવાળો બંગલો જાણે એક મિની મ્યૂઝિયમ જોઈ લો. એ બંગલામાં બેઠેલા નીરુભાઈને જુઓ તો એ પણ જરીપુરાણા સંગ્રહસ્થાનનો એક ભાગ જ લાગે. આ કલાકૃતિઓની વચ્ચે, ભગવાને કોઈ અચ્છા શિલ્પીની જેમ શ્રમ લઇને તેમને ય ઘડયા છે એવું લાગ્યા વગર નહિ રહે.

ગુજરાતથી અજાણ્યો માણસ કદાચ પ્રશ્ન કરે કે આ નીરુભાઈ શું ચીજ છે? તો આપણે તેને કહેવું પડે કે નીરુભાઈ શું નથી! પોતાનું નામ લોકજીભે રમતું રહે એ માટે પત્રકાર તરીકેનો વ્યવસાય તેમણે સ્વીકાર્યો છે. દેખાવે તે કલાકાર છે. (એટલે પોતાના બાહ્ય દેખાવ માટે કૅરફૂલી કૅરલેસ છે.) રાજકારણીઓની મધ્યે તે સલાહકાર છે. (એક લોકવાયકા પ્રમાણે નવા પ્રધાનો તેમની સલાહ પ્રમાણે જ રાજ્યવહીવટ ચલાવે છે. મોરારજીભાઈ તેમની સલાહ પ્રમાણે વર્તતા હોત તો દેશની દશા અત્યારે છે એવી તો ન જ હોત એમ તે માને છે.) ઇતિહાસકારોની વચ્ચે તે અભ્યાસી છે. (પણ ઇતિહાસ બદલવામાં તેમને રસ નથી, એટલે કૉંગ્રેસની ટિકિટનો ભૂતકાળમાં તેમણે અસ્વીકાર કરેલો.) કલા સંગ્રાહકો સમક્ષ તે કલાપરખુ છે. (નો કૉમેન્ટ). અનુગામીઓ વચ્ચે પથદર્શક છે. (દુર્ભાગ્યે ઘણા અનુગામીઓને આ વાતની ખબર નથી.) અર્થશાસ્ત્રીઓ ને સમાજશાસ્ત્રીઓ આગળ તે સવ્યસાચી છે. આમ મલ્ટીફેસેડ પર્સનાલિટી ધરાવવાને કારણે જાતજાતની ને ભાતભાતની સંસ્થાઓ સાથે તે સંકળાએલા છે. ગુજરાત સ્પૉર્ટ્સ કાઉન્સિલ, ગુજરાત પ્લાનિંગ બૉર્ડ, ગુજરાત ઇકૉનૉમિક્સ કૉન્ફરન્સ, માઉન્ટનીઅરિંગ ઇન્સ્ટિટયુટ, નાટ્ય ઍકૅડેમી, શ્યામજી કૃષ્ણ વર્મા સ્મારક સમિતિ, ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કૉર્પોરેશન–કદાચ તેમને ય યાદ નહિ હોય એટલી સંસ્થાઓ સાથે તે જોડાએલા છે. આગળ 'ગુજરાત' હોય ને પાછળ બૉર્ડ અથવા કાઉન્સિલ કે એવું કશું લખ્યું હોય તો એમાં ક્યાંક ને ક્યાંક નીરુભાઈ હોવાના જ. ભારતના તમામ રાજકીય પક્ષો સાથે તેમને સારાસારી છે. સત્તાધારી પક્ષ સાથે હોય એટલા જ મીઠા સંબંધો વિરોધ પક્ષ સાથે ય હોય. તેમને વી. વી. શુક્લ સાથે પણ ઘરોબો હોય અને અડવાણી સાથે ય એટલી જ આત્મીયતા હોવાની. પહેલાં તે કૉંગ્રેસ સાથે જોડાએલા. ત્યાર બાદ કેટલાંક વર્ષ સામ્યવાદ અપનાવેલો. અત્યારે તે પાકા સમાજવાદી છે. ('હું, મસાણી ને બધા' એ તેમનું ધ્રુવવાક્ય છે.) ઈ. ૧૯૩૫–'૩૬માં તેમણે એક પુસ્તક લખેલું: 'લેનિનથી વ્લાદીમીર.' એ વખતે તે ક્રાન્તિકારી યુવાન થવાનો આદર્શ લઇને બહાર આવેલા. કહેવાય છે કે હવે પછીના તેમના નવા પુસ્તકનું નામ હશે, 'શાંતિલાલથી વ્હાડીલાલ' (વાડીલાલ લલ્લુભાઇ). નીરુભાઈ માત્ર રાજકીય પક્ષોના જ સલાહકાર નથી; કસ્તૂરભાઈ, વાડીભાઈ વગેરેના ય સલાહકાર છે.

તેમની રાજકીય પ્રવૃત્તિઓના અનુસંધાનમાં એક પ્રસંગ યાદ આવ્યો: ચૂંટણીઓ નજીક આવી રહી હતી. નીરુભાઈએ હરિપ્રસાદ વ્યાસ, પ્રબોધ રાવળ, હરિહર ખંભોળજા વગેરે યુવાનોને ભેગા કરીને કહ્યું: 'આપણે સોશ્યલિસ્ટ પાર્ટીની સ્થાપના હમણાં ને હમણાં કરી નાખીએ અને ચૂંટણીમાં ઝુકાવી દઈએ...' પછી તરત જ તેમણે સોશ્યલિસ્ટ પક્ષ ઊભો કરી દીધો. હરિપ્રસાદને પક્ષના મંત્રી બનાવી દીધા. પક્ષને ઑફિસ પણ અપાવી દીધી. બે-ત્રણ મીટિંગો ઉત્સાહભેર ભરી ય ખરી. ચારેક દિવસ પછી કોઈ અગત્યના કામ માટે હરિપ્રસાદે નીરુભાઇને ગુજરાત સમાચારમાં ફોન કર્યો તો જવાબ મળ્યો કે નીરુભાઈ તો કૉંગ્રેસ હાઉસ ગયા છે. હરિપ્રસાદ સાઈકલનાં પેડલ મારતા કૉંગ્રેસ હાઉસ પર પહોંચ્યા તો નીરુભાઈ ખુરસીમાં બેઠા બેઠા કશુંક લખી રહ્યા હતા. હરિપ્રસાદ તેમની સાથે વાત કરવા ટેબલ પર જરા ઝૂકયા: 'નીરુભાઈ—'

'વાત કરવાનો મારી પાસે બિલકુલ ટાઈમ નથી. અત્યારે હું બહુ બીઝી છું...' કહી નીરુભાઈ લખવામાં મશગૂલ થઈ ગયા. તે કૉંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો લખતા'તા.

ગુજરાત ને તેમાં ય અમદાવાદના વ્યાયામ, સાહિત્ય, રાજકારણ, પત્રકારત્વ, અર્થકારણ, પુરાતત્ત્વ, સ્થાપત્ય, શિલ્પ, કલા, સંગીત, નાટ્યકલા વગેરેના વિકાસમાં તેમણે અમૂલ્ય ફાળો આપ્યો છે એવું લોકો માને કે ના માને, પણ એ તો માને જ છે. કહે છે કે ભારતને આઝાદ કરવામાં ય તેમણે મુખ્ય ભાગ ભજવેલો. લોકોને ભલે આ વાતની ખબર ના હોય, પણ આ બાબતના યશભાગી ગાંધીજી જેટલા જ નીરુભાઈ પણ છે. ગાંધીજી કરતાં ય વધારે વખત તે જેલમાં ગયા છે. (ને છૂટયા પણ છે.) 'શિરાઝ ગો બૅક' એવું ડામરના કૂચડાથી ભીંતો પર તેમણે લખેલું એ વાંચીને જ અંગ્રેજો હિન્દ છોડીને ચાલ્યા ગએલા.

ભારતમાં ઘણું બધું બની ગયું, જેના પડદા પાછળના સૂત્રધાર આપણા નીરુભાઈ છે. વચ્ચે કો'ક કહેતું'તું કે ૧૯૭૬ના ડિસેમ્બરના અંતમાં વી. સી. શુક્લ અમદાવાદ આવ્યા ને નીરુભાઈ પાસે ગયા ત્યારે નીરુભાઈએ કટોકટી લાદવા માટે શુક્લને ઝાડી નાખેલા. સખત ઠપકો આપીને કહેલું કે ઇન્દિરાજીને કહેજો કે નીરુભાઈએ એવું કહેવડાવ્યું છે કે કટોકટી સત્વરે ઉઠાવી લો. પછી શુક્લ દિલ્હી ગયાના બીજા અઠવાડિયે જ ઇન્દિરાજીએ ચૂટણીઓ આપવાની જાહેરાત કરેલી.

નીરુભાઈનું બીજું નામ શ્રીયુત પ્રથમ છે. શહેરના જાહેર જીવનમાં તેમણે ઘણાં કામો પ્રથમ રહીને કરેલાં. સારંગપુરથી તે એલિસબ્રિજ રહેવા ગયા ત્યારે અખાડો પોતાની સાથે લઈ ગએલા. એલિસબ્રિજમાં અખાડાપ્રવૃત્તિની પહેલ તેમણે કરેલી. (કામની બાબતમાં એમની અખાડાવૃત્તિ આજે ય ચાલુ જ છે.) પહેલો બાળમેળો તેમણે ભરેલો. પહેલું ગુજરાતી ડાયજેસ્ટ 'શ્રીરંગ' તેમણે શરૂ કરેલું. 'ચિત્રલોક' નામનું પહેલું ગુજરાતી સિને-સાપ્તાહિક પણ તેમણે જ શરૂ કરેલું. તેમને ગુજરાતી જર્નાલિઝમના ફાધર તરીકે ઓળખવામાં આવે છે. (લોકો ખાનગીમાં તેમને કિંગમેકર પણ કહે છે.) ઘણા લોકોને તેમણે લખતા કર્યા. બકુલ ત્રિપાઠી, જયંતી પટેલ, પ્રબોધ જોષી વગેરે હાસ્યલેખકો તેમની શોધ

છે. (તેમની નજરમાંથી હું કેવી રીતે છટકી શક્યો એનું તેમને આશ્ચર્ય છે.) માધવસિંહ સોલંકી પણ તેમના હાથ નીચે તૈયાર થએલા. (નીરુભાઈએ એ વખતે તેમને માત્ર સારા પત્રકાર બનવાની જ તાલીમ આપેલી. અચ્છા રાજ્યકર્તા બનવાની તાલીમ આપી હોત તો માધવસિંહ આજે ભારતના વડા પ્રધાન હોત. ખેર! પણ એમાં દોષ કોઈનો ય હોય તો તે માધવસિંહનો છે.) કોઈની કલમમાં નૂર છે એવું જણાય કે તરત જ તેની પાસે નીરુભાઈ લખાવવા માંડે; ને પેલાને એક વાર લખવાનું કામ સોંપ્યા પછી એ શું લખે છે એ પણ ના જુએ, ના તેની આડા આવે કે ના કોઈને આડા આવવા દે. 'ચિત્રલોક'ના તે સંપાદક હતા એ અરસામાં શેખાદમ આબુવાલા પાસે તે ફિલ્મોનાં અવલોકનો લખાવતા. શાંતિલાલ શાહે વચ્ચે એક-બે વાર દખલ કરી આ કૉલમની શી જરૂર છે એવું કહ્યું એટલે આ મુદ્દા પર નીરુભાઈએ 'ચિત્રલોક'નું સંપાદન છોડી દીધેલું એવી ય કિંવદંતી એ ગાળામાં સાંભળવા મળેલી.

નીરુભાઈ જાતે પણ ઘણાં બધાં કૉલમ લખતા. શાકના આજના ભાવથી માંડીને તે તાજેતરમાં પ્રકટ થએલ અંગ્રેજી પુસ્તકના આસ્વાદ સુધી.

ઘણાં વર્ષો પૂર્વે મેનકા નામની એક નટીએ ચંડોળા તળાવ પર અરધી રાતે જોએલા ભૂતની સનસનાટીભરી જાહેરાત કરી ત્યારે નીરુભાઈ એ ભૂતને મળવા રાતના બે વાગ્યે ચંડોળા પર ગએલા. પણ પછી ભૂત તેમને મળવા નો'તું આવ્યું. (ભૂતને મેનકામાં રસ હોય એટલો નીરુભાઈમાં ના હોય એ સ્વાભાવિક છે.) નીરુભાઈએ છાપાંઓમાં ભવિષ્યકથન સિવાયની બધી જ કૉલમો લખી છે. તેમને ભવિષ્ય કરતાં ભૂતકાળ વધારે ગમે છે. તે ભૂતકાળ વાગોળનાર આત્મા છે.

આગળ કહ્યું તેમ નીરુભાઈની આસપાસ ઘણી દંતકથાઓ ગૂંથાએલી છે. તે દંતકથાના માણસ છે. એમાંની કેટલીક તો ખુદ તેમણે જ ઊભી કરી હશે. 'વાસરિકા' નામની કટાર 'ગુજરાત સમાચાર'માં તે વર્ષોથી લખે છે. એમાં આલેખાતા ઇતિહાસને કેટલાક લોકો 'ઇમૅજિનરી હિસ્ટરી' ગણે છે. એ લોકોના મતે ભારતભરની મહાન વિભૂતિઓ સાથે નીરુભાઈને અંગત સંબંધો હતા એવી છાપ પ્રજામાનસ પર પાડવા તે હમેશાં પ્રયાસ કરતા હોય છે. પોતાની આ કૉલમમાં મોટા ભાગે તે મૃત્યુ પામેલી વ્યક્તિઓ વિષે જ લખે છે, જેથી તેમણે લખેલી વાતનો વિરોધ ઍટલીસ્ટ પેલી મરનાર વ્યક્તિ તો ના જ કરે. જેમ કે કૃષ્ણમેનનના અવસાન પછી નીરુભાઈ તેમના વિષે લખે. જેમાં મેનન સાથેની નિકટતા બતાવવા વચ્ચે એકાદ સંવાદ મૂકી દે કે, ફલાણી તારીખે દિલ્હી ગયો ત્યારે કૃષ્ણમેનનને ભોજન માટે મને ખાસ આગ્રહ કરીને બોલાવેલો. એ દિવસે જમતાંજમતાં તેમની સાથે ઘણી વાતો થઈ. ઓચિંતું યાદ આવતાં કૃષ્ણમેનને મને પૂછ્યું: 'નીરુભાઈ, યાદ છે, આપણે ભદ્રની પીપલ્સ બૅંક પાસે એક આનાવાળી ઈરાની ચા પીતા'તા? એ હોટેલ છે કે નીકળી ગઈ?'

નીરુભાઈ રાહ જ જોતા હોય છે કે કોણ મરે! કોઈ મોટી વ્યક્તિ મરી નથી કે તેના વિષે બીજા અઠવાડિયે નીરુભાઈનો લેખ 'વાસરિકા'માં આવ્યો નથી. કેટલાક પત્રકારો તેમની આ કૉલમ રમૂજથી વાંચે છે. એક વાર શિવ પંડયા અને શેખાદમ બન્નેને નીરુભાઈએ કામ પ્રસંગે બોલાવેલા. શિવે આદમને કહ્યું: 'આપણે તેમને ત્યાં શુક્રવાર પછી જઇએ તો?'

'કેમ?' આદમે પૂછ્યું.

'ન કરે નારાયણ ને આપણે તેમને મળીને પાછા ફરતાં ગુજરી જઇએ તો આવતા અઠવાડિએ 'વાસરિકા'માં તે લખશે. 'આ બન્ને જણ મરવાના આગલા અઠવાડિએ મારી પાસે આવેલા ત્યારે અમારે ખૂબ વાતો થએલી...ને પછી આપણે નહિ કહેલી એવી વાતો લખી નાખશે.'

આ 'વાસરિકા'ની સત્યાસત્યતામાં ઊંડા ના ઊતરીએ તો જે ચોકસાઈથી નીરુભાઈ વરસ, મહિનો ને તારીખો લખે છે એ જોઇને તેમની યાદદાસ્ત માટે તમને માન ઊભરાઈ જાય. તમે હેરતથી વિચારો કે આ માણસની શી અદ્ભુત સ્મરણશક્તિ છે! તમારી કોઈ સંસ્થામાં તેમનું ભાષણ ગોઠવવાનો તમને વિચાર આવે. તેમને તમે મળો. ભાષણ માટે આમંત્રણ આપો. મહદ્ અંશે તે હા જ પાડે. 'તો પરમ દિવસે તમને લેવા 'ગુજરાત સમાચાર'માં આવીશ' કહીને તમે છૂટા પડો.

પણ ભાષણના દિવસે નીરુભાઈ ગાયબ થઈ ગયા હોય! બાજુના ટેબલવાળાને તમે પૂછો: 'નીરુભાઈ ક્યાં?'

'એ તો ગયા; કેમ?' જવાબ મળે.

'અરે, એમને તો એક સભામાં લઈ જવાના છે.' તમે ચિંતાથી કહો.

'તો તો એ ભૂલી જ ગયા હશે...' ને નીરુભાઈ સાચેસાચ ભૂલી જ ગયા હોય! એમને ઓળખનારા એમના વિશ્વાસે ક્યારે ય બેસી ના રહે. બીજા વક્તાને સ્પેર વ્હીલની જેમ અવેજીમાં તૈયાર રાખે; કેમ કે નીરુભાઈ ભુલકણા છે એ વાત એમને જાણનારાને બરાબર યાદ હોય છે.

તેમના આવા ભુલકણા સ્વભાવથી પરિચિત મિત્રે તેમને ડાયરી આપી તેમાં ઍપૉઇન્ટમેન્ટ્સ નોંધવાની સલાહ આપી. એક-બે દિવસ નીરુભાઇએ તેમ કર્યું ય ખરું, પણ પછી તો આખી ડાયરી જ એ ક્યાંક ભૂલી આવ્યા.

તેમના ભુલકણાપણાની બીજી એક કથા એવી છે કે એક વખત તેમના જમણા કાનમાં સખત દુ:ખાવો ઊપડયો. આખી રાત સણકા માર્યા ને ઊંઘાયું નહિ. બીજે દિવસે સવારે તે ડૉક્ટર પાસે ગયા. ડૉક્ટરે કાનમાં દવા નાખી આપી. ઘેર આવ્યા એટલે નીમુબેને પૂછ્યું: 'કેમ આમ?'

'શું થયું?'

'સવારે તો તમે જમણો કાન દુ:ખવાની ફરિયાદ કરતા'તા ને ડાબા કાનમાં દવા નખાવી આવ્યા?'

'ભૂલી ગયો...' એક જ જવાબ, જે બધાને આપે છે એ પત્નીને પણ આપ્યો.

આ શ્રેણીમાં તેમના વિષે લખવાનું હતું એટલે તેમને મળવા જવા માટે બે દિવસ અગાઉ તેમને મેં કહ્યું: 'આ રવિવારે સવારે તમારે ત્યાં આવું છું.' 'ભલે, વેલકમ.' નીરુભાઈ બોલ્યા.

મને મનમાં ફડકો હતો કે આ વિસ્મૃતિનો અવતાર ઘેર હશે જ નહિ. હું તેમના ઘેર ગયો તો મારા આશ્ચર્ય વચ્ચે મારી રાહ જોતા તે ઘેર જ બેઠેલા. મેં પૂછ્યું: 'હું આવવાનો છું એ યાદ હતું?' તો કહે: 'હા; તમે આવવાના છો એ કેમ ભુલાય?' એટલે મને લાગે છે કે નીરુભાઇને જે વાત યાદ રાખવી હોય છે તે યાદ રાખી શકે છે ખરા.

દરરોજ બપોરે ચાર–સવા ચારે 'ગુજરાત સમાચાર'ની ઑફિસ છોડવાનું તે ક્યારે ય નથી ભૂલતા. ગમે તેવું કામ હોય તોપણ તે છોડીને, હાથમાં ખાલી ઝોળી લઇને, નીચી મૂંડીએ ડોલતા ડોલતા માણેકચૉકની શાકમારકીટમાં જશે. રોજ શાક ખરીદવું એ તેમની હૉબી છે. તેમને શોધવા હોય તો આ ગાળામાં શાક ખરીદતા તે પકડાઈ જશે.

આવી જ બીજી હૉબી તેમને ફાટેલાં કપડાં પહેરવાની છે. આપણે બધા કપડાં પહેરીને ફાડીએ છીએ, જ્યારે નીરુભાઈ કપડાં ફાડીને પહેરે છે. એમાં યે ખાસ કરીને કોઈ જાહેર કાર્યક્રમમાં જવાનું હોય ત્યારે તો જોનારને ફાટેલાં દેખાય એવાં, ઇસ્ત્રી વગરનાં, બટન વિહોણાં કપડાં તે પહેરે છે. ક્યારેક તો લેંઘાનું નાડું ય લબડતું રાખે છે. પોતે ધૂની છે એવી છાપ ઊભી કરવાનું તેમને વિશેષ ગમે છે. (આ બધાં આમ તો મોટા માણસનાં લક્ષણો છે.)

પણ તેમનો અત્તરનો શૉખ ભારે. છેક કનોજના અત્તર બનાવનારા સુધી તેમનું નામ મશહૂર છે. લખનઉ યા ગમે તે શહેરમાંથી આવનાર અત્તરવાળો નીરુભાઇને સૂંઘતો સૂંઘતો પ્રેસ પર જશે ને નીરુભાઈ તેની

પાસેથી એકાદ બે શીશી અત્તર તો ખરીદવાના જ. અત્તરવાળા જ કેમ, મૂર્તિઓવાળા, નકશીકામની જૂની પુરાણી અપ્રાપ્ય ચીજો વેચવાવાળા પણ પહેલાં તો નીરુભાઈને જ મળશે. વસ્તુ બતાવશે. પોતાને ખપની હશે તો નીરુભાઈ રાખશે; નહિ તો પછી એવા ખરીદનાર પર ચિઠ્ઠી લખીને પેલાને મોકલી આપશે. (અક્ષરોની બાબતમાં તે ગાંધીજી કરતાં ય આગળ છે. તેમના અક્ષરો ઉકેલી શકનાર પ્રેસના એક કમ્પોઝિટરને પ્રાચીન લિપિ ઉકેલનાર તરીકે નોકરી મળી ગએલી એવું ય કો'ક કહેતું'તું.)

પરંતુ જો એ પુસ્તકવાળો હશે તો તેને બીજા પાસે નહિ મોકલે. પુસ્તક પોતે જ રાખી લેશે. તેમની પાસે ખાસ્સી મોટી લાયબ્રેરી છે. તેમના બંગલાનું ભોંયરું કોઈ દુકાનદારની વખારમાં ય ન હોય તેટલી વેરાઐટીઝવાળાં પુસ્તકોથી ભરેલું છે. ઍન્ટિક્સ, પૉલિટિક્સ, ઈકનોમિક્સ, આર્ટ, ડાન્સિંગ, માઉન્ટનીઅરિંગ, ઍડવર્ટાઈઝમેન્ટ, ફોટોગ્રાફી વગેરે પરનાં મૂલ્યવાન પુસ્તકો તે ધરાવે છે. જો કે આ બધાં પુસ્તકો તેમણે વાંચ્યાં હશે કે કેમ એ શંકાસ્પદ છે. (એક વાર વાસુદેવ મહેતાએ તેમને કહેલું : 'નીરુભાઈ, તમે પુસ્તકો ખરીદો છો, ને હું વાંચું છું.) કેટલીક વાર તો એક જ પુસ્તક તે બેત્રણ વાર ખરીદે છે. કહેવાય છે કે તેમની વાંચવાની ઝડપ ઘણી છે. પણ તેમના કેટલાક દોસ્તોના મતે નીરુભાઈ પુસ્તકોમાં મોટે ભાગે 'રિકપ ઑાવર' કરતા હોય છે. ક્યારેક તો પુસ્તકોના રિવ્યૂ વાંચતા હોય છે. એક વખત 'રેખા'માં રિવ્યૂ કરવા માટે જયંતી દલાલે નીરુભાઈને એક મોટું થોથું આપ્યું. નીરુભાઈ બીજા દિવસે એ થોથું ને તેનો રિવ્યૂ લઈને આવ્યા. દલાલે ડઘાઈ ગએલા અવાજે પૂછ્યું : 'પુસ્તક વાંચીને રિવ્યૂ લખ્યો છે?' 'હા, કેમ?'

'બને જ શી રીતે?' 'એટલે?'

'નીરુભાઈ, આ પુસ્તક વાંચતાં જ મને તો બે મહિના લાગેલા. તમે એક રાતમાં વાંચી નાખ્યું? ...ને પાછો એનો રિવ્યૂ પણ લખી નાખ્યો?'

'હા, એમાં શું?' વિજયી સ્મિત કરતાં નીરુભાઈ બોલ્યા.

પુસ્તક હાથમાં ના હોય ત્યારે નીરુભાઈ ગુજરાતની ચિંતા કરે છે. ગુજરાતની સૌથી વધારે ચિંતા તેમને છે. તે સૂતાંસૂતાં કાયમ ગુજરાત માટે કંઈક કરી છૂટવાના વિચારો કરતા હોય છે. વળી તેમનો મોટામાં મોટો ગુણ એ છે કે તે કોઈને ના નથી પાડતા. પરિણામે તે લોકોનાં ઓછામાં ઓછાં કામ કરી શકે છે. કોઈ વ્યક્તિ પ્રવૃત્તિ શરૂ કરવા માટે નીરુભાઈને મળે તો તે તરત જ કહી દેશે : 'તમે જાઓ, મીટિંગ ચાલુ કરો, હું આવી પહોંચું છું.' ને પછી મીટિંગ પૂરી થઈ જાય તો ય તે દેખાય જ નહિ. આથી અમદાવાદમાં એક કહેવત પડી ગઈ છે: 'નીરુભાઈ આવે છે.'

તેમના સ્નેહી મિત્રોએ ભેગા મળીને વચ્ચે તેમની ષષ્ટિપૂર્તિ ઊજવી ત્યારે આમંત્રણપત્રિકા છપાવી. તેમાં લખેલું કે 'અમુક તારીખે, અમુક સમયે ને સ્થળે નીરુભાઈ દેસાઈનો ષષ્ટિપૂર્તિ સમારંભ યોજવામાં આવ્યો છે, જેમાં પધારવા આપને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવે છે.' અને નીચે તાજા કલમમાં છાપેલું: 'જો નીરુભાઈ ક્યાંક મળી જાય તો સાથે લેતા આવશો.'

નીરુભાઈને એક વાર એક સંસ્થા તરફથી 'ફિશ પૉન્ડ'માં સિમેન્ટની થેલી આપવામાં આવેલી. 'વાતો ઓછી કરો ને કામ મજબૂત કરો...' એવી ટકોર સાથે.

કોઈકે મને કહ્યું કે 'નીરુભાઈ એટલે ઈન્દુલાલ યાજ્ઞિકની પૉકેટ ઍડિશન. મિનિ યાજ્ઞિક.' ત્યારે હું મનોમન ઈન્દુચાચા ને નીરુચાચાની સરખામણી કરવા માંડયો. એકબે બાબતોમાં બન્ને થોડા સરખા જણાયા. પણ એક ફેર બહુ મોટો જણાયો, અને તે એ કે ઈન્દુચાચા માત્ર બહારથી જ નહિ, અંદરથી ય એવા જ ફકીર હતા. □

---

અનુસંધાન] **ડૉકટર નીલકંઠરાય છત્રપતિ** [પૃ. ૧૨૯થી

મુંબાઈમાં પણ બે પ્રકારની બ્રેઈલ લિપિ ચાલતી હતી અને એથી એક શાળાનાં પાઠ્યપુસ્તકો બીજી શાળામાં કામ લાગતાં નહિ. વળી, સરકારે દહેરાદૂનમાં અંધજનો માટે પુસ્તકો તૈયાર કરવાનું એક ખાસ છાપખાનું સ્થાપ્યું હતું તેમાં જુદીજુદી લિપિઓની છપાઈનું કામ ઘણું કપરું ને મોટું બની જતું હોઈ એને પહોંચી વળવું મુશ્કેલ હતું. આથી ઈ. ૧૯૧૭માં મુંબાઈ સરકારે અપંગ માણસોના શિક્ષણની વિચારણા કરવા એક પરિષદ યોજી ત્યારે તેમાં જુદીજુદી બ્રેઈલ લિપિઓની ગુણવત્તા, આવશ્યકતા ને એના એકીકરણનો પ્રશ્ન મુખ્ય બની રહેલો. નીલકંઠરાયે એમાં અગ્રેસર ભાગ લીધો હતો.

એ પરિષદે સર્વાનુમતે અંગ્રેજી બ્રેઈલ લિપિની જેમ મૂળાક્ષરના ઉચ્ચારો સાથે જ સીધો સંબંધ ધરાવતી લિપિ જ ભારતીય ભાષા માટે વધુ અનુકૂળ થઈ શકે એવો નિર્ણય લીધો હતો. એ પછી યે લિપિસુધાર માટે અનેક પ્રયત્નો થતા રહીને એનું જે આખરી સ્વરૂપ ઘડાયું તેનો ઇતિહાસ એક અલગ પ્રકરણ માગી લે તેટલો વિસ્તૃત છે, પણ એ બધામાં એકમાત્ર નીલકંઠરાયે પ્રયોજેલી લિપિ જ હિંદુસ્તાનની પ્રાદેશિક ભાષાઓની ભિન્નતા નિવારવા સાથે વિશ્વની અન્ય બ્રેઈલ લિપિઓ સાથે તાદાત્મ્ય સાધી શકે એવી દીર્ઘદૃષ્ટિપૂર્વક રચાએલી પુરવાર થઈ છે. આમ, ભારતના અંધજનોના શિક્ષણ માટે નીલકંઠરાયનું આ લિપિપ્રદાન એકલું પણ એમની સ્મૃતિને ચિરંજીવ કરવા માટે પૂરતું છે.

નીલકંઠરાયનું જીવન શિસ્ત અને નિયમબદ્ધ હતું. સાદગી ને ઉચ્ચ આદર્શોની મોસાળમાં મળેલી તાલીમનું એમણે જીવનભર પાલન કર્યું હતું. સામાન્યતઃ રોજ સવારે પાંચ વાગ્યે જાગી જઈ, પ્રાતઃકર્મથી પરવારી, થોડી કસરત કરી તેઓ નિયમિત ગીતાપાઠ કરતા. એ પછી બ્રેઈલમાં લખાએલા ગ્રંથોના અધ્યયન અને અંધશિક્ષણના ક્ષેત્રે અન્યત્ર થતી રહેતી પ્રગતિથી તેઓ માહિતગાર બનતા. સ્નાનાદિ પછી તે પોતાનાં વસ્ત્રો જાતે ધોઈ લેતા. મુંબાઈમાં રહ્યા ત્યાં સુધી નિયમિત દરિયાકિનારે ફરવા જતા. ખાનપાનમાં તેઓ મિતાહારી અને નિયમિત હતા. રાત્રે નવ-સાડાનવે તેઓ સૂઈ જતા. ઘરમાં નોકરચાકર રાખ્યા વગર સ્ત્રીઓ બધું કામ જાતે જ કરી લે તેના તેઓ આગ્રહી હતા. ગાંધીજીના પ્રશંસક હતા. પોતાના કાર્યમાંથી તેઓ રાજકારણમાં ભાગ લેવા જેટલો સમય કાઢી શકતા નહિ, પણ એમણે આજીવન ખાદી અપનાવી હતી. છેલ્લાં બેએક વર્ષ એની તબિયત અસ્વસ્થ રહ્યા પછી ૧૯૨૨ની ૧૧મી સપ્ટેમ્બરે અમદાવાદમાં પોતાના નિવાસસ્થાને એમનું અવસાન થએલું.

એમના ભાઈઓ ને પુત્રપુત્રીઓએ પણ વિવિધ ક્ષેત્રે આગવી પ્રતિભાઓ દાખવી હતી. જેમાંથી એમના બીજા પુત્ર મણિભદ્રે વકાલત ઉપરાંત પિતાના અંધશિક્ષણના કાર્યને પણ ઉપાડી લઈ આગળ ધપાવ્યું હતું અને એ બદલ ૧૯૭૦માં અંધજન સેવા માટેનું 'બૅરિસ્ટર આલ્પાઈનવાલા પારિતોષિક' પણ મેળવ્યું હતું. પિતાનો સાદગી અને કરકસરનો બોધ જીવનમાં ઉતારીને એમણે પોતાની કમાણીમાંથી ૫૦,૦૦૦નું દાન આપીને અમદાવાદમાં 'અંધકન્યા પ્રકાશગૃહ'ની સ્થાપના કરાવેલી.

આમ, ડૉ. નીલકંઠરાયે એક આદર્શ જીવનનું ઉદાહરણ પૂરું પાડીને સમાજને અનેક પ્રકારની દેણગીથી ઉપકૃત કર્યો છે. છેક ૧૮૯૪માં અંધશિક્ષણની જ્યોત પ્રકટાવીને એમણે અનેકના જીવનમાં પ્રકાશ પાથર્યો છે. પોતાની આંખો ગુમાવ્યા પછી અનેક મુશ્કેલીઓ વેઠીને એની સામે પુરુષાર્થ, મનોબળ અને તદ્દન નિરપેક્ષ જનસેવાના દૃઢ મનોરથથી અંધજનોના જીવનમાં વ્યાપેલા ઘોર અંધકારને અજવાળીને એમણે એમને લાચારીમાંથી બહાર આણી માનભેર જીવન જીવતા કર્યા છે. □




ભારતીય કલાના સુદીર્ઘ ઇતિહાસના પરિપ્રેક્ષ્યમાં આધુનિક ભારતીય કલા તો એના માત્ર એક અંશ સમાન છે, છતાં એનો વિકાસ આશ્ચર્યકારક રહ્યો છે. સામાન્યત: મનાય છે તેમ સ્વાતંત્ર્ય પછી જ નહિ, પણ આ સદીના આરંભમાં કલાક્ષેત્રે પ્રકટેલી નવજાગ્રતિ, રાજા રવિ વર્મા અને એમની પેઠે પાશ્ચાત્ય ઢબે કામ કરનારા ચિત્રકારો તથા સરકારી કલાશાળાઓમાંથી બહાર પડેલા ચિત્રકારોનાં કલાસર્જનોમાંથી એનાં મૂળ ખોળી શકાય તેમ છે. જૂની લઘુચિત્ર-શૈલીની પડતી પછી આ નવા કલાપ્રયોગોએ પોતાનું આગવું રૂપ પ્રકટ કરવા માંડયું હતું. અભિવ્યક્તિની બહુલતા એ આજની કળાની વિશિષ્ટતા છે. પ્રારંભમાં એ સમજવી જરા કઠિન છે, પણ એની ભાવભૂમિથી પરિચિત થઈ ગયા બાદ એ સમજવી એટલી જટિલ રહેતી નથી. વિશ્વના અન્ય કલાકારોની પેઠે ભારતના આધુનિક કલાકારો પણ સ્વતંત્રતા અને સાહસપૂર્વક કલાત્મક અભિવ્યક્તિ માટે મથી રહ્યા છે. ટેકનિક પ્રતિ એની દૃષ્ટિ સારગ્રહણની રહી છે, તો બીજી બાજુ એ વ્યક્તિવાદી લાગે છે. કદાચ આધુનિક યુગની આ એક મહત્ત્વપૂર્ણ દેણગી છે. આ નવી કલામાં અવનીન્દ્રનાથ ટાગોર, નંદલાલ બસુ, યામિની રાય, રવીન્દ્રનાથ ટાગોર અને અમૃતા શેરગિલનાં નામ અગ્રેસર ગણાય છે. આ આધુનિક ભારતીય ચિત્રકલાને રજૂ કરતી આ ખાસ ટપાલટિકિટો ગઈ ૨૩મી માર્ચે બહાર પડી છે. એમાં મૂલ્યાનુક્રમે પહેલી ટિકિટ પર યામિની રાયનું 'બે વૈષ્ણવ'નું, બીજી પર શૈલજ મુખરજીનું 'મસ્જિદ'નું, ત્રીજી પર રવીન્દ્રનાથ ટાગોરનું 'મુખાકૃતિ'નું અને ચોથી ઉપર (આ અંકના મુખચિત્ર સાથે છે તે) અમૃતા શેરગિલનું 'પહાડી સ્ત્રીઓ'નું ચિત્ર આપ્યું છે. યામિની રાયના કલાસર્જને અનેક કલાકારોને લોકાભિમુખ બનાવવા સાથે લોકકળા પ્રતિ એક નવી જ રુચિ પ્રકટાવી હતી. શૈલજ મુખરજી પણ જનસાધારણ અને પોતાના પરિવેશમાંથી પ્રેરણા લઇને કામ કરનારા એક અગ્રગણ્ય કલાકાર હતા. રવીન્દ્રનાથ ટાગોરે તો ૬૭ વર્ષની વયે ચિત્રસર્જનનો આરંભ કર્યો હતો. પરંપરાથી પર રહી એમણે વર્ણનાત્મક ચિત્રરચના ટાળીને અગોચર મનોપ્રદેશ તથા વિષયવસ્તુનાં કરેલાં ચિત્રોએ તો કલાસંબંધી સામાન્ય દૃષ્ટિકોણમાં આમૂલ પરિવર્તન આણ્યું. —પ્રેષક • જગદીશ બિનિવાલે

---

છે. એમાં પોતાના પ્રાદેશિક કલાપ્રકારોની આગવી સૂઝ ધરાવતી મહિલાઓ પણ હોય છે. પોતાના વતનની યાદ તાજી રાખવા કે એની ઊણપ ભૂલવા માટે એ પોતાના ઘરમાં પોતાની પ્રાદેશિક રીતે રંગોળી પણ કરતી રહે છે. શહેરવાસી આ લોકો એકઠા થઈ પોતપોતાના તહેવાર ઉત્સવો પણ યોજે છે, પણ એમાં અન્ય જનો ખાસ રસ લેતા નથી કે લઈ શકતા નથી. આવી સંઘપ્રવૃત્તિઓથી બહોળા જનસમુદાયને પરિચિત કરવાનો પ્રયત્ન થવો જરૂરી છે. એમાં સુધરાઈઓ, લલિતકલા અકાદમી, રોટરી, લાયન્સ વગેરે જેવી સંસ્થાઓ તથા મહિલામંડળો ને શિક્ષણસંસ્થાઓ આવા સાંસ્કૃતિક સમાગમ માટે પોતપોતાની રીતે કે સામુહિક રીતે અમૂલ્ય ફાળો આપી શકે. ભારતભરની રંગોળીઓ એક સ્થળે તેના અસલ સ્વરૂપે રજૂ થાય એવું ગોઠવી શકાય. ભાષા અને પ્રાદેશિક વાડાઓથી પર રહી દરેક સહૃદય સમજી માણી શકે એવું આ કલાસ્વરૂપ જોઈને શહેરવાસીઓ એના સૌંદર્ય ને ભાવનાનો આનંદ પામવા સાથે એકબીજા પ્રદેશવાસીની વધુ નજીક આવી શકે. પોતાના પ્રાંત સિવાયના અન્ય પ્રદેશના લોકો તથા એમની પ્રાદેશિક સંસ્કૃતિ તરફના અભાવ-ઉપેક્ષામાં એથી જરૂર ઘટાડો થાય, અને દેશના આ એક વ્યાપક કલાવારસાનો વિનાશ થતો અટકે. આ રીતે એક જ સ્થળે એકસાથે અનેકવિધ રંગોળી જોવી એ ભારતભરમાં દરેક પ્રદેશમાં, દરેક ઋતુમાં, દરેક વાર તહેવારે પ્રવાસ કરવા જેવું અશક્ય કાર્ય સંભવિત કરવાનો લહાવો બની રહે. શહેરોની સંસ્થાઓ આ અંગે બહુ જ મોડું થઈ જાય તે પહેલાં જ આવું કંઈક કરે એ અત્યંત જરૂરી છે.

વડોદરાની નગરપાલિકાએ રંગોળીનું આવું એક પ્રદર્શન યોજ્યું હતું. એની સફળતાથી પ્રોત્સાહિત થઈને તેની રીક્રીએશનલ ઍન્ડ કલ્ચરલ કમિટીએ 'રંગોળી–આંગણાનો શણગાર' નામની ૪૮ પાનાંની એક સચિત્ર પુસ્તિકા પ્રકટ કરી છે (કિં. ૨-૦૦ રૂપિયા). એમાં રંગોળીની ઐતિહાસિક ભૂમિકા, એની પાછળની ભૂમિકા, એની પાછળની ભાવના, એના પ્રાદેશિક પ્રકારો, એની વિવિધ પદ્ધતિઓ, એના આગવા સૌંદર્યની સમજ અને આજની પરિસ્થિતિ વિષે માહિતીપ્રદ સુંદર સમજ આપવા સાથે વિવિધ પ્રકારની પ્રાદેશિક રંગોળીના ૪૩ નમૂના તથા ૪ ફોટોપ્લેટો આપ્યાં છે. (અહીં ઉપર આપેલું રંગોળી વિષેનું લખાણ એમાંથી જ ઉપર ઉપરથી તારવેલું છે.) પોતાના શહેરના જ બે ખ્યાતનામ કલાકારો શ્રી જ્યોતિ ભટ્ટ અને શ્રી વિનય ત્રિવેદીનો સહકાર લઈને તૈયાર કરેલી આ પુસ્તિકા એક પ્રશંસનીય પ્રયાસ છે. આવું કાર્ય હાથ ધરવા બદલ વડોદર મ્યુનિસિપલ કૉર્પોરેશન ખરેખર ધન્યવાદને પાત્ર છે. અન્ય શહેર સુધરાઈઓ પણ આવ સાંસ્કૃતિક કાર્ય પ્રતિ પોતાની દૃષ્ટિ વાળે તો !

## એક વાદ્યમંડિત ડાયરી

બહુ પ્રાચીન કાળથી ભારતીય સંગીતનો શાસ્ત્રબદ્ધ વિકાસ થએલો છે. એટલી જ જૂની વિકાસકથા છે એનાં વાદ્યોની. મુખ્ય ચાર પ્રકારમાં એ વહેંચાએલાં છે: વીણા, તંબૂર, સ-

# કલાવાર્તા

## 'રંગોળી-આંગણાનો શણગાર'


'રંગોળી' શબ્દ મૂળ સંસ્કૃત 'રંગાવલિ' પરથી આવેલો છે. બંગાળમાં 'અલ્પના', રાજસ્થાનમાં 'માંડણાં', ગુજરાતમાં 'સાથિયા', બિહારમાં 'આરીપન' (કે 'આલિપન'), ઉત્તર પ્રદેશમાં 'ચૉક', તમિળનાડુમાં 'કોલમ', આંધ્રમાં 'મુગ્ગુલુ' અને ઓરિસ્સામાં 'ઓસા' એ બધા રંગોળીના જ વિવિધ પ્રાદેશિક પ્રકારો છે.

ઘરના આંગણાને વાળીને સ્વચ્છ બનાવી તેના ઉપર સુશીલ ગૃહિણીએ કરેલી રંગોળીથી આંગણું દીપી ઊઠે, અમંગળ દૂર રહે, ઘરમાં દેવદેવીનો વાસ થાય. રંગોળી વિનાનું આંગણું અશુભ કે શોક સૂચવે, ભિક્ષુકો પણ એ ઘેરથી ભિક્ષા ન લે. રંગોળીની પાછળ આવી ભાવના છે. આજે યે દક્ષિણ ભારતમાં સાતે ય વારના ગ્રહોના પ્રતીક રૂપ આકૃતિઓ પર આધારિત રંગોળી થાય છે. અન્ય પ્રદેશોમાં વાર-તહેવારે યા કોઈ ખાસ પ્રસંગે-ઉત્સવે. રાજસ્થાની 'માંડણાં' ત્યાંનાં ગ્રામીણ ઘરોની એક મોટી શોભન-સમૃદ્ધિ છે, તો વૈષ્ણવ હવેલીઓની 'સાંઝી' પ્રસંગાનુરૂપ ભાતીગળ શોભન ઉપરાંત કૃષ્ણ-લીલાને તાદૃશ કરે છે. આમ, ભારતના બધા પ્રદેશોમાં એક યા બીજા સ્વરૂપે રંગોળીનું માહાત્મ્ય છે, લોકજીવન સાથે વણાઈ ગએલો એ એક આગવો કલાપ્રકાર છે.

છેક વેદકાળથી એક યા બીજા નામે રંગોળીના ઉલ્લેખો મળે છે. વિદ્વાનો તો હરપ્પા ને દ્રાવિડ સંસ્કૃતિમાં એનાં મૂળ બતાવે છે સંસ્કૃત સાહિત્યમાં વર્ણવાએલી ચિત્રકલામાં 'ધૂલિચિત્રો' નામે રંગોળીના એક અલગ કલાપ્રકાર ગણાવ્યો છે, તો વાત્સ્યાયને 'આલેખ્યમ્' તથા 'મણિકર્મ' નામે રંગોળીની કળાને સ્ત્રીઓએ જાણવાની ચોસઠ કળામાં સમાવેલી છે. આમ, ભારતમાં રંગોળી બહુ પ્રાચીન કાળથી પ્રચલિત રહી છે. પ્રાદેશિક ભેદે એના વિવિધ પ્રકારો ને અસંખ્ય આકાર-આકૃતિઓનો વિકાસ થતો રહ્યો છે. ભારતીય નારીએ પોતાના આ અજોડ કલાવારસાને જાળવી રાખ્યો છે. અનેક શુભ ભાવનાઓ આ રંગોળી સાથે સંકળાઈ ગએલી છે.

કથા-પારાયણાદિ પ્રસંગોએ પુરાએલા ચોકમાં વપરાએલું ધાન્ય પછી દાનમાં જ જાય. ચોખાના લોટ વડે ઉંબર બહાર કરેલી રંગોળી ક્ષુદ્ર જીવાતોને આહાર પણ આપે ને એમને ઘરમાં પ્રવેશતી પણ રોકે. નિત્ય પ્રભાતે સ્નાનાદિથી પરવારીને વાંકા વળી (બેસીને નહિ) ઘરનું આંગણું વાળી, પાણી છાંટીને તેના પર રંગોળી કરવામાં સ્ત્રીઓને એક વ્યાયામ પણ મળે. મંદિરમાં રંગોળી કરવા ઉપર દક્ષિણ ભારતની ઘણી નિર્ધન વિધવાઓ જીવન-નિર્વાહ પણ ચલાવે છે. રાજસ્થાનની ગ્રામીણ સ્ત્રીઓને મન 'માંડણાં' એ એમના ઘરના શોભન માટેની એક મોંઘી મિરાત બરાબર છે. મહારાષ્ટ્રમાં પૂજા, યજ્ઞ કે જમણમાં બેસવાના આસનની આજુબાજુ રંગોળીની કલા પાથરી દેવાની આવડત એ સ્ત્રીએ સાધવાનું એક અનિવાર્ય કલાકૌશલ ગણાય છે. દક્ષિણના 'કોલમ'માં કેવળ એક જ સળંગ રેખાથી આલેખાતી 'તેલંગી ભૂલ' (ભુલભુલામણી)ની આદિ કે અંત વિનાની અટપટી આકૃતિઓ જોનારને બે ઘડી છક્કડ ખવરાવી દે તેવી કૌશલપૂર્ણ હોય છે. મિથિલા પ્રદેશના 'આરીપન'માં આજે યે બ્રાહ્મણ ધર્મની ને તંત્રમાર્ગનાં પૂજાયંત્રોની આકાર-અસર જળવાઈ રહી છે. બંગાળી 'અલ્પના' તો રવીન્દ્ર સંગીતની જેમ આજે સમગ્ર દેશમાં ખ્યાત થઈ ગએલો શોભનપ્રકાર બની રહી છે. ઉત્કલના ધાર્મિક કર્મકાંડોવાળા વાતાવરણમાં ખીલેલા પ્રકારમાં વૈષ્ણવ પ્રતીકો સાથે પડોશના બંગાળ ને આંધ્રનો કલાપ્રભાવ પણ વણાઈ ગયો છે.

▽ હિમાચલ પ્રદેશના રંગોળીની એક ભાત. એના મૂળ સ્વરૂપમાં ઉપરનો ભાગ વધુ લાંબો હોય છે. (જમણી બાજુ) શાંતિનિકેતનની શૈલીની આધુનિક અલ્પનાની એક કમળવેલ.





રંગોળીની અસંખ્ય ભાતોમાં જે આકાર-વૈવિધ્ય ખીલ્યું છે એનાં નામ પણ એવાં જ સુંદર છે: કાવેરીકુંડ, બિલ્વપત્ર, પારિજાત, વૃંદાવન, રથકમલ, અષ્ટદલ પદ્મ, પગલ્લાં, પદ્મનારી, દેવડી, ચંગ, સાતફૂલ, કળશ, રથ, સુખરાત્રી, ચતુઃશંખ, મંત્રશ્રાવણી, અભિમન્યુનો ચક્રાવો, સર્વત્રભદ્ર, નાગગુંફન વગેરે રંગોળીની કેટલીક લાક્ષણિક ભાતનાં નામ છે. એનાં પ્રતીકાત્મક નિયત સ્વરૂપોમાં બહુ છૂટછાટ લીધા વિના પોતાની સૂઝ ને હૈયાઉકલત પ્રમાણે ભારતની સામાન્ય સ્ત્રીઓએ એ બધી ભાતોને જાળવી રાખી છે. મા પાસેથી શીખીને દીકરી એ કલાવારસાને આજ સદીઓથી આગળ ધપાવી રહી છે.

ચોખાનો લોટ, ખડી-ચૂનો, ચીરોડીનો ભૂકો, કંકુ, સિંદુર ને વિવિધ રંગની ભૂકીઓનો ઉપયોગ કરીને જુદીજુદી અનેક રીતે રંગોળી પુરાય છે. આમાં ગુજરાતના પારસીઓએ તો વળી એક આગવી જ રીત અપનાવી છે. પતરામાં કાણાં પાડી બનાવેલાં બીબાં વડે તેઓ વિધવિધ ભાતનાં 'છાપાં' પાડે છે.

પણ હવે તો રંગોળીના અસલ કલાપ્રકાર ને તેની સાથેની ભાવના ભુલાવા લાગ્યાં છે. મોટાં શહેરોમાં (અને એના વાદેવાદે નજીકનાં ગામડાંઓમાં પણ) રંગોળીના નામે માત્ર વર્ણસંકર ચિતરામણો જ થાય છે. કોઈ પુસ્તક કે સામયિકમાં છપાએલી આકૃતિઓની નકલ કરીને કરાતી એ રંગોળી, પુસ્તક હાથમાં રાખી તેમાં જોઈજોઇને ફિલ્મી ઢાળમાં ગવાતાં લગ્નગીતો જેવી નિર્જીવ લાગે છે. આમાં યે તેલિયા રંગો ને છેલ્લે છેલ્લે આવેલાં સ્ટિકર્સના લીધે તો રંગોળીની અસલિયત જ ભૂંસાઈ રહી છે.

મોટાં શહેરોમાં ઉદ્યોગો અને વેપારધંધાનાં વિકસતાં જતાં ક્ષેત્રોમાં અનેક કારણે લોકોની કલાભિરુચિ ઘટવા લાગી છે. સૌંદર્યપરખનાં આ બદલાતાં ધોરણોમાં કેટલીક અપૂર્વ શક્યતાઓ પણ ઊભી થઈ છે. દેશભરના પ્રાંતેપ્રાંતના લોકો શહેરમાં આવી વસે

રંગી વગેરે જેવાં તાર કે તાંત બાંધેલા 'તત્' (યા તંતુ) વાદ્યો; મૃદંગ, પખાવજ, ઢોલ વગેરે જેવાં ચામડું મઢેલાં ને અંદરથી પોલાં એવાં 'અવનદ્ધ' વાદ્યો; મંજીરાં, કરતાલ. કાષ્ઠતરંગ વગેરે જેવાં 'ઘન' વાદ્યો અને બંસરી, શરણાઈ વગેરે જેવાં ફૂંક મારીને વગાડાય તેવાં 'સુષીર' વાદ્યો. આ ચાર મુખ્ય પ્રકારમાં અનેકવિધ વાદ્યો ભારતમાં એક યા બીજા કાળે વિકસ્યાં, પ્રસર્યાં છે. આ ચાર મુખ્ય પ્રકાર અને એમાં રચાએલાં નાનાવિધ વાદ્યોની નમૂના રૂપ રજૂઆત એ મુંબાઈની જાણીતી પેઢી 'ચીમનલાલ પ્રા. લિમિ.'ની આ વર્ષની ડાયરીનો કેન્દ્રવર્તી વિષય છે. ભારતીય કલાસ્પર્શ ને અવનવા ભારતીય વિષયવસ્તુની અનોખી રજૂઆત સાથે વર્ષોવર્ષ સુંદર ડાયરી તૈયાર કરવાની આ પેઢીની પ્રણાલિમાં આગવી કલાદૃષ્ટિ અને પૂર્ણતઃ ભારતીયતા પ્રતિનો આગ્રહ પ્રકટ થાય છે. રોજિંદી નોંધ માટે ડાયરીમાં જરૂરી એવાં અંગો સાથે આ વર્ષે તેમાં તુનતુન, તંબૂરી. વીણા, ત્રિતંત્રીવીણા, રુદ્રવીણા, કિન્નરીવીણા, સિતાર, ઈરાની સિતાર, સ્વરમંડળ, સૂર સિંગાર, સારિંદા, સારંગી, રબાબ, તાઉસ એ તતવાદ્યો, તબલાં, પખાવજ, ડમરુ, દુંદુભી, નગારું, ઢોલ જેવાં અવનદ્ધ વાદ્યો; મંજીરાં, કરતાલ, ખંજરી જેવાં ઘનવાદ્યો ને તુતરી, પુંગી, મશક, શંખ, શરણાઈ, નાગસ્વરમ્, શૃંગ ને બંસરી જેવાં સુષીર વાદ્યોનાં બબ્બે પાનાં પર ફેલાંએલાં રંગીન ચિત્રો ને જે તે વાદ્યોનો ટૂંકો પરિચય આપ્યો હોઈ આ ડાયરી અંગત ઉપયોગ માટે કે ભેટ આપવા માટેની એક સુંદર કલામય ચીજ બની છે.

## શતરંજ: પંદરમી રાષ્ટ્રીય શતરંજ ટૂર્નામેન્ટ . . . . . . . . . . . . . . . . સુરેશ મોદી

મધ્યપ્રદેશના રફિકખાન ૧૮માંથી ૧૨½ પૉઈન્ટ મેળવી ૧૫મી રાષ્ટ્રીય શતરંજ ટુર્નામેન્ટ જીત્યા છે. મદ્રાસના ૧૭ વર્ષિય નવ યુવાન ખેલાડી રવિકુમારે પણ આ ટૂર્નામેન્ટમાં ૧૨½ પૉઈન્ટ મેળવ્યા હતા, પણ એમનો એસ. બી. સ્કૉર ઓછો હોઈ એમને બીજું સ્થાન મળ્યું.

આપણે આ અગાઉ (જુલાઈ ૧૯૭૭ના અંકમાં) ૧૫મી રાષ્ટ્રીય 'બ' ટૂર્નામેન્ટના પરિણામની વિગત જોઈ હતી. તેમાં પહેલાં ૧૪ સ્થાન પ્રાપ્ત કરનાર તેમ જ ૧૪મી રાષ્ટ્રીય 'અ' ટૂર્નામેન્ટમાં પહેલાં છ સ્થાન પ્રાપ્ત કરનાર, એમ કુલ ૨૦ ખેલાડીઓ આ સ્પર્ધામાં રમવાના હકદાર બન્યા હતા. એમાંથી દિલ્હીના કિશનબિહારી શ્રીવાસ્તવ કોચિન ગયા ન હતા અને મુંબાઈના અવિનાશ આવતે સામે મહારાષ્ટ્ર શતરંજ મંડળે શિસ્તનાં પગલાં લીધાં હોવાથી તેઓ રમી શક્યા ન હતા. ૧૪ વર્ષની રોહિણી ખાડિલકર જે સ્ત્રીઓની રાષ્ટ્રીય વિજેતા છે તેને અખિલ ભારત શતરંજ ફેડરેશનના પ્રમુખે આ ટૂર્નામેન્ટમાં રમવાની ખાસ પરવાનગી આપી હતી આથી ટૂર્નામેન્ટમાં ૧૯ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ ટૂર્નામેન્ટ લીગ પદ્ધતિથી રમાય છે.

રફિકખાન ૧૯૭૫માં પહેલી જ વાર રાષ્ટ્રીય 'બ'માં રમ્યા અને 'અ'માં રમવા હકદાર બન્યા. ૧૯૭૬ની રાષ્ટ્રીય 'બ'માં તો પહેલાં ૧૦ રાઉન્ડમાંથી ૧૦ પૉઈન્ટ મેળવી બધાને ચકિત કરી દીધા, છતાં તે બંને વર્ષે રાષ્ટ્રીય 'અ'માં પ્રમાણમાં નબળો દેખાવ થયો. પણ તેના અનુભવની અસર આ વર્ષે કોટાયમ ખાતે રમાએલી રાષ્ટ્રીય 'બ' ટૂર્નામેન્ટમાં તેમની રમતોમાં દેખાતી હતી. રાષ્ટ્રીય ટૂર્નામેન્ટ શરૂ થઈ ત્યારથી આજ સુધીમાં વિજેતા પદ મેળવનાર તેઓ નવમા ખેલાડી છે.

સત્તર વર્ષના યુવાન ખેલાડી રવિકુમાર પહેલી જ વખત રાષ્ટ્રીય 'બ' ટૂર્નામેન્ટમાં રમ્યા અને બીજું સ્થાન પ્રાપ્ત કર્યું. તેમ જ 'અ'માં પણ બીજું સ્થાન પ્રાપ્ત કર્યું. બન્નેમાં તેમનાં પૉઈન્ટ વિજેતા જેટલા જ હતા, પણ મિડિયન એસ. બી. ઓછા હોવાથી બન્નેમાં તેમને બીજું સ્થાન મળ્યું તે કમનસીબી જ ગણાય.

ત્રીજા સ્થાન પર પણ મદ્રાસના યુવાન ખેલાડી ટી. એન. પરમેશ્વરન્ (૧૨ પૉઈન્ટ) આવ્યા છે. ચોથા અને પાંચમા સ્થાને ૧૧½ પૉઈન્ટ મેળવી અનુક્રમે મહમ્મદ હરુન અને નાસિરૂદ્દીન ગાલિબ (બન્ને આંધ્ર પ્રદેશના) આવ્યા. આઠ વખત પ્રથમ અને ચાર વખત દ્વિતીય સ્થાન મેળવનાર ભારતના એક માત્ર આંતરરાષ્ટ્રીય ઉસ્તાદ મેન્યુઅલ એરોન (૧૧ પૉઈન્ટ) છઠ્ઠા સ્થાને આવ્યા હતા. આ છ ખેલાડી ૧૬મી રાષ્ટ્રીય 'અ' ટૂર્નામેન્ટમાં સીધા રમી શકશે.

ભૂતપૂર્વ રાષ્ટ્રીય વિજેતાઓ નસીરઅલી (ઉ. પ્ર.) અને રાજા રવિશેખર (તમિલનાડ) અનુક્રમે સાતમા અને નવમા સ્થાને આવ્યા હતા. તે બન્નેને પણ હવે રાષ્ટ્રીય 'બ' ટૂર્નામેન્ટમાં રમવું પડશે. નસીરઅલી રાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાં અગાઉ ૧૯૬૩માં રમ્યા હતા અને ત્યારે ચોથું ઈનામ મેળવ્યું હતું. ત્યારથી જ્યારે જ્યારે તેઓ આ ટૂર્નામેન્ટમાં રમ્યા છે ત્યારે પહેલાં ચાર સ્થાનમાંથી એક જરૂર પ્રાપ્ત કર્યું છે. આ પહેલી જ વાર તેઓ ઈનામથી વંચિત રહ્યા છે.

ટૂર્નામેન્ટમાં ભાગ લેનાર દરેક ખેલાડીનાં નામ સ્થાનાનુક્રમે તેમના પૉઈન્ટ અને જરૂર પડે ત્યાં એસ. બી. સ્કોર પણ કૌંસમાં નીચે આપ્યા છે.

(૧) રફિકખાન (મધ્યપ્રદેશ) ૧૨½ પૉઇન્ટ (૧૦૫ ¼) SB સ્કૉર,) (૨) વિ. રવિકુમાર (તમિળનાડ) ૧૨½ (૧૦૧), (૩) ટી. એન. પરમેશ્વરન્ (ત. ના.) ૧૨, (૪) મહમ્મદ હસન (આંધ્ર પ્રદેશ) ૧૧½ (૯૭), (૫) નાસિરૂદ્દીન ગાલિબ (આંધ્રપ્રદેશ) ૧૧½ (૯૩¼), (૬) મેન્યુઅલ એરોન (તા. ના.) ૧૧ (૯૨½), (૭) નસિરઅલી (ઉત્તર પ્રદેશ) ૧૧ (૯૨), (૮) શમ્સુલ હસન (મહારાષ્ટ્ર) ૧૦½, (૯) રાજા રવિશેખર (ત. ના.) ૧૦ (૯૩), (૧૦) વિ. હરિહરન્ (તા. ના.) ૧૦ (૮૯¾), (૧૧) એસ. વિ. નટરાજન (ત. ના.) ૮½, (૧૨) રાજેશ બહાદુર ૮ (૬૬), (૧૩) મોહન બાબુર (મહારાષ્ટ્ર) ૮ (૫૮), (૧૪) આર. નાગેન્દ્ર (આંધ્ર પ્રદેશ) ૭½, (૧૫) વિ. રવિચંદ્રન (પોંડિચેરી) ૬½ (૪૯¼), (૧૬) એસ. મણિકડ સ્વામી (તા. ના.) ૬½ (૪૭¾), (૧૭) આનંદકુમાર ઘોષ (પ. બંગાલ) ૫½, (૧૮) રોહિણી ખાડિલકર (મહારાષ્ટ્ર) ૫ અને (૧૯) આર. રવિન્દ્રન્ (કર્ણાટક) ૩½.

ઉપરાઉપર આ ત્રીજે વર્ષે પહેલાં બે સ્થાન માટે tie થઈ છે. ½ S. B. માટે આ વર્ષે નસિરઅલીને રાષ્ટ્રીય 'બ'માં રમવું પડશે. આવા અગત્યના સ્થાન માટે tie થઈ હોય એવો પણ આ પહેલો બનાવ નથી. જો Play-offની પદ્ધતિ હોય તો ખેલાડીઓને પૂરતો ન્યાય થાય.

## શબ્દકથા : નાક · નથ · નસકોરું

સંસ્કૃત नासा, नासिकाમાંથી બનેલો શબ્દ ગુજરાતી સુધી નથી ઊતરી આવ્યો; પણ નાસાના ટૂંકા રૂપ नस्‌ને લઘુતાવાચક क પ્રત્યય લાગીને બનેલા नस्क પરથી પ્રાકૃત नक्क પુલિંગ શબ્દ થયો. પછીથી તે નપુંસકલિંગ તેમ જ સ્ત્રીલિંગમાં પણ (नक्का રૂપે) વપરાતો. તેના પરથી ગુજરાતી नाक તથા અન્ય અર્વાચીન ભાષાઓમાં પુંલ્લિંગ કે સ્ત્રીલિંગ नाक થયા છે. મધ્યકાલીન સંસ્કૃતમાં પ્રાકૃત ઉપરથી બનાવેલાં नक्र અને नक्रा એવાં રૂપ પણ નોંધાયાં છે.

સ્વાર્થિક પ્રત્યય લાગીને બનેલો नाकुं (શેરીનું, સોયનું) લાક્ષણિક અર્થમાં રૂઢ છે. આવું જ हाय–हाथो, दांत–दांतो, कान–कानो વગેરેમાં બન્યું છે.

સમાસોમાં नक्क ઉપરથી થએલું नक રૂપ મળે છે : नकवेसर 'નાકની વાળી', नकटो 'નાકકટો', 'બેશરમ'. 'નાસ લેવો'માંના नासના મૂળમાં સંસ્કૃત नास्य છે. એમાં नासा પરોક્ષપણે જળવાયો ગણાય.

नस्‌ને त લાગીને બનેલ नस्तના સ્ત્રીલિંગ नस्तीનું પ્રાકૃતમાં नत्थी થયું. તે પરથી આપણા नथ, नथडी 'નાકની વાથી', नाथ (બળદની), नाथवुं થયા.

नाखोरुं (नास्वोरी), नसकोरुं (नसकोरी) એ શબ્દોનું મૂળ સંદિગ્ધ છે. સિંધી नकहीर, नकेरी તથા હિંદી नकसीर 'નસકોરી ફૂટવી'ના મૂળમાં સંસ્કૃત–પ્રાકૃત नक्कसिरा 'નાકની સિરા' હોવાનું ટર્નરે બતાવ્યું છે. પરંતુ કુમાઉની नाथूर, नाथुरो 'નસકોરી ફૂટવી (નેપાળી नायरी 'નસકોરું', नाथरो 'નાકું') તથા नाखोरुं, नसकोरुं એ ગુજરાતી શબ્દો नक्कसिराમાંથી વ્યુત્પન્ન થઈ શકે તેમ નથી, કારણ કે તે શબ્દોમાં રહેલો ओ, उनो ખુલાસો મળતો નથી. પાછલો અંશ સંસ્કૃત कुहर 'બખોલ'માંથી આવ્યો હોવાનો સંભવ છે. તો नक्क–कुहर ને नासा–कुहर પરથી ગુજરાતી नाखोरुं ને नसकोरुं સાધી શકાય.

**હરિવલ્લભ ભાયાણી**

# સાહિત્યસંપર્ક

## બે વિશિષ્ટ પ્રકાશનો

**કાળમાં કોર્યાં નામ :** આવતી કાલનાં નાગરિકોને પ્રેરણા આપવા અર્થે 'કુમાર'માં પ્રસંગોપાત્ત લખાએલાં ૧૫ મહાનુભાવોનાં જીવનચરિત્રો (જેનો આશય મહદંશે ગુણરૂપનો રહ્યો છે તે)ને આલેખતો શ્રી ધીરુભાઈ પરીખનો 'કાળમાં કોર્યાં નામ' એ ચરિત્રલેખસંગ્રહ ગુજરાતી સાહિત્યમાં અલ્પ ખેડાએલ ચરિત્ર-સાહિત્ય-સ્વરૂપને તેના સાર્થ અર્થમાં રજૂ કરે છે. આ સંગ્રહમાં સમાજનાં વિવિધ ક્ષેત્રોની વિશિષ્ટ વ્યક્તિઓની પ્રતિભાનાં સુંદર અક્ષરચિત્રો લેખકે આપ્યાં છે. કવિ–લેખક, સંત, સમાજસુધારક, શિક્ષણશાસ્ત્રી, તત્ત્વજ્ઞાની ને રાજકીય એમ વિવિધ ક્ષેત્રોની વ્યક્તિઓના જીવનનું રસમય આલેખન અહીં છે. લેખકની શૈલીની પ્રવાહિતા અને આલેખનની રીતિ આ ચરિત્રલેખોને ઉપકારક નીવડી છે. આજે યુવાનવર્ગ જ્યારે નીતિ ને સદાચારનો પંથ ભૂલી અવળે માર્ગે વળ્યો છે ત્યારે આ ચરિત્રલેખો નવી પ્રેરણા આપી શકે તેટલી ક્ષમતા ધરાવે છે. શિક્ષણકારો આનું મૂલ્ય સમજશે ખરા? (કુમકુમ પ્રકાશન, ગાંધીમાર્ગ, મૉડેલ સિનેમા સામે, અમદાવાદ-૧; રૂ. ૧૪-૦૦.)

**લોકસાહિત્યની ચતુરાઈ કથાઓ :** લોકસાહિત્યનાં વિવિધ સ્વરૂપો સમાજ સમક્ષ ધરવાના અભિગમ રૂપે સંપાદિત થએલી ૧૮ કથાઓના આ સંગ્રહ દ્વારા શ્રી જોરાવરસિંહ જાદવે લોકસાહિત્યની એક વિશેષ સેવા કરી છે. ચાતુર્યની કથાઓ દરેક પ્રાંત કે પ્રદેશમાંથી મળી રહે છે. અહીં જુદાજુદા ૧૫ લેખકોની ૧૮ કથાઓ સંગૃહીત થએલી છે. દરેક કથાનો લેખક અલગ હોઈ શૈલી કે કથનની અભિવ્યક્તિની એકવાક્યતા જળવાઈ નથી, છતાં આ કથાઓ પ્રત્યેક લેખકની શૈલીનો સુભગ પરિચય જરૂર આપી રહે છે. આ સઘળી ચતુરાઈ કથાઓમાં દંતકથાનું જાણું સવિશેષ હોઈ શુદ્ધ ઇતિહાસ તરીકે તેને આગળ ધરી શકાય તેમ નથી.

ચાતુર્યકથાઓ તો પ્રાચીન કાળથી પ્રચલિત છે. ભોજ–કાલિદાસની કથાઓ તેમ જ અકબર–બીરબલની કથાઓ પ્રાચીન ચાતુર્યકથાના નમૂના છે. આ કથાઓમાં ક્યાંક સામ્ય છે કેમ કે એકની એક કથા સમય ને સ્થાન અનુસાર બદલાતી રહે છે. આથી ક્યાંક પ્રારંભ–અંત કે પ્રસંગની સામ્યતા દૃષ્ટિગોચર થાય છે. ચતુરાઈ કથાઓમાં, સાહિત્યની ભાષામાં જેને 'રસ' સંજ્ઞા આપવામાં આવી છે તેની ખેવના રાખવી વધુપડતી છે, છતાં ય આ કથાઓ વાંચનારને જરૂર આનંદ થશે. શ્રી જાદવનો આ યત્ન ખરેખર પ્રશંસનીય છે. ભવિષ્યમાં લોકસાહિત્યનાં અન્ય અલ્પસાત યા અજ્ઞાત સ્વરૂપોની પિછાણ શ્રી જાદવ આ પ્રકારે કરાવે તેવી અપેક્ષા રાખીએ. (પ્રકાશક : સોનલ પ્રકાશન, આરાધના સોસાએટી, જીવરાજપાર્ક, અમદાવાદ-૫૧; રૂ. ૧૨-૭૫.)

—પ્રફુલ્લ રાવલ

## નવાં પ્રકાશનો

ધીરુભાઈ પરીખ

**ગિજુભાઈની બાળવાર્તાઓ ભાગ ૧ થી ૮ :** જાણીતા સન્નિષ્ઠ બાળશિક્ષક ગિજુભાઈએ બાળમાનસ ધ્યાનમાં રાખી જે ઉપયોગી, ભાષાત્મક છતાં કલાપૂર્ણ વાર્તાઓ રચી છે તેના આ ભાગો બાળકોને રસિક વાચન-સામગ્રી પૂરી પાડે તેવા છે; તેથી પ્રત્યેક શાળાનાં બાળપુસ્તકાલયો તેમ જ પોસાતાં ઘરોમાં એ સારો ઉમેરો કરી શકે તેમ છે. એની રંગીન સચિત્રતા બાળકોના વાચન-રસને ઉત્તેજવામાં સહાયરૂપ થાય તેમ છે તેમ જ સ્વચ્છ ને મોટા અક્ષરની છપાઈ એની આકર્ષકતામાં ઉમેરો કરી રહે છે. (પ્ર. આર. આર. શેઠની કં. ગાંધી રોડ, અમદાવાદ-૧, અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ-૨. પ્રત્યેકનું કાચું પૂઠું, પ્રત્યેકનાં પૃ. ૩૨, પ્રત્યેકના રૂ. ૨)

**સાહિત્ય-તત્ત્વ અને તંત્ર :** લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકાર ગુલાબદાસ બ્રોકરના આ ત્રીજા વિવેચન સંગ્રહમાં, સંગ્રહનું શીર્ષક સૂચવે છે તેમ, સાહિત્યની તાત્ત્વિક ને તાંત્રિક ચર્ચાના લેખો જોવા મળે છે એ આનંદની વાત એટલા માટે છે કે એક સર્જક જ્યારે આમ વિવેચન કરે છે ત્યારે એને સર્જકતાનો પણ લાભ મળે છે–એ અનિવાર્ય હોય કે ન હોય તોપણ. અહીં મુકાએલા લેખો વાર્તા, કવિતા અને નવલકથાને લક્ષ્ય બનાવે છે, અને મુખ્યત્વે આધુનિક-અદ્યતન સર્જન પ્રવાહો ને સ્વરૂપગત ચર્ચા કરે છે, જેમાં શ્રી બ્રોકરના ઉદાર મત ને વિશાળ હૃદયની પ્રતીતિ થયા વગર રહેશે નહિ. ક્યાંય કટુ બન્યા વગર ગંભીર રીતે એમણે જે મુદ્દાઓ ચર્ચ્યા છે તે તેમની સૂઝશક્તિનો સારો પરિચય કરાવી રહે છે. (મુખ્ય વિક્રેતા : નવભારત સાહિત્ય મંદિર, ૧૬૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨; પાકું પૂઠું, પૃ. ૨૪૧, રૂ. ૧૫)

**હયાતી :** શ્રી હરીન્દ્ર દવેના 'આસન', 'મૌન', 'અર્પણ', 'સમય', 'સૂર્યોપનિષદ' કાવ્ય-

સંગ્રહોમાંથી ને ત્યાર પછીની રચનાઓમાંથી સુરેશ દલાલે કરેલું આ સુંદર સત્ત્વશીલ સંપાદન એક પક્ષે સંપાદકની સૂઝનો તો બીજે પક્ષે સંગૃહીત કવિના સર્જક વ્યક્તિત્વનો સમ્યક્ પરિચય કરાવી રહે છે. સંગ્રહની અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના કવિવ્યક્તિત્વને વધુ છતું કરી આસ્વાદનમાં ઉપકારક બની રહે તેવી છે. (પ્રકા. ઉપર મુજબ; પાકું પૂઠું, પૃ. ૧૪૮, રૂ. ૧૫)

**સિમ્ફની**: સુરેશ દલાલની નગરજીવનને લગતી અગિયાર લાંબી કાવ્યરચનાનો આ નાનકડો સંગ્રહ આધુનિક સંવેદનની અદ્યતન અભિવ્યક્તિની મથામણનો દ્યોતક છે. (પ્રકા. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ. ૫)

**કવિતાસંગમ**: 'નિશીથ'-પુરસ્કાર ગ્રંથમાળામાં પ્રાચીનથી અર્વાચીન કાવ્યસર્જનોનો પરિચય આપી રહે તે રીતે જ ચાર સંગ્રહો પ્રકટ થયા છે તેના સંપાદન-અનુવાદ અધિકારી જનોને હાથે થયા હોઈ ખૂબ જ આવકાર્ય છે. એ સંગ્રહોમાંની પ્રસ્તાવનાઓ પણ તે તે સર્જકના કવિવ્યક્તિત્વનો અને સંપાદકના ઊંડા અભ્યાસનો પરિચય કરાવી રહે છે. આ ચારે ય સંગ્રહો છે. પ્રાકૃત મુક્તકોનો મૂળ સહિત અનુવાદ **'ગાથામાધુરી'** (હરિવલ્લભ ભાયાણી), ચેક કવિ હોલુબનાં કાવ્યોનો અનુવાદ **'વસ્તુનું મૂળ અને બીજાં કાવ્યો'** (હસમુખ પાઠક), અંગ્રેજ કવિ ઑડેનનાં કાવ્યોનો અનુવાદ **'ઑડેનનાં કાવ્યો'** (નિરંજન ભગત, હરીન્દ્ર દવે, ઉમાશંકર જોશી, જગદીશ જોષી, વાડીલાલ ડગલી, યશવંત દોશી, સ્વાતિ જોશી), અને બંગાળી કવિના જીવનાનંદદાસના કાવ્યસંગ્રહમાંની કેટલીક કૃતિઓનો અનુવાદ **'વનલતા સેન'** (ભોળાભાઈ પટેલ). પ્રાપ્તિસ્થાન: વોરા ઍન્ડ કંપની, ગાંધી માર્ગ, અમદાવાદ-૧; પ્રત્યેકનું કાચું પૂઠું, 'ગાથામાધુરી' રૂ. ૧૦, 'વસ્તુનું મૂળ' રૂ. ૮, 'ઑડેનનાં કાવ્યો' રૂ ૧૨ અને 'વનલતા સેન' રૂ. ૧૦.)

**અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ**: ઉચ્ચ શિક્ષણ કક્ષાએ સાહિત્યના ઇતિહાસનું શિક્ષણ અનિવાર્ય બન્યું છે ત્યારે પ્રા. રતિલાલ સાં. નાયક, પ્રા. સોમાભાઈ વી. પટેલ અને ડૉ. કંચનલાલ ગો. કાંટાવાળાએ તૈયાર કરેલું આ માર્ગદર્શક પુસ્તક વિદ્યાર્થીઓને ખૂબ જ ઉપયોગી થઈ પડશે. (પ્ર. અનડા બુક ડિપો, ગાંધી માર્ગ, અમદાવાદ-૧; કાચું પૂઠું. પૃ. ૨૬૮, રૂ. ૧૦.)

**ઉચ્ચતર પશુપાલન**: ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના નવા અભ્યાસક્રમ મુજબ ધોરણ ૧૧ માટે કૃષિ-ગોપાલનને લગતું બાબુભાઈ અવરાણીએ તૈયાર કરેલું પુસ્તક. (પ્ર. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૧૪૮, રૂ. ૬-૫૦.)

# મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



**ભગવતીકુમાર શર્મા**

જન્મ: સુરતમાં, તા. ૩૧-૫-૧૯૩૪. પિતા સ્વ. હરગોવિંદ શર્મા સામવેદ અને સંસ્કૃતના પંડિત હતા અને માતા હીરાબહેન ગુજરાતી સાહિત્યનાં રસિયાં. ઈ. ૧૯૫૦માં મૅટ્રિક થઈ, પાંચેક વર્ષની બેકારી દરમિયાન વાર્તા-કવિતાલેખન વિકસાવ્યું. ઈ. ૧૯૫૫થી સુરતના દૈનિક પત્ર 'ગુજરાત મિત્ર'ના તંત્રી વિભાગમાં કામ કરે છે. એમના છ વાર્તાસંગ્રહો, એક કાવ્યસંગ્રહ, દસ નવલકથાઓ અને ચાર ઇતર પુસ્તકો પ્રકટ થયાં છે, જેમાંથી પાંચને રાજ્ય સરકારનાં પારિતોષિક મળ્યાં છે. અધૂરો અભ્યાસ ફરી શરૂ કરીને ૧૯૭૪માં ગુજરાતી અને અંગ્રેજી સાથે બી.એ. થયા. 'નર્મદ સાહિત્ય સભા'ના ભૂતપૂર્વ મંત્રી અને હાલ કારોબારીમાં સભ્ય. ૧૯૭૬થી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના એક મંત્રી. 'નવચેતન' (૧૯૭૬) અને 'કુમાર' (૧૯૭૭)ના ચંદ્રક એમને મળ્યા છે.

૧ આજે સાહિત્યમાં 'પ્રદાન' કરતાં 'પ્રદર્શન' વધારે નથી લાગતું?

**ઉ.** એમાં આજના વાતાવરણનો દોષ છે. યંત્ર-સંસ્કૃતિની આંધળી ગતિએ સર્જકોનાં ધૈર્ય અને સાધનાની સાનુકૂળતા રહેવા દીધી નથી. છતાં અન્ય ક્ષેત્રોની સરખામણીમાં સાહિત્ય ઓછું પ્રદર્શનાત્મક રહી શક્યું છે.

૨ અન્યભાષી સાહિત્યમાંથી આપની પ્રિય કૃતિઓ કઈ ને શાથી?

**ઉ.** હેમિંગ્વેની 'ઓલ્ડ મૅન ઍન્ડ ધ સી', કામુની 'ધી આઉટસાઈડર', કાફકાની 'મેટામોર્ફોસિસ' તથા કાલિદાસનું 'મેઘદૂત', જેમાં મનુષ્યહૃદયનાં સૂક્ષ્મ સંવેદનો કલાત્મક રીતે આલેખાયાં છે.

૩ કાવ્યની આપની અંગત વ્યાખ્યા આપશો?

**ઉ.** કાવ્યની વ્યાખ્યા અને વિભાવના કાવ્ય પોતે જ હોઈ શકે. બૌદ્ધિકતાનાં ગમે તેટલાં પરિવેષ્ટનોમાં વીંટળાવા છતાં હૃદયનાં સૂક્ષ્મતર અને સંકુલ સંવેદનો સાથેના એના શાશ્વત તંતુથી એ વિચ્છિન્ન ન થઈ શકે. એમાં લોહીનો લય ઘૂંટાવો જોઈએ. અલબત્ત, અભિવ્યક્તિમાં વિવિધ તરાહો હોઈ શકે.

૪ આપ નવલિકાઓ કયા દૃષ્ટિબિંદુથી લખો છો?

**ઉ.** પ્રત્યેક કળાનું અંતિમ લક્ષ તો મનુષ્યના કોઈક ને કોઈક સંવેદનને અભિવ્યક્તિની સર્વોત્તમ તરાહથી પ્રકટ કરવાનું જ હોઈ શકે. નવલિકાલેખન પણ એમાં અપવાદ રૂપ નથી.

૫ ગુજરાતી પત્રકારત્વ વિષે આપનો શો અભિપ્રાય છે?

**ઉ.** છેલ્લા બે દાયકામાં એનો વ્યાપ ઘણો વધ્યો છે, પણ ઊંડાણ નહિ. અગાઉની મિશનરી ભાવના ધોવાતી જઇને વ્યાપારીકરણ વધ્યું છે. સમાચાર નિરૂપણમાં તાટસ્થ્ય ઘટીને હિત ધરાવતાં બળોનાં દબાણો વધ્યાં છે. ભાષાશુદ્ધિ ને માહિતીની સમજણ વગેરેની ઊણપ દેખાય છે. ઘડાએલા ભાવનાશાળી પત્રકારોનો લગભગ દુકાળ છે. સનસનાટીલક્ષી સામયિકો ઘણાં વધ્યાં છે. લોકો ખરીદીને વાંચતા થયા છે, પણ એમની રુચિ બગડી છે. થોડા અપવાદો બાદ કરતાં વૃત્તપત્રો બહુધા સાહિત્ય-કલા-સંસ્કારના પ્રવાહોની ઉપેક્ષા કરે છે.

૬ આપના ખાસ શૉખ? અને જીવનનો આદર્શ? પ્રિય સ્થળ?

**ઉ.** શૉખ સાહિત્ય, સંગીત, નૃત્ય, કલાત્મક ફિલ્મો અને રમતગમતનો. આદર્શ સાહિત્યાભિમુખ જીવન જીવી જવાનો. પ્રિયસ્થળ મારા ઘરના ત્રીજા માળે મારો પલંગ, જ્યાં હું લખું-વાંચું છું તે, અને નારગોલનો દરિયાકિનારો.

૭ ગુજરાતી સાહિત્યક્ષેત્રમાં આપને કોનું આકર્ષણ સવિશેષ રહ્યું છે અને તે શાથી?

**ઉ.** અર્વાચીન ઋષિ સમા આપણા મુર્ધન્ય સાક્ષર ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના સાચેસાચા સાત્ત્વિક વ્યક્તિત્વથી, શ્રી ઉમાશંકર જોષીની અતિ તેજસ્વી બુદ્ધિપ્રભા તથા વસ્તુ યા પ્રશ્નને ઊંડા ને સૂક્ષ્મ માનવીય પરિપ્રેક્ષ્યમાં જોવાના એમના અભિગમથી, શ્રી બચુભાઈ રાવતની પ્રેરક કાર્યનિષ્ઠાથી અને શ્રી હરીન્દ્ર દવેની સૌમ્યતા ને સૌજન્યશીલતાથી હું પ્રભાવિત છું.

**સાપ્તાહિક પાઠ્યક્રમ**: આધિ, વ્યાધિ અને ઉપાધિથી ઘેરાએલાં મનુષ્યો નિત્ય સુખની ઝંખના કરે તે સ્વાભાવિક છે. આ સુખ કઈ રીતે પ્રાપ્ત થાય એ માટે વિચારો રજૂ કરતું જગદીશચંદ્ર હસીજા સંપાદિત અને મનુભાઈ શાહ અનૂદિત પુસ્તક. (પ્ર. પ્રજાપતિ બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વ-વિદ્યાલય, પાંડવ ભવન, માઉન્ટ આબુ; કાચું પૂઠું, પૃ. ૨૪૦, રૂ ૩–૨૦.)

**યોગની વિધિ અને સિદ્ધિ**: સંસારમાં સુખપ્રાપ્તિનો એક માર્ગ છે યોગ. એ યોગના વિધિ અને એની સિદ્ધિની છણાવટ-નિરૂપણ કરતું બ્રહ્માકુમાર જનકભાઈ અનૂદિત પુસ્તક. (પ્ર. ઉપર મુજબ; પાકું પૂઠું, પૃ. ૪૦૦, રૂ. ૫)

**વિશ્વનું ભવિષ્ય**: આજના અજંપાના કાળે દેશ અને વિશ્વના ભાવિ વિષે સહુ સચિંત છે ત્યારે તે જિજ્ઞાસાને સંતોષતું એ દિશાના વિચારો પ્રકટ કરતું મનનીય પુસ્તક. (પ્ર. ઉપર મુજબ; પાકું પૂઠું, પૃ. ૪૦૦, રૂ. ૫–૫૦.)

**અમર વાણી**: આનંદમયી માનાં સરળ રીતે અપાએલાં વક્તવ્યોમાંથી સારવીને જીવનોપયોગી બોધવાણીનો આ સંચય વિરજાનંદે કર્યો છે, જેનો ગુજરાતી અનુવાદ ચૈતન્યબહેન દિવેટિયાએ કર્યો છે. (મુખ્ય વિક્રેતા: નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ-૧૪; પાકું પૂઠું, પૃ. ૪૦૬, રૂ. ૧૫.)

**શ્રી અરવિંદ સાથે સાંજના વાર્તાલાપો-૧**: શ્રી અંબુભાઈ પુરાણી લિખિત અંગ્રેજી પુસ્તક 'ઈવનિંગ ટૉક્સ'નો આ ગુજરાતી અનુવાદ કર્યો છે શાંતિલાલ ઠાકરે. યોગ, તત્ત્વચિંતન, સાહિત્ય, કવિતા, કળા, સૌન્દર્ય, વૈદક, લગ્નજીવન આદિ વિષે મહર્ષિ અરવિંદના મનનીય વિચારો અહીં સંગૃહીત થયા છે. (પ્ર. ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ, રાજપીપલા; પાકું પૂઠું, પૃ. ૪૧૪, રૂ. ૧૫.)

**વિજયટંકાર**: શ્રી પ્રકાશ ગજ્જરનાં ઉત્સાહપ્રેરક લખાણોનો સંગ્રહ. (પ્ર. અંકુર પ્રકાશન, ગાંધીહાટ બિલ્ડિંગ, હેવમોર બેકરી પાસે, સલાપસ રોડ, અમદાવાદ-૧; કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૫–૫૦)

**આનંદમય જીવન**: જીવનમાં પ્રેરણા પૂરી રહે તેવાં લખાણોની એક શ્રેણી 'પ્રેરક પુસ્તિકા' શીર્ષક નીચે પ્રકાશ ગજ્જરે શરૂ કરી છે, તેની આ છે પ્રથમ પુસ્તિકા. (પ્રકા. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૧)

**ઇચ્છાશક્તિ કેળવો**: પ્રસ્તુત પુસ્તિકાશ્રેણીનું બીજું પુસ્તક (પ્રકા. પૂ. પૃષ્ઠ ઉપર પ્રમાણે, રૂ. ૧.)

**શિવસાધના**: શિવમાહાત્મ્ય સમજાવતી પ્રકાશ ગજ્જરની પુસ્તિકા. (પ્ર. ઉપર મુજબ, કાચું પૂઠું.)

**રોગ અને આરોગ્ય**: સામાન્ય રોગ ને એ ન થાય તેવું આરોગ્ય જાળવવાની સરળ સમજ આપતું વૈદ્ય નવીનભાઈ ઓઝાનું પુસ્તક. (પ્ર. ધ ન્યૂ મેડિકલ બુક હાઉસ, પ્રતાપ ટૉકીઝ બિલ્ડિંગ, વડોદરા-૧, કાચું પૂઠું, પૃ. ૧૦૪, રૂ. ૪.)

**બાળ આરોગ્ય**: બાળકોના સ્વાસ્થ્યની સુરક્ષા માટે સરળ ભાષામાં લખાએલું ઉપયોગી પુસ્તક (લે. પ્ર. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૧૨૧, રૂ. ૪.)

**આહાર અને આરોગ્ય**: આરોગ્યના જતનમાં આહાર ખૂબ જ મહત્ત્વનો છે, તે વિષે વિવિધ આહારસામગ્રીની ઉપયોગિતા ને સેવનનું માર્ગદર્શન આપતું પુસ્તક. (લે. પ્ર. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૪.)

**મહિલા આરોગ્ય**: મહિલાઓના આરોગ્યની જાળવણી માટેની ઉપયોગી પુસ્તિકા. (લે. પ્ર. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૪.)

**પરિચય પુસ્તિકાઓ**: પરિચય ટ્રસ્ટ દ્વારા ચાલતી જાણીતી પરિચય પ્રવૃત્તિમાં નીચેની ઉપયોગી પુસ્તિકાઓ પ્રકટ થઈ છે: 'મીરાંબાઇ' (નિરંજન ભગત), 'મગજનો પક્ષઘાત' (માયા પી. નાણાવટી), 'જિમી કાર્ટર' (રામુ પંડિત), 'રામાયણ અને મહાભારત: કલ્પના કે ઇતિહાસ?' (હસમુખ સાંકળિયા), 'ભારતના કૃત્રિમ ઉપગ્રહો' (વિજયગુપ્ત મૌર્ય), 'બૌદ્ધ ધર્મ' (રમણલાલ ચી. શાહ), 'પારસી પ્રજા' (હોરમઝદિયાર દલાલ), 'તોતડાપણાની સમસ્યા' (ડૉ. અજય કોઠારી), 'વંદે માતરમ્‌ના સર્જક' (અજિત પોપટ), 'રોમન સંસ્કૃતિ' (ચંદ્રકાંત બક્ષી), 'પ્રયોગશાળામાં જીવની ઉત્પત્તિ' (મનુભાઈ મહેતા) અને 'છૂટાછેડાનો સુધારેલો કાયદો' (હેરાવલાલ શાહ). મુખ્ય વિક્રેતા: નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ ૧૪, પ્રત્યેકનું કાચું પૂઠું, પૃ. ૩૨, અને ૭૫ પૈસા.)

**ઊડતો માનવી**: નાથાલાલ દવેની હાસ્યપ્રધાન ટૂંકી વાર્તા. (પ્ર. સાધનાપથ પ્રકાશન, ૧૦૧૬, કૃષ્ણનગર, ભાવનગર; કાચું પૂઠું, પૃ. ૨૪, રૂ. ૨).

**કન્નડ સાહિત્યના ઇતિહાસની રૂપરેખા**: સાહિત્ય અકાદમીની પ્રશસ્ય પ્રવૃત્તિઓમાંની એક છે આપણા દેશની વિવિધ ભાષાના સાહિત્ય ઇતિહાસો પ્રકટ કરવાની. એ અન્વયે આર. એસ. મુગળિએ લખેલો ને રઘુવીર ચૌધરીએ અનૂદિત કરેલો કન્નડ સાહિત્યનો આ ઇતિહાસ ગુજરાતી વાચકોને તે સાહિત્યમાં સમ્યક્ ડોકિયું કરાવશે. (પ્ર. સાહિત્ય અકાદમી, રવીન્દ્ર ભવન, ૩૫ ફિરોઝશાહ રોડ, નવી દિલ્હી-૧; પાકું પૂઠું, પૃ. ૧૯૦, રૂ. ૧૮)

**ભાષા-સાહિત્ય દ્વારા રાષ્ટ્રીય એકતા**: આજના યુગમાં રાષ્ટ્રીય એકતાનો પ્રશ્ન તારસ્વરે ચર્ચાઈ રહ્યો છે ત્યારે ગૂજરાત વિદ્યાપીઠે ભાષાસાહિત્ય આ એકતામાં શો ફાળો આપે છે તે વિષે વિદ્વાનોનો જે પરિસંવાદ યોજ્યો હતો તે વિચારપ્રેરક અભ્યાસી વક્તવ્યો અહીં મોહનભાઈ પટેલ અને ચંદ્રકાન્ત શેઠે સંપાદિત કર્યાં છે. (પ્ર. ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૪, કાચું પૂઠું, પૃ. ૬૦, રૂ. ૫)

**નિરુદ્દેશે**: સ્વાતંત્ર્યોત્તર કાળના પ્રમુખ ને પ્રથિતયશ કવિ રાજેન્દ્ર શાહના 'ધ્વનિ' કાવ્યસંગ્રહની પ્રથમ રચના 'નિરુદ્દેશે' શીર્ષકથી એમના સૌ કાવ્યસંગ્રહોમાંથી પસંદ કરેલી રચનાઓનો સંચય. (મુખ્ય વિક્રેતા: ત્રિપાઠી પ્રા. લિ. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨; કાચું પૂઠું, પૃ. ૧૪૨, રૂ. ૭–૫૦)

**ગમી તે ગઝલ**: આઈ. એન. ટી.ની મુશાયરા-પ્રવૃત્તિને ૨૫ વર્ષ પૂરાં થતાં ગુજરાતી ગઝલોમાંથી રુચિભેદને મોકળાશ આપતું. ચિનુ મોદી, આદિલ મનસુરી અને મનહર મોદીએ પસંદ કરેલી કૃતિઓનું સંપાદન (પ્રકા. ઇન્ડિયન નૅશનલ થીએટર, ૧૯/૨૧, હમામ સ્ટ્રીટ, મુંબાઈ-૨૩, કાચું પૂઠું, પૃ. ૮૬, રૂ. ૫.)

**કવિતાસમાવેશ**: ગુજરાતી, ઉર્દૂ, ઉડિયા, પંજાબી, બંગાળી અને હિંદી ભાષાના કેટલાક નામી-અનામી કવિઓની કૃતિઓનો મધુર પરમારે કરેલો સંચય. (પ્ર. અખિલ ભારતીય સાહિત્ય સમાવેશ, જવાહરલાલ નેહરુ રોડ, રાનીગંજ, પ. બંગાળ; પાકું, પૃ. ૭૬, રૂ. ૮.)

**નખશિખ**: સર્જનના વૈપુલ્ય સાથે વિપાક પણ ઊતરે એ નવાઈ પામવા જેવું નથી. આ સંજોગોમાં સૂઝપૂર્વકના સંચયો થાય તે આવકાર્ય છે. અહીં હરીશ મીનાશ્રુ, રાજેન્દ્રસિંહ જાડેજા, અહમ ટંકારવી અને જયેન્દ્ર શેખડીવાળા જેવા નવોદિતોએ ગુજરાતી ગઝલકારોની ગઝલોમાંથી પોતાને નખશિખ સુંદર લાગેલી ગઝલોનું સંપાદન કર્યું છે. કૃતિઓ જોતાં–એટલે વાંચતાં–પ્રતીતિ થયા વગર રહેતી નથી કે સંપાદકોનું નખશિખ નિશાન પોતાની રુચિ અનુસાર ઉત્તમ ગઝલો તાકવાનું જ રહ્યું છે. સંપાદકોનો આ સન્નિષ્ઠ શ્રમ આનંદપ્રદ છે. ઊંચા કાગળો, સુઘડ છપાઈ અને આકર્ષક આવરણ પણ એમના ઉત્સાહનાં દ્યોતક છે. (પ્ર. સંદર્શ સાહિત્યવૃંદ, જયેન્દ્ર શેખડીવાળા, ડી/૫૩, યુનિવર્સિટી કૉલોની, વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦; કાચું પૂઠું, પૃ. ૯૨, રૂ. ૧૦.)

**ચાહ**: નવોદિત ગઝલકાર સાગર નવસારવીની આશાસ્પદ ગઝલોનો આ સંચય કૃતિની ગુણવત્તાથી આનંદ આપે છે, પણ છપાઈ સારી થઈ હોત તો? (મુખ્ય વિક્રેતા: સુમન પ્રકાશન, ૮૬, ડામરગલી, મુંબઈ ૯; પાકું પૂઠું, પૃ. ૧૦૦, રૂ. ૮.)

## પચ્ચીસ વર્ષ પહેલાં



એપ્રિલ ૧૯૫૩ · સળંગ અંક ૩૫૨


ત્યારે 'સંસારનાં શહેરો' નામની એક નાની લેખમાળા ચાલતી. તેના ૬૯મા શહેર તરીકે ક્વેટા શહેરનો પરિચય આપેલો, તે આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાંથી નકશા સાથે ઉતારીએ:

ક્વેટા એ હાલ પાકિસ્તાનમાં આવેલા બલોચિસ્તાનની રાજધાની છે. બલોચ નામની જાતિ પરથી એ નામ પડ્યું હોવા છતાં હાલ એ જાતિની સંખ્યા ત્યાં વસતી અફઘાન ને બ્રુહી જાતિ કરતાં ઓછી છે. બલોચ જાતિ કેટલાક વિદ્વાનોના મતાનુસાર ઈરાનથી ત્યાં જઈને વસી છે, જ્યારે કેટલાકના મત મુજબ અલેપ્પોથી. ચારે બાજુ પહાડોથી ઘેરાએલા એ પ્રદેશમાં મેદાનનો ભાગ ઘણો થોડો છે અને એવા મેદાની ભાગ કચ્છી તથા લારુબેલાના નામે ઓળખાય છે. મોસમી પવનના ક્ષેત્રની બહાર આ પ્રદેશ આવેલો હોઇને ત્યાં વરસાદ બહુ થોડો ને અનિયમિત પડે છે.

ત્યાં અનેક ભાષાઓ બોલાય છે, જેમાં પશ્તો, બ્રુહી ને બલોચી મુખ્ય છે. ભાષાશાસ્ત્રીઓના જણાવવા મુજબ પુશ્તો તથા બલોચી ભારતીય-આર્ય સમુદાયની ભાષાઓ છે, જ્યારે બ્રુહી દ્રાવિડ સમુદાયની.

સિકંદર હિંદ આવેલો તે આ બલોચિસ્તાન થઇને. સિકંદર પછી કેટલાક સમયે બૅક્ટ્રીઅન ગ્રીકનું શાસન તે પર રહેલું. ત્યાર પછી શકોએ એનો કબજો મેળવ્યો, પરંતુ પાછળથી શકારિ વિક્રમાદિત્યે તેમને હાંકી કાઢ્યા. એ વખતે બૌદ્ધ ધર્મનો ત્યાં જબરો પ્રભાવ રહેલો, ને આજે પણ મળી આવતા શિલાલેખો બૌદ્ધ ધર્મનો જ મહિમા દર્શાવે છે. શકો પછી સાસાની વંશે એ મુલક હાથ કર્યો. પરંતુ છઠ્ઠી સદીમાં નોશીરવાને તેને પરાજિત કર્યો. સાતમી સદીમાં સિંધના રાજા સાથમે બલોચિસ્તાનનો એક પ્રાંત મકરાન જીતી લીધો પણ તે પછી અરબોની સવારીઓ શરૂ થતાં તે અરબોને તાબે ગયું. તેમાંથી જુદાજુદા મુસ્લિમ શાસકોના હાથ નીચેથી પસાર થતાં અંતે ઈ. સ. ૧૩૦૦ના અરસામાં દિલ્હીના સુલતાન અલ્તમશે તે જીતી લીધું. દિલ્હી પર મુઘલોના શાસન વખતે નાદિરશાહે બલોચિસ્તાન પર અનેક ચડાઈઓ કરેલી. અંતે એ અહમદશાહ દુર્રાનીના હાથમાં ગયું ને ૧૭૦ વર્ષના દુર્રાની તથા બારકઝઈ વંશના શાસન પછી ૧૮૭૯માં અંગ્રેજોએ ગંડમકની સંધિ અનુસારતે પરકબજો મેળવ્યો અને સર રૉબર્ટ સેન્ડેમનને બલોચિસ્તાનનો પહેલો એ. જી. જી. (એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ) નીમ્યો. અંગ્રેજોએ વિદાય થતી વખતે હિંદના પાડેલા ભાગલા અનુસાર હાલ એ મુલક પાકિસ્તાનમાં સમાવિષ્ટ થએલો છે.

૩૦° ૧૦' ઉત્તર અને ૬૭° ૧' પૂર્વ રેખા પર આવેલું ક્વેટા 'ક્વેટા-પિશિન' જિલ્લાનું મુખ્ય મથક છે. પશ્ચિમ પંજાબની રાજધાની લાહોરથી રેલવે માર્ગે ૭૨૭ માઈલ ને કરાચીથી ૫૩૬ માઈલના અંતરે એ આવેલું છે. રેલવે લાઈન અફઘાનિસ્તાનની સીમા પરથી ક્વેટા તરફ વાળવાને બદલે સીધેસીધી લઈ જવામાં આવી હોત તો આ અંતર લગભગ અરધું રહેત. રેલવે ૧૬૦ માઈલ સુધી પર્વતમાળામાં થઇને પસાર થાય છે. જે પર્વતમાળા બોલનઘાટ (દર્રા બોલન)ના નામે ઓળખાય છે.




વસતિ ને ક્ષેત્રફળની નજરે ક્વેટાને મોટું શહેર ન કહી શકાય. અંગ્રેજોના અમલ વખતે ત્યાં મોટી છાવણી રહેતી ને હિંદના પ્રત્યેક ભાગના નિવાસીઓ ત્યાં જોવામાં આવતા. પરંતુ પાકિસ્તાન થયા પછી પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. પાર્વત્ય પ્રદેશમાં એ વસેલું હોઇને ત્યાંની હવા સ્વાભાવિક જ સૂકી છે. આનો એક લાભ એ છે કે રોગનું પ્રમાણ ત્યાં નહિવત્ છે. ગરમી પણ બહુ ઓછી પડે છે. વરસના માત્ર બે મહિના (જૂન અને જુલાઇ) તેનું પ્રમાણ કંઈક વધારે હોય છે, પરંતુ પંખાની જરૂર પડે એટલું તો નહિ જ. ઑગસ્ટ ને સપ્ટેમ્બર એ બે મહિના ઋતુ ઘણી જ ખુશનુમા રહે છે અને એ ઋતુમાં જ ફળમેવો વધુમાં વધુ ઊતરે છે. ચમન ને ક્વેટા વચ્ચે એક ખાસ ટ્રેન આ ફળમેવાની નિકાસ માટે દોડાવવામાં આવે છે જે 'ફ્રૂટ ટ્રેન'ના નામે જ ઓળખાય છે.

ગરમીનું પ્રમાણ તો અહીં અલ્પ હોય છે, પરંતુ ઠંડીનું પ્રમાણ શિયાળામાં એટલું બધું સખત રહે છે કે ઘરમાં વાપરવા માટે ભરેલા પાણીનો બરફ જામી જાય છે. રાંધવા કે પીવા માટે પાણીને ગરમ રાખવું પડે છે અને આગ ચોવીસે કલાક ચાલુ રાખવી પડે છે. ક્વેટાની આજુબાજુ કેટલાંક રમણીય પહાડી સ્થળો આવેલાં છે જ્યાં ક્વેટાવાસીઓ અવારનવાર ઉજાણીએ જાય છે. આ પ્રાકૃતિક સ્થળો ઉપરાંત શહેરોમાં સન્ડેમન હૉલ જોડે એક મોટું ઉદ્યાન આવેલું છે જે શહેરીઓનું વિહારસ્થાન છે. ત્યાંની 'મેવા મારકીટ' ખાસ જોવા જેવી છે. બહારથી જોનારને તો એ એક કિલ્લો જ લાગે અને અંદર બજાર જેવું કંઈ હોવાનો ખયાલ પણ નં આવે. ક્વેટાનું સ્થાનિક નામ શાલ અથવા શાલકોટ છે.

---

**ડૉક્ટર શેરિંગની સ્મરણશક્તિ** (અનુસંધાન પૃ. ૧૩૨થી)

વાનું વધુ જરૂરી હતું. લખેલું ધોવાઈ ગયું હોય તો યે કંઈ નહિ; એ લેખને વાંચી શકાય એવું કરવાનો રાસાયણિક કીમિયો મને આવડે છે.

અત્યારે સવારના સાડા આઠ વાગ્યા છે. અમે હવે દસેક મિનિટ પછી નીકળીશું. ખબર નહિ કેમ પણ થોડી વારથી મારા મનમાં ખચકાટ શરૂ થયો છે: ક્યાંક જાણે આ ઘટનામાં ગોટાળો—અસંગતતા બેહૂદાપણું છે. પણ એ શું છે એ સમજાતું નથી. કેવળ એક વિષયમાં મને નિરાંત છે. મારા યંત્રમાં કંઈ ગોટાળો નથી.

**૧૦મી માર્ચ રાતના ૧૧ વાગ્યે**

એક ભયંકર દુ:સ્વપ્નમાંથી અમે પસાર થઈ ગયા. હજુ એ ખોફનાક ડર પૂરેપૂરો દૂર થયો નથી. દૂર થશે-જ્યારે હું ગિરિડી મારા સ્વાભાવિક વાતાવરણમાં પાછો જઈ પહોંચીશ ત્યારે. આવા ચિત્ર જેવા સુંદર દેશમાં આવી એક ખતરનાક ઘટના બની જશે એ તો હું વિચારી પણ શકતો નથી. (ચાલુ)

## દ્વાદશ જ્યોતિર્લિંગ – ૪ ઓંકારેશ્વર

દેવસ્થાનસમં હ્યેતત્ મત્પ્રસાદાદ્ ભવિષ્યતિ।
અન્નદાનં તપઃ પૂજા તથા પ્રાણવિસર્જનમ્।
યે કુર્વન્તિ નરાસ્તેષાં શિવલોકનિવાસનમ્॥

મારા પ્રસાદોમાં આ સ્થાન સ્વર્ગતુલ્ય હોઈ જે કોઈ અહીં અન્નદાન, તપ, પૂજા કે પ્રાણવિસર્જન કરશે તે શિવલોકમાં નિવાસ પામશે.

સ્કંદપુરાણના રેવાખંડમાં જે સ્થાન વિષે ભગવાન શિવે આ મહિમા કહ્યો છે તે ઓંકારેશ્વર મધ્યપ્રદેશમાં નિમાડ જિલ્લામાં, ઉજ્જૈનથી ખંડવા જતા રેલમાર્ગ પરના મોરટક્કા સ્ટેશનથી દસેક માઈલ દૂર આવેલું છે. અહીં નર્મદાની વચ્ચે એક નાનોશો બેટ છે. કંઈક અંશે ૐ જેવો એ બેટનો આકાર હોઈ એને 'ઓંકાર' કહે છે. સત્યયુગમાં ઈક્ષ્વાકુ કુળના રાજા માંધાતાએ અહીં તપ કરીને ભગવાન શિવને પ્રસન્ન કરેલા એટલે આ સ્થાનને 'ઓંકાર-માંધાતા' પણ કહે છે, (એનું એક બીજું નામ શિવપુરી પણ છે) અને અહીં પ્રસ્થાપિત શિવને ઓંકારેશ્વર કહે છે. અહીં શિવનાં બે સ્વરૂપ છે. ઓંકારેશ્વર અને અમલેશ્વર (કે અમરેશ્વર).

એક આખ્યાયિકા છે કે વિંધ્ય પર્વતે અહીં શંકરના પાર્થિવ લિંગની આરાધના કરી હતી અને પ્રસન્ન થએલા શિવને એણે દિવ્ય સ્વરૂપે અહીં જ રહેવા વિનવ્યા હતા. શિવનું એ પ્રણવરૂપ દિવ્ય સ્વરૂપ તે ઓંકારેશ્વર અને એનું પાર્થિવ લિંગસ્વરૂપ તે અમલેશ્વર. ઓંકારેશ્વરનું સ્થાન બેટ પર છે અને અમલેશ્વર નર્મદાના કિનારા પર રુદ્રપુરીમાં છે. યાત્રિકો ઓંકારેશ્વરનાં પ્રથમ અને પછી અમલેશ્વરના દર્શન કરે એવો નિયમ છે. નજીકમાં 'ભૃગુપતન' નામની એક ઊંચી શિલા છે. કહે છે કે પૂર્વે ઘણા અતિ ભાવિક લોકો સદ્યોમુક્તિ અને શિવલોકનિવાસાર્થે તેના પરથી ખાબકીને ખરેખર પ્રાણત્યાગ કરતા હતા, પણ ઈ. ૧૮૨૩માં બ્રિટિશ સરકારે આ પ્રથા બંધ કરાવી દીધી.

આ ઓંકારેશ્વરનું મંદિર અહલ્યાબાઈએ બંધાવેલું હોવાનું મનાય છે. એમાંનું શિવલિંગ કંઈક કઢંગુ છે, અને તે શિખરની નીચે બરાબર મધ્યમાં નહિ, પણ જરા બાજુ પર છે. મનાય છે કે મુસલમાની આક્રમણોના કાળમાં મૂળ લિંગ ક્યાંક છુપાવી દેવાયું હશે. પાસે જ પાર્વતી તથા પંચમુખ ગણેશની મૂર્તિ પણ છે. મંદિરમાં બીજા માળે મહાકાલેશ્વરનું ને ત્રીજા માળે વૈદ્યનાથેશ્વરનાં લિંગ છે. આ બંને લિંગ શિખરની નીચે બરાબર યોગ્ય સ્થાને છે. એથી માની શકાય કે પૂર્વે ઓંકારેશ્વરનું મૂળ લિંગ પણ યોગ્ય સ્થાને હશે જ.

દર કાર્તિકી પૂનમે અને મહાશિવરાત્રીએ મોટો મેળો ભરાય છે. —ચંદ્રકાન્ત મો. શુક્લ



# અશ્રુઝરી


કાન લગીનું આવડું ખેંચી તીર
ડાવકું પીપળડાળીએ બેઠું મારીએ ના કોઈ કીર;
જવાની મ્હોરતી, એનો હોય જો, છાક,
કાળ જેવા કોઈ રાનપશુએ
ફાળ ભરી જ્યાં હોય ત્યાં નિશાન તાક.

—રાજેન્દ્ર શાહ

## સ્વ. પં. સુખલાલજી

'પ્રજ્ઞાચક્ષુ', 'દર્શનમૂર્તિ','વિદ્યાવિભૂતિ' ને અન્ય આવાં અનેક વિશેષણો જેમની તત્ત્વવિદ્યાને માટે ઉપયોજાયાં છે એ, ભારતભરની તત્ત્વવિદ્યાઓના ભૂષણ સમા પંડિત સુખલાલજીનું ગઈ ૨જી માર્ચે ૯૭ વર્ષની વયે અવસાન થયું. છેલ્લું એકાદ અઠવાડિયું કિડનીની બીમારી અને લોહીના દબાણથી તેઓ પીડાતા હતા અને હૃદય પણ નબળું પડયું હતું. એની સારવાર માટે એમને હૉસ્પિટલમાં દાખલ કર્યા હતા અને ત્યાંથી જ એમણે ચિરવિદાય લીધી. ઋજુ વ્યક્તિત્વ, વિશુદ્ધ ચારિત્ર્ય, સ્પષ્ટ વકતૃત્વ, પારગામી દૃષ્ટિ અને કોઇને યે જરા પણ નહિ દુભવવાની ચીવટ તથા નિકટનાં સૌ પ્રત્યેની વત્સલતાના કારણે એમના જવાથી એક આદરણીય વડીલ અને એક મહાન દાર્શનિકની ખોટ પડી છે.

સૌરાષ્ટ્રમાં વઢવાણ નજીક એક નાના ગામમાં ઈ. ૧૮૮૦ની ૮મી ડિસેમ્બરે વીસા શ્રીમાળી જૈન વણિક સંઘજી તળસી સંઘવીને ત્યાં એમનો જન્મ થયો. એમની ચાર જ વર્ષની વયે માતાનું અવસાન થયું, પણ અપરમાતા જડીબાઇએ બહુ વત્સલતાથી માની ખોટ પૂરી કરી હતી. એ માતા પણ એમની ૧૪ વર્ષની વયે દેવલોક પામ્યાં એટલે બાળક સુખલાલના ઉછેરમાં એમના ઘરનોકર મૂળજીભાઇનો પણ ઘણો પ્રભાવ હતો. જાતમહેનત, કહ્યાગરાપણું, રમતગમત અને ઘોડેસવારીનો શૉખ, સાહસિકતા, વ્યાપક જિજ્ઞાસા અને બૌદ્ધિક ભૂખ તથા તીવ્ર સ્મરણશક્તિ એ એમની બચપણની લાક્ષણિકતાઓ હતી. અભ્યાસમાં તેઓ તેજસ્વી હતા, પણ સાત ચોપડી ભણાવી વડીલોએ એમને દુકાને બેસાર્યા. વેપારની આંટીઘૂંટી પણ સમજવા લાગ્યા પરંતુ વિદ્યાપ્રીતિ વધુ પ્રબળ હોઈ વ્યાપારમાં જીવ ખૂંપ્યો નહિ. નાનપણમાં જ એમનું સગપણ કરેલું પણ શ્વસુર પક્ષની પ્રતિકૂળતાને કારણે એ લગ્નમાં પરિણમ્યું નહોતું. એવામાં ૧૭ વર્ષની વયે શીતળાના કારણે એમની આંખો ગઈ.



થોડો સમય માનસિક ઉત્પાત વેઠી એમણે જ્ઞાનાર્જનનું તપ આદર્યું. ગામડામાં જૈન સાધુઓ પાસેથી શિખાય એટલું શીખી લઈ વધુ વિદ્યાભ્યાસ અર્થે વડીલોના કચવાટ છતાં તેઓ કાશીમાં મુનિ ધર્મવિજયજીની પાઠશાળામાં સંસ્કૃત-પ્રાકૃતના અભ્યાસ માટે પહોંચી ગયા. ત્યાં 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' શીખનાર તેઓ એકમાત્ર હતા. સિદ્ધહેમના ૧૮૦૦૦ શ્લોકો ને 'રઘુવંશ'ના નવે સર્ગો એમને કંઠસ્થ હતા. અને એ જ રીતે તેઓ જે કંઈ શીખતા તે બધું જ એમના જિહ્વાગ્રે હતું. ત્યાં 'વૈયાકરણી' બનવા સાથે કાવ્ય, અલંકાર, ન્યાયવૈશેષિક ઈત્યાદિનું ઊંડુ પરિશીલન કર્યું. કાશી પછી મિથિલા, દરભંગા, આગરા, મથુરા, વૃંદાવન, ગ્વાલિયર જઇને એમણે પોતાનો વિદ્યાભ્યાસ વધુ ને વધુ વિસ્તાર્યો હતો. આમ, ૧૯૧૪ સુધી પદ્ધતિસરનો અભ્યાસ કર્યો. પણ એમનો જ્ઞાન-

ચક્ષ તો યાવદ્આયુ ચાલુ જ હતો.

એમની જ્ઞાનપ્રતિભાથી આકર્ષાઇને આચાર્ય આનંદશંકર ધ્રુવે એમને બનારસ હિંદુ યુનિવર્સિટીમાં અધ્યાપનકાર્ય માટે બોલાવી લીધા. એ સમય ગાંધીયુગનો હતો. તેઓ પણ એના પ્રવાહમાં ખેંચાઈ અમદાવાદ આવ્યા અને ગાંધીજીનો વ્રતબદ્ધ કર્મમાર્ગ અપનાવ્યો. પણ થોડા જ સમયમાં કર્મયોગીના આશ્રમમાં જ્ઞાનયોગ શોભા નહિ દે એમ લાગતાં તેઓ થોડો સમય વતનમાં રહી આવીને પાછા બનારસ પહોંચી ગયા. ત્યાંના દસેક વર્ષના અધ્યાપનકાર્યની સાથોસાથ જૈન 'કર્મગ્રંથો'થી માંડી 'પ્રમાણમીમાંસા' અને 'જ્ઞાનબિંદુ' આદિ ગ્રંથોના હિન્દી અનુવાદોનું કામ પણ હાથ ધર્યું. આ ઉપરાંત 'સન્મતિતર્ક'નું સંપાદન પણ એમણે આરંભેલું. એવામાં અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠમાં સ્થપાએલા પુરાતત્ત્વ મંદિરમાં ભારતીય દર્શનશાસ્ત્રી તરીકે એમની નિયુક્તિ થતાં તેઓ 'સન્મતિતર્ક'નું અધૂરું કામ સાથે લઈ અહીં આવ્યા અને પં. બહેચરદાસજીના સહકારથી એ સંપાદનકાર્ય પૂરું કર્યું. આ એક એવું કાર્ય થયું છે કે જે ભારતીય સંસ્કૃતિ-સાહિત્યના સંશોધનના અને ભારતીય વિદ્વત્તાના ઇતિહાસમાં સદાય અમર ગણાતું રહેશે. વિદ્યાપીઠમાં એમણે આચાર્ય ધર્માનંદ કોસાંબી પાસેથી બૌદ્ધ દર્શનના પાલી ગ્રંથોનો પણ અભ્યાસ કર્યો. ગાંધીજીએ દાંડીકૂચ આદરતાં વિદ્યાપીઠ બંધ થઈ અને એમનું અધ્યયન-અધ્યાપન-કાર્ય ખોરંભાઈ ગયું, પણ એ દરમિયાન એમણે અંગ્રેજી ભાષા શીખી લીધી. આમ, એક યા બીજા તબક્કે એમણે સંસ્કૃત, પ્રાકૃત, પાલી, હિન્દી, મરાઠી અને અંગ્રેજી ભાષાઓ શીખી લીધી હતી.

આચાર્ય આનંદશંકર અને પં. માલવીયજીએ એમને ફરી બનારસ બોલાવી યુનિવર્સિટીની જૈન ચેર સોંપેલી. દરમિયાન 'જૈન તર્કભાષા', 'જ્ઞાનબિંદુ', 'પ્રમાણમીમાંસા', 'હેતુબિંદુ' વગેરેનું સંપાદન, 'તત્ત્વાર્થ સૂત્ર'ના સંપાદન સાથે તેનો હિંદી ગુજરાતી અનુવાદ તથા 'તત્ત્વોપ્લવસિંહ'-નું સંશોધન વગેરે વિદ્યામૂલક કાર્યો કર્યાં, જે પૈકી 'પ્રમાણમીમાંસા'નાં એમની ટિપ્પણો અને વિસ્તૃત પ્રસ્તાવનાથી તો સંસ્કૃત ન્યાયસાહિત્ય-માં એક નવા જ પ્રકાશનો ઉદય થયો. 'ગાયકવાડ ઓરીએન્ટલ સીરીઝ'માં પં. જયરાશિ કૃત 'તત્ત્વોપ્લવસિંહ'ના એમના સંશોધને એમની જૈનેતર દર્શનો વિષેની પ્રતિષ્ઠાને વધારી, તો બૌદ્ધ ન્યાયશાસ્ત્રોના પંડિત ધર્મ-કીર્તિ રચિત 'હેતુબિંદુ'ના સંપાદને એમને ભારતભરના વિદ્વાનોમાં યશ-કલગી અપાવી. બનારસમાંથી નિવૃત્ત થયા પછી થોડો સમય મુંબાઈના ભારતીય વિદ્યાભવનમાં પણ એમણે કામ કર્યું ને તે પછી અમદાવાદની 'ગુજરાત વિદ્યાસભા'માં જોડાયા.

જ્યાં જ્યાં એમણે કામ કર્યું ત્યાં કેવળ વિદ્યાની દષ્ટિએ પોતાને અને બીજાને કેટલો લાભ મળે છે એની જ એમણે ગણતરી કરી છે. પૈસાનો પ્રશ્ન એમને માટે હમેશાં ગૌણ રહ્યો હતો. અભ્યાસકાળ અને અધ્યાપનકાર્ય દરમિયાન પોતાની અંગત જરૂરિયાતોને ઓછામાં ઓછી રાખીને અત્યંત કરકસરપૂર્વક તેઓ રહેતા હતા. જીવનનાં શેષ વર્ષો એમણે અમદાવાદમાં જ વિતાવ્યાં. એમનું નિવાસસ્થાન વિદ્યાની પરબ બની રહ્યું. તત્ત્વજ્ઞાન અને જૈનદર્શન જેવા વિષયોની ગૂંચ ઉકેલવા દેશ-વિદેશના અનેક વિદ્વાનો એમની પાસે આવતા. વ્યક્તિ મટી એક જંગમ વિદ્યાપીઠ સમા તેઓ બની ગયા હતા. અનેક વિદ્યાસંસ્થાઓએ એમને માનાર્હ પદવી આપી એમની વિદ્વત્તાને નવાજી હતી. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર ભારતીય દાર્શનિકોમાં એમનું સ્થાન અગ્રગણ્ય હતું.

જૈન પરંપરાના વિચારપ્રદેશને સમુન્નત અને સંમાર્જિત કરવામાં એમનો ફાળો મહામૂલો છે. જૈન પરંપરામાં ઉછેર છતાં પોતાની સમન્વય-કારી દૃષ્ટિને પરિણામે પંથ સંપ્રદાયના વાડાથી તેઓ સદા મુક્ત રહ્યા છે. જૈન સમાજની ધાર્મિક રૂઢિઓ પર પ્રહાર કરીને અનેક જૈન ધનિકો અને સાધુઓનો રોષ પણ એમણે વહોર્યો હતો. એમનું સાધુચરિત, સંયમી, સાદું જીવન સદાય સ્વાધ્યાયરત જ રહ્યું હતું. પશ્ચિમી વિદ્યાના અભિગમોથી પણ તેઓ પરિચિત રહેતા હતા. માત્ર અભ્યાસ નહિ, પરંતુ મધ્યસ્થ વૃત્તિ દ્વારા સમન્વય દૃષ્ટિથી તત્ત્વવિદ્યાઓને એમણે જે પ્રકારે મૂલવી છે એ જીવન માટે નિરામય પૌષ્ટિક સત્ત્વ સમાન છે.

વર્ધાની રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિએ એમનું અહિંદીભાષી 'પંડિત' તરીકે 'મહાત્મા ગાંધી પુરસ્કાર' આપીને એમને વધાવ્યા હતા. અને જીવનનાં ૭૫ વર્ષ પૂરાં થયા નિમિત્તે સમગ્ર ગુજરાતે ડૉ. રાધાકૃષ્ણન્ જેવી સુયોગ્ય વ્યક્તિના હસ્તે એમનું બહુ માન કર્યું હતું. ઈ. ૧૯૫૬-૫૭ના શ્રેષ્ઠ ગુજરાતી ગ્રંથ તરીકે એમના 'દર્શન અને ચિંતન'ને કેન્દ્રની સાહિત્ય અકાદમીએ ૫૦૦૦ રૂપિયાના પારિતોષિકથી નવાજ્યું હતું. ૧૯૫૭માં ગુજરાત યુનિવર્સિટીએ એમને 'ડૉક્ટર ઑવ લેટર્સ'ની ઉપાધિ આપી હતી. એમનું તપઃપૂત જીવન આત્મશિક્ષણ અને જ્ઞાનસાહસનું આશ્ચર્યકારક અને વિરલ દૃષ્ટાંત છે. શારીરિક મર્યાદાઓને વળોટી જઇને ચિત્તશક્તિનું સ્વાધ્યાય અને લેખન ઉભય દ્વારા અદ્ભુત પ્રકટી-કરણ સાધનારા ને ઋષિસમા આ વિદ્યાવારિધિ બૌદ્ધિકોને પણ વર્ષો સુધી પ્રેરણા પૂરી પાડશે.

### અમૃતસર

શીખોના ત્રીજા ગુરુ અમરદાસની પુત્રી બીબી બાનીને અકબરે લગ્નભેટ તરીકે પંજાબમાં એક સરોવર પાસે પાંચસો વીઘાં જેટલી જમીન ભેટ આપેલી. ચૌદમી સદીના અંતમાં કાશીમાં જન્મેલા કબીરે રામાનંદ સ્વામીના સંસર્ગથી હિંદુ-મુસ્લિમની ભાવનાત્મક એકતા માટે જ્ઞાન







## ભારતની નવી ટિકિટો




અતિમનસ દ્વારા ભૌતિક તત્ત્વોના રૂપાંતરનું અનુ-સંધાનકરીને માનવજાતિ-ને વિશ્વસામંજસ્ય પ્રતિ દોરી જવામાં શ્રી અરવિંદ-ને પૂર્ણ સાથ આપતાં પાંડિચેરીનાં 'શ્રી માતાજી'ની જન્મશતાબ્દી નિ-મિત્તે ગઈ તા. ૨૧મી ફેબ્રુઆરીએ બહાર પડેલી ખાસ ટિકિટ, જેના પર એમની લાક્ષણિક છબિ આપી છે. બીજી ટિકિટ ઘઉંના ઉત્પાદન તથા એની વિવિધ જાતો અંગે સંશોધન વિષે ભારતમાં યોજાએલા આં-તરરાષ્ટ્રીય પરિસંવાદ પ્રસંગે બહાર પડેલી ટિકિટ છે. એના પર ઘઉંની ડૂંડી, એ અંગેના વૈજ્ઞાનિક સંશોધનનું સૂચન અને પૃથ્વીના ગોળા દ્વારા એની આંતરરાષ્ટ્રીયતાના સૂચક સંજ્ઞાત્મક આકારોનું સંયોજન છે. ત્રીજી ટિકિટ 'ત્રીજા વિશ્વ પુસ્તક મેળા-વર્લ્ડ બુક ફેર' નિમિત્તે ૧૧મી ફેબ્રુ. એ બહાર પડી. (પ્રેષક : જગદીશ ભિનિવાલે-અમદાવાદ)

# ચાલુ વર્ષનાં પારિતોષિકો

## લેખકો-ચિત્રકારોને નિમંત્રણ

**'કુમાર'ના ૧૯૭૮ના ચાલુ વર્ષમાં નીચે મુજબનાં પારિતોષિકો આપવામાં આવનાર છે**

૧) **કુમાર-ચન્દ્રક** : વર્ષ દરમિયાનની શ્રેષ્ઠ સર્જન-પ્રવૃત્તિ કે લેખન-પ્રવૃત્તિ માટે વર્ષોવર્ષ અપાતો ચન્દ્રક
૨) રૂ. ૧૦૧ **સ્વ. કેશવલાલ જૂઠાભાઈ દડિયા સાહિત્ય પારિતોષિક** તેમના પરિવાર તરફથી ૩ વર્ષ દરમિયાન શ્રેષ્ઠ સાહિત્ય સર્જન માટે
૩) રૂ. ૧૦૧ **શ્રી છોટાલાલ માવજી કોઠારી** તરફથી વર્ષ દરમ્યાનના પ્રાચીન ઇતિહાસ અને પુરાતત્ત્વ વિષયક લેખો પૈકી શ્રેષ્ઠને
૪) રૂ. ૫૦ **હરિઃૐ આશ્રમ પારિતોષિક–૧** : જીવનઘડતરમાં પ્રેરણારૂપ ચરિત્રલેખો માટે દર માસે
૫) રૂ. ૫૦ **હરિઃૐ આશ્રમ પારિતોષિક–૨** : ભારતીય સંસ્કારપરંપરાને ઉજમાળતાં વ્યક્તિચિત્રો કે પ્રસંગચિત્રો માટે
૬) રૂ. ૫૦ **હરિઃૐ આશ્રમ પારિતોષિક–૩** : વાચકોની રુચિને સંસ્કારે એવાં નવાં પૂર્ણરંગી ચિત્રો માટે
૭) રૂ. ૫૧ **દીપ્તિ-સ્મૃતિ પારિતોષિક** : સપ્ટેમ્બર ૧૯૭૭ થી ઑગસ્ટ ૧૯૭૮ સુધીના અંકોમાં પ્રકટ થએલા લેખો પૈકી ભારતીય સંસ્કારપરંપરાને પોષક અને જીવનઘડતરમાં સહાયક થાય તેવા શ્રેષ્ઠ લેખના લેખકને
૮) રૂ. ૫૧ **ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી** તરફથી વર્ષ દરમિયાનના શ્રેષ્ઠ વિજ્ઞાનલેખ માટે
૯) રૂ. ૩૦ **'કુમાર' તરફથી** વર્ષ દરમિયાન પ્રકટ થએલી શ્રેષ્ઠ મૌલિક વાર્તા કે એકાંકી માટે
૧૦) રૂ. ૩૦ **એક લેખક** તરફથી વર્ષભરમાં પ્રકટ થએલાં કાવ્યો પૈકી શ્રેષ્ઠને
૧૧) રૂ. ૨૫ **ગિરીશકાકા પારિતોષિક** તેમના પરિવાર તરફથી વર્ષ દરમિયાનના શ્રેષ્ઠ જોડણીશુદ્ધ અને વ્યાકરણશુદ્ધ લેખ માટે
૧૨) રૂ. ૨૫ **એક સદ્‌ગૃહસ્થ તરફથી** : ઈ. ૧૯૭૮ના વર્ષ દરમિયાન પ્રકટ થએલી 'મેં સાહસ કર્યું' એ માળાના શ્રેષ્ઠ પ્રસંગ માટે

અને ભક્તિ વડે ઈશ્વર-આરાધનાનો બોધ આપ્યો. કબીર પછી અર્ધી સદી બાદ જન્મેલા નાનકે પણ એની જેમ જ નાત-જાત-ધર્મના ભેદ ભૂલી ઈશ્વરનામની ભક્તિનો માર્ગ ચીંધ્યો. નાનકની ગાદી એના શિષ્ય અંગદે સંભાળી અને એના પછી અમરદાસે. અકબરે પણ ધર્મસહિષ્ણુતાને પોષી, અને કંઈક એવા જ ખયાલથી એણે ગુરુ અમરદાસના શીખ ધર્મવિચારોને પ્રોત્સાહન આપવા એ જમીન ભેટ આપી હશે.

કહેવાય છે કે એ સરોવરમાંથી ગુરુ અમરદાસને કોઈ એવી જડી-બુટ્ટી મળી આવેલી જેનાથી ચામડીના સર્વ રોગ મટી જતા. ત્યારથી એ સરોવરનું માહાત્મ્ય વધી ગયું. એનું જળ અમૃતતુલ્ય મનાવા લાગ્યું, અને એ સરોવર અમૃતસર નામે ઓળખાવા લાગ્યું. ગુરુ અમરદાસના જમાઈ અને શીખોના ચોથા ગુરુ રામદાસે ઈ. ૧૫૭૭માં એ સરોવરને વિસ્તાર્યું અને ત્યાં એક મંદિર પણ બનાવ્યું. પરિણામે શીખોનું એ એક અતિપવિત્ર યાત્રાધામ બની ગયું. કાળાંતરે ત્યાં વસ્તી વધતી ગઈ અને ધીરેધીરે એક શહેર વસી ગયું. ગયા ઑક્ટોબર માસમાં જેની ધામધૂમથી ૪૦૦મી જયંતી ઊજવાઈ તે આ જ શહેર—અમૃતસર.

રામદાસના પુત્ર અને પાંચમા શીખ ગુરુ અર્જુને ત્યાં અત્યારના 'દરબાર સાહેબ'–હરિમંદિરની સ્થાપના કરી. મીનારા સહિત, ઘુમ્મટયુક્ત એ ચોરસ મંદિરની આકૃતિમાં એમણે હિંદુ-મુસ્લિમ એખલાસનું સ્વપ્ન સાકાર કર્યું, એટલું નહિ, એનું ખાતમુહૂર્ત પણ લાહોરના મુસ્લિમ સંત હઝરત મીઆન મીરને ખાસ નિમંત્રીને એમના હાથે કરાવેલું. ઈ. ૧૫૮૮માં ગુરુ અર્જુને 'આદિ ગ્રંથ'ની રચના કરીને એ મંદિરમાં એની સ્થાપના કરી. ભારતીય સંસ્કૃતિની બુનિયાદી લાક્ષણિકતા—કોમી ઐક્યને અમૃતસરે ચરિતાર્થ કરી.

પણ એ પછીનો ઇતિહાસ લોહિયાળ હતો. અકબર પછીના મુઘલ, પઠાણ અને અફઘાન શાસકો અકબર જેવી સહિષ્ણુતા દાખવી શક્યા નહિ. અમૃતસરને વારંવાર એમના હલ્લા સહન કરવા પડયા. અહમદશાહ અબ્દાલીએ તો હરિમંદિરને પણ નુકસાન પહોંચાડેલું.

અંતે શીખ શાસક રણજિતસિંહે અમૃતસર કબજે કર્યું. પુષ્કળ ખર્ચ કરીને એણે હરિમંદિરને સોને મઢીને પુનઃ શણગાર્યું. શહેરને ફરતી કિલ્લેબંધી કરી એને પોતાના રાજ્યનું આધ્યાત્મિક પાટનગર બનાવ્યું. ત્યાર પછીની એની રોનક, સુંદરતા અને ભવ્યતાને કારણે આ હરિમંદિર–દરબાર સાહેબ અને એને લીધે અમૃતસર શહેર દુનિયાભરમાં ખ્યાત બની રહ્યાં છે. પ્રાચીન ન હોવા છતાં શીખ ધર્મવર્તુળમાં એનું સ્થાન

હિંદુઓના કાશી કે બૌદ્ધોના સારનાથ બની રહ્યું. દૂરદૂરથી લોકો અહીં આવતાજતા થયા. પરિણામે શીખ શાસન-કાળમાં જ એ વ્યાપારનું પણ એક મુખ્ય કેન્દ્ર બની ગયું. વૈશાખી અને દિવાળીમાં અહીં મોટા મેળા ભરાવા લાગ્યા. જો કે બંને મેળા મૂળ તો ધાર્મિક પૂર્વ તરીકે થતા, પણ વ્યાપારી દૃષ્ટિએ પણ એનું મહત્ત્વ વધી ગયું. ઈ. ૧૮૩૩ના અરસામાં દુષ્કાળને કારણે કાશ્મીરથી અનેક વણકરો અહીં આવીને વસ્યા અને એમણે આણેલો શાલનો ઉદ્યોગ અહીં એટલો તો વિકાસ પામ્યો કે શીખ શાસનનો એ એક મહત્ત્વનો ઉદ્યોગ બની ગયો. છેક હૈદરાબાદ, લખનૌ, દિલ્હી ને રાજસ્થાનમાં અહીંની શાલની માગ રહેતી. કહે છે કે એ કાળે અહીં લગભગ ૪૦૦૦ જેટલી શાળ આ ઉદ્યોગમાં ચાલતી હતી. યુરોપીઅનો પણ કાશ્મીરના બદલે અમૃતસરની શાલ વાપરતા થઈ ગયા. ધીરેધીરે આ વ્યવસાયે માત્ર ઉદ્યોગ મટી મુખ્ય વ્યાપારનું સ્વરૂપ લઈ લીધું. બોખારા ને કાબૂલની વણઝારો અહીં આવતી થઈ. એમની સાથે અફઘાનિસ્તાની ગાલીચા ને બોખારાની રેશમની કારીગરી પણ અહીં આવી. અહીંના કારીગરોએ એને અપનાવી લઈને ધંધાનો વધુ વિકાસ કર્યો. રેશમના વણાટ માટે બોખારાથી આવતું કાચું રેશમ ઓછું પડતાં છેક ચીનથી પણ માલ આવતો થયો ને અમૃતસરનું રેશમ પશ્ચિમમાં દૂરદૂર સુધી જતું થયું. આની સાથે કાષ્ઠ-કારીગરી, હાથીદાંતની કોતરણી ને પિત્તળકામનો પણ વિકાસ થયો. ખેતી, ઉદ્યોગ, હુન્નર અને વેપારમાં પ્રવીણ અને પરિશ્રમશીલ શીખોએ અમૃતસરની ઉન્નતિમાં સાથ આપ્યો. આજે કાપડ, રસાયણો, વીજળીનાં સાધનો ને યંત્રો, રેશમ, જરીકામ, ભરતકામ ને સાઇકલ-ઉદ્યોગ વગેરે સંખ્યાબંધ નાનામોટા ઉદ્યોગોથી આ શહેર ધમધમે છે.

ચાર સદીમાં તો આ શહેરે કેટકેટલું જોયું વેઠયું! અકબર પછીના શાસકોની ધાર્મિક અસહિષ્ણુતાએ શીખોને, ગુરુ હરગોવિંદ, ગુરુ તેગબહાદુર ને ગુરુ ગોવિંદસિંહની પ્રેરણાતળે શસ્ત્રો ધારણ કરી બહાદુર, ખડતલ ને લડાયક બનાવ્યા. ધર્મ અર્થે એમણે અજબ બલિદાનો આપ્યાં, પણ ધર્મ ત્યજ્યો નહિ. અંગ્રેજી શાસન દરમિયાનનાં બબ્બે વિશ્વયુદ્ધો અને સ્વાતંત્ર્ય બાદની આપની સંરક્ષણ હરોળમાં શીખોની બહાદુરી મોખરે જ રહી છે. દેશના ભાગલા પછીનાં ગોઝારાં કોમી હુલ્લડો પણ એણે જોયાં, પાકિસ્તાની આક્રમણો પણ અનુભવ્યાં, અને આ જ અમૃતસરમાં જલિયાંવાલા બાગના હત્યાકાંડમાં એ જ હિંદુ-મુસ્લિમ-શીખો સાથે જ મરેલા. 'દરબાર સાહેબ'ની નજીકમાં જ આ ગોઝારો બાગ છે.

પણ અમૃતસરનું મુખ્ય આકર્ષણ તો છે જગપ્રસિદ્ધ સુવર્ણમંદિર–દરબાર સાહેબ. સોને મઢયા સંગેમરમરના એ મંદિરના ઘુમ્મટનીચે રેશમી મંડપ તળે શીખોના પવિત્રતમ 'ગ્રંથસાહેબ'ની સ્થાપના છે. નિયમિત સવારસાંજ તેમાંથી વાચન થાય છે. મંદિરની ચોપાસ તળાવ છે જેના પર અંદર જવા માટેનો સુંદર માર્ગ છે. તળાવની આસપાસની ઈમારતોમાં 'અકાલ બંગા'માં મંદિરનો ખજાનો સચવાય છે, 'બાબ અટલ' નામે એક સાત મજલી મીનારો ગુરુ હરગોવિંદના પુત્રની યાદમાં બંધાએલો છે. બે મિનારતવાળા 'બંગા રામગઢિયા'નું આરસનું સ્થાપત્ય પણ સુંદર છે. શીખ રાજવીઓ ને સરદારોએ બંધાવેલી બીજી પણ અનેક ઈમારતો છે.

આ અમૃતસરની અને હરિમંદિરની સમૃદ્ધિ અને ભવ્યતાની સાથે એના પાયામાં સંકળાએલા કોમી એખલાસને પણ આપણે યાદ રાખી શકીશું? (સંકલિત)

### ગાજર

ગાજરથી અજાણ તો કોઈ નથી, પણ ઘણા લોકો એનો ઉપયોગ કરતા નથી. એની ગરમ તાસીરને કારણે યા એના લાલ રંગને કારણે કદાચ એ લોકો ગાજરને વર્જ્ય ગણતા હશે, પણ ગાજર એક ગુણકારી કંદ છે. ગાજરમાં રહેલું કૅરોટિન નામનું તત્ત્વ પેટમાં ગયા પછી એનું

પાચન થઈ એમાંથી વિટામિન 'એ' ઉત્પન્ન થાય છે. અને આ 'એ' વિટામિનની ઊણપથી જે અનેક વિકારો શરીરમાં પેદા થાય છે તેમાં રતાંધળાપણું. મૂત્રાશયની પથરી, ત્વચાની રુક્ષતા, પ્રસ્વેદ અને પેટની ગ્રંથિઓની ક્ષીણતા, વાળની ઝાંખપ ને રુક્ષતા વગેરે મુખ્ય છે. શરીરનાં વિકાસવૃદ્ધિ માટે પણ વિટામિન 'એ' ઘણું જરૂરી છે. ગાજરમાંથી જેટલું વિટામિન 'એ' મળે છે તે કૉડલીવર ઑઈલ, દૂધ કે માખણની બરાબરી કરી શકે તેટલું છે.

ગાજરનો અનેક રીતે ઉપયોગ થઈ શકે છે. ગાજરનાં કચુંબર, રાયતું, અથાણું, મુરબ્બો, હલવો વગેરે બનાવવા ઉપરાંત બાફીને ઘી સાકર સાથે પણ ખાઈ શકાય છે, પણ ગાજરને તાજેતાજાં કાપીને ઉપયોગમાં લેવાં જોઈએ. કાપ્યા પછી ખુલ્લી હવામાં પડયા રહેવાથી એના ગુણ નાશ પામે છે. વળી, તેના પરનો કાચો લીલો ભાગ તથા તેની અંદરનો પીળો ભાગ કાઢી નાખીને જ ગાજરનો ઉપયોગ કરવો જોઈએ. કદાચ કાપ્યા પછી તુરત વપરાય તેમ ન હોય તો એને પાણીમાં ડુબાડી રાખવાં જોઇએ. ગાજરનો રસ કાઢીને પણ વાપરી શકાય છે. દૂધાળાં ઢોરને માટે પણ ગાજર બહુ ગુણકારી છે.


### ગણિત-ગમ્મત


પાંચ પાંચ આંકડાની આ બે સંખ્યા—૫૭૩૨૧ અને ૬૦૯૮૪ને સાથે મૂકતાં જોશો કે એમાં ૦ થી ૯ સુધીનો દરેક અંક એક જ વાર વપરાયો છે. હવે આ બંને સંખ્યાનો વર્ગ કાઢી જુઓ.

$$(૫૭૩૨૧)^2 = ૩૨૮૫૬૯૭૦૪૧$$
$$(૬૦૯૮૪)^2 = ૩૭૧૯૦૪૮૨૫૬$$

બનેના જવાબમાં આવેલી સંખ્યામાં પણ ૦ થી ૯ નો દરેક અંક એક જ વખત આવે છે.

—કિશોર ન. ગોરધનદાસ




△ આકાશગંગામાં તરતી નૌકા જેવું સમગ્ર 'નૌમંડળ' △

## આકાશદર્શન

**આ**. સમયના આકાશમાં માત્ર નૈઋર્ત્ય તરફ જ આકાશગંગાનું દર્શન થાય છે. એમાં શ્વાન તારામંડળ પછી આગળ દક્ષિણે એક વિશાળ તારામંડળ છે. આકાશગંગામાં તરતી નૌકા જેવા આકારની તેમાં કલ્પના કરીને આપણે તેને 'નૌ-મંડળ' નામ આપ્યું છે. દક્ષિણ ભારતમાં થઇને ત્યાંથી મુનિ અગત્સ્યે જાવા સમુદ્ર સુધી જે સાગરખેડ કરેલી એની કથાને યાદ કરીને આ તારામંડળના આકારમાં આપણે એમની નૌકાની સ્મૃતિ સાંકળી લીધી છે, અને આ મંડળના સૌથી વધુ તેજસ્વી તારાને 'અગત્સ્ય' નામ આપ્યું છે. પશ્ચિમના લોકો આ નૌકાને 'આર્ગો' (Argo) કહે છે. સોનેરી ઊન લઈ આવવા માટે અતિવિકટ એવું સાગરસાહસ ખેડવા ગ્રીક પુરાણ કથાના જૅસને જે નૌકાનો ઉપયોગ કરેલો તેનું નામ 'આર્ગો' હતું. પણ આ મંડળના સૌથી વધુ તેજસ્વી તારાના નામકરણમાં એક અન્ય પૌરાણિક પાત્રને અમર કર્યું છે. તેઓ અગત્સ્ય તારાને કૅનોપસ (Canopus) કહે છે. ઍગેમેમ્નૉનના ભાઈ મૅનેલૉસની અતિ સુંદર પત્ની 'હેલન ઑવ ટ્રૉય'ની ગ્રીક પુરાણકથા બહુ જાણીતી છે. એ હેલનના સૌન્દર્યથી મોહાંધ બની પૅરિસ એનું અપહરણ કરી ગએલો. હેલનને પાછી મેળવવા જે યુદ્ધ ખેલાયું તેમાં ટ્રૉય નગરનો મહાવિનાશ થએલો. આ રીતે પાછી મેળવેલી હેલનને જે જહાજમાં લઈ જવાઈ હતી એ જહાજનો નાખુદો હતો 'કૅનોપસ'.

સરળતાને ખાતર ખગોળશાસ્ત્રીઓએ 'નૌમંડળ'ને ત્રણ ભાગમાં વહેંચી નાખ્યું છે. એ ત્રણ ભાગ અલગઅલગ તારામંડળ જ ગણાય છે, એનાં નામ છે: 'નૌપૃષ્ઠ' (Puppi–આર્ગો જહાજનો મોરો), 'નૌવસ્ત્ર' (Vela–આર્ગોનો સઢ) ને 'નૌતલ' (Carina–આર્ગોનું પઠાણ). બાજુમાં જ એક નાનકડું તારામંડળ છે એને આ જહાજનું 'હોકાયંત્ર' (Pyxis) ગણ્યું છે. (સાથેની જુદી આકૃતિમાં સમગ્ર નૌમંડળ તેના ત્રણ ભાગ સાથે અલગ દર્શાવ્યું છે.)

અગત્સ્ય કે કૅનોપસ તારો સમગ્ર આકાશમાં 'વ્યાધ' પછી સૌથી વધુ ચળકતો દેખાતો તારો છે. લગભગ દક્ષિણ ક્ષિતિજ નજીક હોઈ ઉત્તર ગોળાર્ધમાંથી આપણે એને માત્ર ઑગસ્ટથી મે માસ દરમિયાન જ જોઈ શકીએ છીએ. ત્યાર પછી એ ફરી દેખાવાનો વાયદો કરી આપણાથી અદૃશ્ય બની જાય છે–અગત્સ્ય ખરોને! પૃથ્વીથી એ નિશ્ચિતપણે કેટલો દૂર છે એ હજી નક્કી થઈ શક્યું નથી પણ ૯૮ થી ૩૦૦ પ્રકાશવર્ષ દૂર હોવાનું મનાય છે. હજી એના વિષે ઘણું જાણવાનું બાકી જ છે, પણ દક્ષિણ આકાશે એનું દર્શન આહ્લાદક તો છે જ. જે 'નૌતલ' તારામંડળમાં એ છે તે મંડળના વિસ્તારમાંથી રેડિયો-દૂરબીનમાં ઘણાં રેડિયો આંદોલનો ઝીલાતાં રહ્યાં છે. વળી, એ તરફ કેટલીક શ્યામ નિહારિકાઓ હોવાનું પણ જાણવા મળ્યું છે.


નૌમંડળથી આગળ એક નાનું તારામંડળ છે. એના આકારને કારણે આપણામાં એ 'સ્વસ્તિક' નામથી અને પશ્ચિમી દેશોમાં 'સધર્ન ક્રૉસ' નામથી ઓળખાય છે. 'સધર્ન' એટલા માટે કે ઉત્તર આકાશમાં પણ આવા આકારનું એક મોટું તારામંડળ (નૉર્ધર્ન ક્રૉસ–Cygnus હંસમંડળ) છે.

સ્વસ્તિક (Crux) તારામંડળમાં 'ત્રિશંકુ' અને 'વિશ્વામિત્ર' એ બે તારા નોંધનીય છે. દક્ષિણ ક્ષિતિજ પર સ્વર્ગ અને પૃથ્વીની વચ્ચે લટકી રહેલા ત્રિશંકુ રાજા જેવા લાગતા એ તારાને એનું નામ યથાર્થ રીતે જ અપાયું છે. અને ત્રિશંકુને સદેહે સ્વર્ગમાં મોકલનાર વિશ્વામિત્રને પણ અહીં પાસે જ બેસાડયા છે. ત્રિશંકુ (Acrux) સ્વસ્તિકમંડળનો સૌથી વધુ તેજસ્વી યુગ્મ તારો છે. એના બંને તારામાંથી એક સૂર્ય કરતાં ૨૫૦૦ ગણો અને બીજો ૧૩૦૦ ગણો તેજસ્વી છે. અને આ બંને તારા પણ યુગ્મ તારા છે. વિશ્વામિત્ર (Beta Crucia) પણ આવો જ તેજસ્વી તારો છે. એની બાજુમાં જ 'એન. જી. સી. ૪૭૫૫'ની સંજ્ઞાવાળું એક સુંદર તારાગુચ્છ પણ છે.

—બિ. ટાંક

---

**▷ પૂર્વ અને પશ્ચિમ ભારતના બે મહાનુભવો—ટપાલ-ટિકિટ પર**...ગયા માર્ચ માસમાં બહાર પડેલી ભારતની આ બે ખાસ ટપાલ-ટિકિટોમાંની પહેલી ગુજરાતના મહાકવિ નાનાલાલના જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે એમના માનમાં ૧૬મી માર્ચે બહાર પડી. બીજી ટિકિટ બંગાળના એક દેશભક્ત ક્રાંતિકારી સૂર્ય સેનના જન્મદિને—૨૨મી માર્ચે બહાર પડી. અંગ્રેજી શાસન સામે સશસ્ત્ર ક્રાંતિના હિમાયતી એ દેશભક્તને ઈ. ૧૯૩૪ની ૧૨મી જાન્યુઆરીએ ફાંસી આપવામાં આવી હતી. કવિ નાનાલાલનો તો ગુજરાતને પરિચય છે જ. બંને ટિકિટ ઉપર એ મહાનુભવોની તસવીર આપી છે. (પ્રેષક: જગદીશ બિનિવાલે)






# આ માસ (એપ્રિલ) ઇતિહાસમાં

જૂના રોમન કૅલેન્ડરના બીજા, અને આધુનિક પશ્ચિમી વર્ષગણનાના આ ચોથા માસનું નામ લૅટિન 'ઍપેરીએર' (= ઊઘડવું) શબ્દ પરથી પડ્યું હોવાનું મનાય છે, કેમ કે આ માસથી બેસતી વસંત ઋતુમાં પુષ્પો અને પલ્લવો ઊઘડવા-ખીલવા માંડે છે. વસંતોત્સવના આનંદમાં આપણે ત્યાં ઊજવાતા હોળી-ધૂળેટીના દિવસોની જેમ પશ્ચિમમાં પણ આ માસનો પહેલો દિવસ 'એપ્રિલ ફૂલ્સ-ડે' તરીકે ઊજવીને તે દહાડે મિત્રોને મૂર્ખ બનાવતી ઠઠ્ઠામશ્કરીઓ યોજવામાં આવે છે. આજે તો હવે બધા દેશોમાં આ દિવસે મજાકમશ્કરીનો ચાલ પડી ગયો છે.

**તા. ૧/૧૫૭૮** ઇંગ્લૅન્ડના રાજવૈદ્ય વિલિયમ હાર્વેનો જન્મ. શરીરમાં થતા રક્તના અભિસરણની શોધ એણે કરેલી. આ જ માસમાં ૫મી તારીખે ઈ. ૧૮૨૭માં શારીરિક વાઢકાપના નિષ્ણાત લૉર્ડ જૉસેફ લિસ્ટરનો પણ જન્મ થએલો. ઑપરેશન પહેલાં કાર્બોલિક ઍસિડના મંદ દ્રાવણનો છંટકાવ કરવાની પ્રથા પાડીને એમણે વાઢકાપ પછી ઘામાં ફેલાતા ચેપના અટકાવની દિશામાં એક નવું જ ડગ ભર્યું હતું.

**તા. ૩/૧૯૩૩** સર્વોચ્ચ પર્વતશિખર એવરેસ્ટ ઉપરથી પહેલી વાર વિમાન-ઉડ્ડયન થયું.


**પ્રસંગવિશેષ**

**તા. ૬/૧૮૯૬** ઑલિમ્પિક રમતોત્સવને પુનર્જીવિત કરવામાં આવ્યો. પ્રાચીનકાળમાં ગ્રીક-નગર ઑલિમ્પિયામાં દર ચાર વર્ષે ઑલિમ્પિક રમતો રમાતી, જેમાં સમસ્ત ગ્રીસના ખેલાડીઓ ભાગ લેતા. ઈ. ૩૯૪ના અરસાથી એ રમતોત્સવ બંધ થઈ ગયો હતો. એ પછી સદીઓ બાદ ઈ. ૧૮૯૪માં એક ફ્રેન્ચ ગૃહસ્થ કાઉબર્ટિન બૅરન પીઅરેએ એને પુનર્જીવિત કરવાનો પ્રસ્તાવ મૂક્યો. આ માટે એક આંતરરાષ્ટ્રીય સમિતિ રચાઈ અને એમાં નક્કી થયા મુજબ આ તારીખે ગ્રીસમાં ઍથેન્સ મુકામે ફરી આ રમતોત્સવનો આરંભ થયો. ઈ. ૧૯૦૮માં લંડનમાં આ ઉત્સવ યોજાયો ત્યારે એને પહેલું વાસ્તવિક બંધારણ અપાયું.

**તા. ૭/૧૮૫૯** સિંધિયાના એક સરદાર માનસિંહને મોટી જાગીરની લાલચ આપીને એની પાસેથી, ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામના એક સૂત્રધાર તાત્યા ટોપેના ગુપ્તવાસની માહિતી મેળવીને એમને ઓચિંતા કેદ કર્યા અને ૧૮મી એપ્રિલે એને ફાંસીની સજા ફરમાવી.

**વ્યક્તિવિશેષ**

**તા.૨૯/૧૮૪૮** ભારતીય ચિત્રકળાના ઇતિહાસમાં એક મોટા શૂન્યાવકાશ પછી જેમની કળાએ હિંદી ઘરોમાં સૌભાગ્ય અને દીપ્તિ વધારીને હિંદી સંસ્કૃતિની ઉષ્મા સજીવન કરી એ ચિત્રકાર રાજા રવિવર્માનો ત્રાવણકોરના રાજકુટુમ્બમાં જન્મ થયો. બચપણથી જ પડેલી સંસ્કૃત સાહિત્યની ઊંડી છાપને ચિતરામણમાં ઉતારવાની એમની બાલચેષ્ટાને મામાએ પ્રોત્સાહન આપ્યું અને થીઓડોર જેનસન નામના એક યુરોપીઅન કલાકાર પાસેથી તૈલચિત્રોની પદ્ધતિ શીખી લઈ એમણે જે કલાવિકાસ સાધ્યો એનો એમના સમયમાં અને એ પછી યે લાંબા સમય સુધી અજબ પ્રભાવ રહ્યો હતો. સંસ્કૃત સાહિત્યનાં નાયક-નાયિકાઓ અને વીર પાત્રોને ચિત્ર મારફત એમણે દેશનાં ઘરેઘરમાં પ્રતિષ્ઠિત કરીને આપણી સાહિત્ય પરંપરાની રસવૃત્તિને લોકમાનસમાં સ્થાપિત કરી. ◐ અલબત્ત, એમની કલામાં નાટકીય તત્ત્વોનો પ્રભાવ જોવા મળે છે, પણ એક આખી પેઢી સુધી ભારતભરમાં એમણે જે કલારાજ્ય ભોગવ્યું તેવું બીજા કોઇને નસીબ હજી સુધી મળ્યું નથી. ગરીબ કે તવંગર, ધર્મિષ્ઠ કે વિદ્વાન, રસિક કે આમજન સૌ એમના ચિત્રોનો આદર કરતા. દેશના એકેએક હિંદુ ઘરમાં એમની કૃતિની એકાદ છાપ તો અવશ્ય મળી જ રહેતી. સૌ એમનાં ચિત્રોનો આદર કરતાં. ◐ અભિજાત કેળવણી સંસ્કાર, સદ્દઉદ્યોગ ને પ્રતિભાથી અઠ્ઠાવન વર્ષની વય સુધી નિરંતર કલાસાધના કરતા રહી, ભારતની વર્તમાન ચિત્રકળાના આદિ વિકાસક તરીકેનું ગૌરવવંતુ સ્થાન પામનાર એ કલાકાર પૌર્વાત્ય કલ્પનાને પાશ્ચાત્ય ચિત્રશૈલીથી શણગારેલાં સેંકડો ચિત્રોનો સંગ્રહ મૂકી ૧૯૦૬ની બીજી ઑક્ટોબરે અવસાન પામ્યા.



**તા. ૩૦/૧૯૪૫** લગભગ દુનિયાભરને બીજા વિશ્વયુદ્ધમાં ઘસડી જનાર એડોલ્ફ હિટલરે આત્મહત્યા કરી. એનો જન્મ પણ આ જ માસમાં ૨૦મી તારીખે ઈ. ૧૮૮૯માં થએલો.




વેપારમાં સફળ થએલા એક લખપતિએ પોતાના છોકરાને શિખામણ આપતાં કહ્યું કે ધંધામાં સફળતા મેળવવા માટે બે શબ્દો ખાસ અગત્યના છે.

'એ કયા કયા?' છોકરાએ પૂછ્યું.

'પ્રામાણિકપણું અને ડહાપણ.'

'પ્રામાણિકપણું એટલે શું?'

'ગમે તેવી આપત્તિ આવી પડે તો યે આપેલું વચન કોઈ પણ ભોગે પાળવું.'

'અને ડહાપણ એટલે?'

'કોઈને કદી વચન આપવું નહિ.'

પત્ની (ગુસ્સામાં પતિને): તમે હમેશાં મારાં સગાંઓનો તિરસ્કાર જ કરો છો.

પતિ (શાંતિથી): તારી ભૂલ થાય છે. હું 'મારી' સાસુ કરતાં 'તારી' સાસુ પ્રત્યે વધુ આદર ધરાવું છું.

હિંદી કવિ 'વિદ્રોહી' કવિસંમેલનમાં કવિતા પાઠ કરતા હતા. બોલ્યા: 'હવે આવે છે એ મારા કાવ્યનું શિર્ષક છે—આગ, પાણી, ધુમાડો.'

એ સાંભળી શ્રોતાઓમાં એક જણ બોલી ઊઠયો: 'એક જ શબ્દમાં કહો ને, કે હુક્કો.'

કાનજી: મેં હમણાં સાંભળ્યું કે તેં મને 'કુત્તો' કહ્યો હતો! તારા મનમાં સમજે છે શું?'

રામજી: મેં નથી કહ્યો. તું ખોટે સ્થળે ભસે છે!




ઑલિમ્પિક્સમાં ગુજરાતી —રંગલો

**વિપત પડયે ના વલખિયે વલખ્યે વિપત ન જાય,**
**વિપતે ઉદ્યમ કીજિયે ઉદ્યમ વિપતને ખાય.**

ચીની ફિલસૂફ કૉન્ફ્યુશિયસે એક દિવસ એક બાઇને છાતીફાટ રડતી જોઈ તેનું કારણ પૂછ્યું. બાઈએ જવાબ દીધો કે દોઢેક વરસ પર એક વાઘ મારા બાપને ખાઈ ગએલો; તે પછી પૂરું વરસ નહિ વીત્યું હોય ત્યાં મારા ભાઈને પણ વાઘે મારી નાખ્યો; ગયે મહિને એક વાઘ મારા ધણીને લઈ ગયો, અને આજે હવે વાઘ મારા એકના એક દીકરાનો પણ કોળિયો કરી ગયો છે. કૉન્ફ્યુશિયસે કહ્યું: 'તો પછી માણસખાઉ વાઘવાળો આ પ્રદેશ છોડી તું બીજે ગામ કેમ જતી નથી?'

બાઈએ જવાબ દીધો કે 'અહીં એક વાતે સુખ છે કે અહીં જુલમી અમલદાર નથી.'

---

કહેવત : 'પોચી માટી કાચલીએ ખણાય.' ઢીલા કે નબળા થઇએ તો સામાન્ય માણસ પણ ગેરલાભ લઈ જાય એ દર્શાવતી કહેવત. આને મળતી બીજી કહેવતો શોધજો.

---

અનેકાર્થી શબ્દ: હાલરું=બાળકને નજર ન લાગે એવી ચીજોની માળા; જૂથ કે ટોળું; કણસલામાંના કણ છૂટા પાડવા ખળીમાં બળદ ફેરવે છે તે; હાલરડું.


---

કોઈ પણ વારનું નામ ધારો. તે રવિવારથી કેટલામો છે તે ગણી જે અંક આવે તેમાં ૪૫ ઉમેરો, હવે સરવાળો આવે તેને ૭ વડે ભાગવાથી જે શેષ વધે, તેટલા અંક ગુરુવારથી ગણતા જઈને જે વારે અટકાય તે ધારેલો વાર.

દા. ત. શુક્રવાર ધાર્યો. તો રવિને ૧ ગણતાં તે છઠ્ઠો આવે છે. ૬+૪૫=૫૧÷૭=૨ શેષ ગુરુથી ગણતાં શુક્રવાર બીજો આવે.

—મયારાંકર જોશી

---



બગીચામાં પાણી પાવાના ઝારાનું કાણાંવાળું મોઢિયું ખોવાઈ ગયું હોય તો ઢીલા પડેલા કે નકામા થએલા રબ્બરના દડાની એક બાજુએ ઝારાના નાળચાથી જરા સાંકડું વેહ પાડી નાળચામાં ભરાવી દેવું, અને સામી બાજુએ પાણી નીકળવાનાં ઝીણાંઝીણાં કાણાં પાડી લેવાં. મોઢિયા જેવું જ કામ આપશે.

सत्–संगाद् हि साधुता खलानां
साधूनां न हि खल–संगतः खलत्वम्।
आमोदं कुसुम–भवं मृदेव धत्ते
मृद्–गन्धं न हि कुसुमानि धारयन्ति॥

સત્સંગતિથી દુષ્ટજનોને સાધુતા પ્રાપ્ત થાય છે, પરંતુ સત્પુરુષોને દુષ્ટોની સંગતિથી દુષ્ટતા પ્રાપ્ત થતી નથી. (દા. ત.) પુષ્પોની સોરભને માટી ગ્રહણ કરી લે છે, પરંતુ માટીની ગંધને ફૂલો ધારણ કરતાં નથી.

---

અંકસંદર્ભ-**સાત**: સપ્ત ઋષિ-વિશ્વામિત્ર, કશ્યપ, અત્રિ, ભરદ્વાજ, ગૌતમ, જમદગ્નિ, વસિષ્ઠ-અરુંધતિસહ; સપ્ત સ્વર-ષડ્જ, રિષભ, ગાંધાર, મધ્યમ, પચમ, ધૈવત, નિષાદ; સપ્ત સ્વર્ગ-ભૂ:, ભૂવ:, સ્વ:, મહ:, જન:, તપ:, સત્યમ્; સપ્ત પાતાળ-તલ, અતલ, વિતલ સુતલ, પાતાલ, રસાતલ, તલાતલ.

---




**ટિકિટકથા**: ઈટાલીમાં ફ્લૉરેન્સથી લગભગ ૬૫ માઈલ દૂર ઍડ્રીઆટિક સમુદ્રની નજીક સાન મારિનો નામે માત્ર ૨૪ ચો. મા.ના ક્ષેત્રફળવાળું એક ટચૂકડું પ્રજાસત્તાક રાજ્ય છે. દુનિયામાં જૂનામાં જૂનાં પ્રજાસત્તાક રાજ્યોમાંનું એ એક છે. અત્યાર સુધીમાં એણે સંખ્યાબંધ ટપાલ ટિકિટો બહાર પાડી છે. સ્ટૅન્લી ગિબન્સના છેલ્લા કૅટલૉગમાં એની એક હજારથી યે વધુ ટિકિટોની નોંધ છે. આ વર્ષે 'ધ વર્લ્ડ હેલ્થ ઑર્ગેનિઝેશને' સંધિવાના રોગનાં કારણો અને ઉપચાર અંગે આંતરરાષ્ટ્રીય ધોરણે કરેલા એક સંશોધન-આયોજન નિમિત્તે બહાર પાડેલી એની ખાસ ટિકિટ પર ઑક્ટોપસરૂપી સંધિવાના ભરડામાં ફસાયેલી સ્ત્રી (વિશ્વની પ્રજા)નું સૂચક ચિત્ર આપ્યું છે. સીશિલીના કલાકાર બ્રુનો કારુસોએ આ ચિત્ર કરેલું છે.

---

દુનિયાનો ઊંચામાં ઊંચો ધોધ ન્યૂ ઝીલૅન્ડમાં આવેલો 'સધરલૅન્ડ ફૉલ્સ' છે.

હાથીની ઝડપ કલાકે ૨૫ માઈલ સુધી પહોંચી શકે છે.



એક જ સૂરમાં ગાતાં પંખીઓ અંતે એનાથી કંટાળીને ચૂપ થઈ જાય છે. આ રીતે તેઓ લગભગ ૭૦ ટકા જેટલો સમય મૂગાં રહે છે. જ્યારે વિવિધ સૂરોમાં ગાતાં પંખીઓ થોડો સમય જ અટકી લગભગ સતત ગાતાં રહે છે.

---

પ્રાગના જ્યુઇશ ટાઉન ચર્ચના ઘડિયાળ પર કલાકના આંકડા હિબ્રુ ભાષામાં આંકેલા છે અને તે પણ સામાન્ય કરતાં ઊલટા ક્રમમાં! બીજાં ઘડિયાળોમાં ૧૨ પછી ૧નો આંકડો આવે છે ત્યારે આ ઘડિયાળમાં ૧૧નો, જ્યારે ૧૧ની જગ્યાએ એકનો! એના કાંટાની ગતિ પણ ઊલટી દિશામાં રહે છે: ૧૨ પછીના આંકડા પર એના કાંટા ડાબી બાજુએ ફરતા ફરતા પાછા ૧૨ પર પહોંચે છે. જગતમાં આવું આ એક જ ઘડિયાળ છે.

---

ઇંગ્લૅંડ માટે નેપોલિયન 'દુકાનદારોનું રાષ્ટ્ર' (a nation of shopkeepers) શબ્દો વાપરતો, તે એના નહોતા. ઍડમ સ્મિથે તેના 'વેલ્થ ઑવ નેશન્સ'માં એ ઇંગ્લૅંડ માટે વાપરેલા છે. એ ગ્રંથ બહાર પડયો ત્યારે નેપોલિયનની ઉંમર માત્ર ૭ વરસની હતી.



કલાકણિકા: મેક્સિકોની પ્રાચીન મય સંસ્કૃતિના કાળની એક શબ સમાધિમાંથી મળેલા પાત્રના ઢાંકણ પરનું વર્ષા ને પવનના દેવનું આલેખન.

# ૧૯૭૭-૭૮નાં વોરાનાં પ્રકાશનો

## નવલકથા

- **સપનું પાછલા પહોરનું**
  મોહમ્મદ માંકડ ૧૪-૦૦
- **એક પગ ઉંબર બહાર**
  મોહમ્મદ માંકડ ૧૯-૨૫
- **અંતરપટ**
  સ્નેહરશ્મિ ૧૮-૦૦
- **મનનું કારણ**
  જયવંત દળવી
  અનુ.: જયા મહેતા ૮-૫૦
- **જલતા હિમગિરિ**
  મોહનલાલ પટેલ ૧૪-૦૦
- **આદર્શ હિન્દુ હૉટલ**
  વિભૂતિભૂષણ બંદોપાધ્યાય
  અનુ.: શિવકુમાર જોષી ૧૨-૫૦

## વાર્તા-સંગ્રહો

- **છલછલ**
  શિવકુમાર જોષી ૧૦-૫૦
- **ટીપે...ટીપે...**
  લક્ષ્મીકાંત પંડયા ૪-૫૦
- **શ્રાવણી મેળો**
  ઉમાશંકર જોશી ૧૩-૫૦
- **કેટલીક વાર્તાઓ**
  જયંત ખત્રી સં.: સુરેશ દલાલ
- **પંજાબની લોકકથાઓ**
  ૭-૦૦

- **વાસંતી પૂર્ણિમા**
  સુંદરમ ૧૩-૫૦
- **દ્વિપર્ણ**
  શિવકુમાર જોશી ૭-૫૦

## આધ્યાત્મિક સાહિત્ય

- **યોગમાર્ગના પ્રવાસી: શ્રી કૃષ્ણપ્રેમ**
  દિલીપકુમાર રોય
  અનુ.: રમણલાલ સોની ૧૮-૦૦
- **અનંતના યાત્રીઓ**
  દિલીપકુમાર રોય
  અનુ.: રમણલાલ સોની ૨૦-૦૦
- **હિમગિરિ શિખરોનો આધ્યાત્મિક સાદ**
  જી. કે. પ્રધાન
  અનુ.: ગુલાબરાય મંકોડી ૧૨-૫૦
- **કેટલાંક અદ્ભુત આ. અનુભવો**
  નાનજી મહારાજ જોશી ૧૦-૦૦

## સંસ્મરણો

- **હૃદયમાં પડેલી છબીઓ**
  ઉમાશંકર જોશી ૩૦-૦૦
- **'૩૧માં ડોકિયું'**
  ઉમાશંકર જોશી ૧૦-૦૦
- **બાનો ભીખુ**
  ચંદ્રકાન્ત પંડયા ૮-૦૦
- **વનાંચલ**
  જયંત પાઠક ૫-૦૦

## કવિતાસંગમ

**મરાઠી કાવ્ય-સપ્તક**

પુ. શિ. રેગે, ગ્રેસ, વિંદા કરંદીકર, આરતી પ્રભુ, મંગેશ પડગાંવકર, વસંત બાપટ, નારાયણ સૂર્વે

અનુવાદકો: સુરેશ દલાલ, જગદીશ જોશી, વસંત જોષી, જયા મહેતા

સેટની કિં. ૩૫-૦૦

## હાસ્ય સાહિત્ય

- **હાસ્યાયન**
  સંપાદક: વિનોદ ભટ્ટ ૧૮-૦૦
  ગુજરાતી સાહિત્યની ઉત્તમ હાસ્યવાર્તાઓ
- **જ્યોતીન્દ્ર તરંગ**
  જ્યોતીન્દ્ર હ. દવે ૧૮-૦૦
- **સુનો ભાઈ સાધો**
  વિનોદ ભટ્ટ ૬-૦૦
- **મરકમરક**
  રતિલાલ બોરીસાગર ૬-૦૦
- **ઇદમ્ તૃતીયમ્**
  વિનોદ ભટ્ટ ૪-૦૦
- **ઇદમ્ ચતુર્થમ્**
  વિનોદ ભટ્ટ ૫-૦૦

## કાવ્ય-સંગ્રહ

- **સાતત્ય**
  સુરેશ દલાલ ૮-૦૦
- **સિમ્ફનિ**
  સુરેશ દલાલ ૫-૦૦
- **હસ્તાક્ષર**
  સુરેશ દલાલ ૫-૦૦
- **ગમી તે ગઝલ**
  સંપાદન: ચિનુ મોદી ૧૫-૦૦
- **વમળનાં વન**
  જગદીશ જોશી ૨૫-૦૦
- **આશંકા**
  વિપિન પરીખ ૧૫-૦૦
- **પ્રવેશ**
  પન્ના નાયક ૨૦-૦૦

## સંદર્ભ ગ્રંથો

- **જ્ઞાનસંહિતા**
  બંશીધર શુકલ ૫૦-૦૦
- **નોબેલ સાહિત્યકારો**
  કૃષ્ણવદન જેટલી ૪૫-૦૦
- **ચંદ્રવદન મહેતા**
  અ. મ. ગ્રંથ ૨૦-૦૦

ટેલિફોન : ૨૩૮૧૫

પ્રાપ્તિસ્થાન: **વોરા ઍન્ડ કંપની** ગાંધી ચેમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧

અનુસંધાન] વાચકો લખે છે [પૃ.૧૨૧થી

### બ્લડ-પ્રેશર વિષે કંઈક નવું

ડિસેમ્બર ૧૯૭૭ના અંકમાં એક ભાઈએ બ્લડ-પ્રેશર વિષે થોડી ચર્ચા કરી છે. એના અનુસંધાનમાં હું મારા અનુભવમાં આવેલા બ્લડ-પ્રેશરની કેટલીક રજૂઆત કરું છું. તે જાણવાથી બ્લડ પ્રેશરનો ભય કંઈક ઓછો થશે.

મને ૫૦-૫૧ વરસની ઉંમરે ચિંતા ને વધારે-પડતા કામના બોજાને લીધે ચક્કર તથા ગભરામણ થવા લાગ્યાં, માથું ભારે થવું, આંખે અંધારાં આવવા લાગ્યાં અને સરકારી નોકરીને લીધે સિક રીપોર્ટ આપવા માટે ડૉક્ટર પાસે જવું પડ્યું ત્યારે જણાયું કે વધારેપડતું લોહીનું ઊંચું દબાણ—ને તે ૨૨૦ પૉઈન્ટ ઉપર—છે તે માટે સંપૂર્ણ આરામ, મીઠું ખાવાનું બંધ ને સર્પાસીલની ટીકડી નિયમિત લેવાનું સૂચવાયું.

થોડા દિવસ આરામ કરવાથી પ્રેશર નૉર્મલ થઈને ૧૫૫ આસપાસ થઈ ગયું. પછી કોઈકોઈ વખત કામના ભાર કે દોડાદોડને લીધે ઘણી વાર પ્રેશર વધી જતું, પણ મીઠું ખાવાનું બંધ કરવાથી ન ટૅબ્લેટ લેવાથી પાછું નરમ થઈ જતું.

પણ ઈ. ૧૯૭૨માં હું સરકારી નોકરીમાંથી રીટાયર્ડ થયો ને પેન્શન માટે કોમ્યુટ કરાવવા સારુ ડૉક્ટરી તપાસ થઈ ત્યારે મારું બ્લડ પ્રેશર વધીને ૨૪૦ પોઈન્ટ થએલું જણાયું! દરેક ડૉક્ટરે ત્રણચાર વખત તપાસ્યું, બીજા બેત્રણ જાતનાં મશીનો વાપરી જોયાં પણ ૨૪૦થી સહેજ પણ પ્રેશર ઓછું જણાય જ નહિ,-અને મારી તબિયત એકદમ સારી: ન કામનું ભારણ ન ગભરાટ, ન કોઈ ચિંતા, કાંઈ જ નહિ. છતાં પ્રેશર ઊતરે જ નહિ. ડૉક્ટરોને પણ આશ્ચર્ય થાય કે આટલું વધારેપડતું પ્રેશર હોવા છતાં આ માણસને એની અસર કેમ થતી નથી? આખરે ડૉક્ટરોની પૅનલે આશ્ચર્ય સાથે સહી કરીને મારું પેન્સન કોમ્યુટ કર્યું.

આમ ૨૪૦ પૉઈન્ટ પ્રેશર હોવા છતાં મને કંઈ જ થતું નહોતું. તે વખતે એ ડૉક્ટરોને પણ જણાયું કે આના પ્રેશરને અને હૃદયને કંઈ જ સંબંધ જણાતો નથી. હૃદયના ધબકારા નિયમિત હતા. પણ પ્રેશરનું માત્ર મશીન ૨૪૦ પોઈન્ટથી ન નીચું કે ન ઊંચું થાય—સુવાડીને, ઊભા રાખીને, બેસાડીને બધી રીતે તપાસતાં બસ ૨૪૦ પૉઈન્ટ જ થતું હતું. કોઈ પણ જાતનાં પ્રેશરનાં ચિહ્ન ચહેરા પર કે શરીરે જણાતાં નહોતાં એટલે લોહીનું ઊંચું કે નીચું દબાણ માત્ર હૃદયની ગતિ પર આધાર રાખતું હોવા છતાં, હૃદયને કંઈ જ થતું નથી. લાગે છે કે બીજા પણ કોઈક કારણોથી હૃદય નબળું પડતું હશે, કે બેચેની લાગતી હશે.

હજી આજે પણ મને ૧૮૫થી ઓછું બ્લડ-પ્રેશર રહેતું નથી. છતાં કંઈ થતું નથી. એક વખત ચક્કર આવતાં તપાસાવ્યું તો ૧૨૪ થયું! બે દિવસ પછી ૧૪૦ થયું ને પાછું ૧૬૦-૧૭૦-૧૮૦ થઈ ગયું.

આમ હૃદયની સ્વસ્થતા હોવા છતાં પ્રેશર રહેવા સંભવ છે. એને માટે અનિયમિતતા, કબજિયાત, માથા પર બોજો, દોડાદોડ, ચિંતા વગેરે કારણો હોવાં જોઈએ. બ્લડ-પ્રેશરના 'હાઉ'થી ગભરાવાની કંઈ જ જરૂર નથી. નિયમિત ને સંયમી બનો.

(સાબરમતી) —ઇન્દ્રવદન દેસાઇ

### ડિટેક્ટિવ વાર્તાઓ

હું નાની ઉંમરથી 'કુમાર' વાંચું છું અને હવે તો એનો આજીવન સભ્ય થઈ ગયો છું મારા મતે 'કુમાર' એ ગુજરાતી ભાષાનું સંપૂર્ણ અને સર્વશ્રેષ્ઠ માસિક છે.

'વાચકો લખે છે'માં પાન નંબર ૪૪ પર શ્રી ચંપકભાઈ નંદુના 'ખૂંચે છે'માં 'મારા મતે ડિટેક્ટિવ સાહિત્યને સ્થાન ન જ આપવું જોઈએ' એ વાક્ય ઘણું ખૂંચ્યું. 'કુમાર' પાસે હું તેમજ કદાચ બધા જ વાચકો ઉત્તમ સાહિત્યની આશા રાખીએ, ને હું પોતે તો 'કુમાર' એટલે ઉત્તમ અને સારું જ છે એમ માનું છું. ડિટેક્ટિવ વાર્તા એ સાહિત્યનો જ પ્રકાર છે. એને 'કુમાર'માં સ્થાન હોવું જ જોઈએ. અને શ્રી ચંપકભાઈનું કહેવું છે કે 'કુમાર'માં આવી ગએલ બધી જ 'વાર્તાઓ સાધારણ કક્ષાની હતી' એની સાથે પણ હું સહમત નથી.

'સાહિત્ય સંપર્ક' વિભાગમાં ઉત્તમ અને વસાવવા લાયક પુસ્તકની ચર્ચા થોડી વિગતથી આપી શકો તો અનેકને ઘણો લાભ થશે.

(બીલીમોરા) —મહેન્દ્રસિંહ ચૌહાણ

### રંગચિત્ર 'રાગ બિહાગ'

'કુમાર' ડિસેમ્બર '૭૭ના અંકમાં કુમારશ્રી મંગળસિંહજીનું રંગીન ચિત્ર રાગ બિહાગ જોયું. પ્રથમ દૃષ્ટિએ નયનાભિરામ છે, પણ ટૅક્નિકની દૃષ્ટિએ ખામીવાળું છે. એક તો સંધ્યા સમય હોવા છતાં છાયાતપ (chiaroscuro)નો સદંતર અભાવ છે. વળી, બીજના ચંદ્રનું આટલું બધું અજવાળું શી રીતે હોઈ શકે? અમે જૂનવાણી વિચારના છીએ એટલે પ્રત્યેક શુક્લ દ્વિતીયાના દિવસે ચાહીને બીજનાં દર્શન કરીએ છીએ. કોઈ દિવસ બીજના ચંદ્રનું આટલું તેજ જોયું છે? સાચું પૂછો તો અંધારું થવા આવે ત્યાં તો બીજ નીચે ઊતરી ગઈ હોય છે. આ રંગીન ચિત્રમાં તો પૂનમના ચંદ્રની જ જ્યોત્સના ફેલાએલી દેખાય છે. પાણીમાં એ પ્રકાશનું પ્રતિબિમ્બ જુઓ, નાયિકાનું ચિત્ર નિહાળો. ક્યાંય અસ્પષ્ટતા દેખાય છે? વળી બીજની ચંદ્રલેખાના પ્રકાશમાં 'પક્ષીદ્વય'ની શ્વેત દેહલતા આટલી ઉજ્જવલ દેખાય ખરી? ઝાડનું ચિત્ર પણ અવાસ્તવિક છે. પાંદડી કરતાં ફૂલની કળી ત્રણચાર ગણી મોટી છે. એ કયા ઝાડમાં સંભવે છે? (આ કદાચ કાસીઆ ફિસ્ચુલા હોય.) ચિત્રમાં ચંદ્રને ઢાંકીને જોતાં સમગ્ર પ્રદેશ પૂર્ણ ચંદ્રની ઝળહળતી ચંદ્રિકાવાળો દેખાય છે.

(અમદાવાદ) —એક વાચક

### નિખાલિસ-નિખાલસ

જાન્યુઆરી '૭૮ના 'કુમાર'માં ભાઈ એમ. જે. જોશીએ 'નિખાલિસ-નિખાલસ' શબ્દના સાચા અર્થ વિષે જાણવાની જિજ્ઞાસા દર્શાવી છે.

ભાષામાં રૂઢ-રૂઢિથી જેનો વિશેષ અર્થ થતો હોય એવો આ શબ્દપ્રયોગ છે. રૂઢાર્થ કે રૂઢિપ્રયોગ એ યોગાર્થ નથી. સાધિત શબ્દ પણ નથી. આ દૃષ્ટિએ સાર્થ ગુજરાતી જોડણીકોશમાં અપાએલો અર્થ બરાબર છે. રામચંદ્ર વર્માના ઉર્દૂ હિંદી કોશમાં બતાવેલો અર્થ સાચો નથી. બનારસ જ્ઞાનમંડળ લિમિટેડના 'બૃહત્ હિન્દી કોશ'માં (સંપાદકો: કાલિકાપ્રસાદ, રાજવલ્લભ સહાય ને મુકુન્દીલાલ શ્રીવાસ્તવ) પણ સાર્થ ગુજરાતી જોડણીકોશ પ્રમાણે જ એનો અર્થ દર્શાવવામાં આવ્યો છે. નિખાલિસ= બિના મિલાવટકા; વિશુદ્ધ, પવિત્ર (પૃ ૬૯૬).

'નિખાલિસ' કે 'નિખાલસ' જેવો કોઈ સાધિત શબ્દ છે જ નહિ મૂળ અરબી શબ્દ 'ખાલિસ' છે. એનો અર્થ ચોખ્ખું, અસલ, શુદ્ધ, ભેળસેળ વિનાનું, અકલુષિત વગેરે જેવો થાય છે.

'ફુઝૂલ' અને 'બે ફુઝૂલ' શબ્દ જેવો જ આ 'ખાલિસ' અને 'નિખાલિસ' શબ્દનો પણ તાશેરો છે. 'ફુઝૂલ' એટલે નકામું, વધારાનું, વ્યર્થ, નિરર્થક, નિષ્પ્રયોજન, નિરુપયોગી... કેટલાક લોકો બેલયાલની સામાન્ય રૂઢિમાં આ 'ફુઝૂલ' ને 'બેફુઝૂલ' પણ બોલે છે.

(કરાચી) —માંડવીઆ

### શ્રીશૈલમ્

'કુમાર' વાંચવાનું ખૂબ ગમે છે. 'કુમાર'મા આવતી સામગ્રી રસપ્રદ, માહિતીપ્રચુર અને આનંદદાયી તેમ જ ઉપયોગી હોય છે. ખાસ કરીને પારકા પ્રદેશમાં 'કુમાર' વાંચતાં ગુજરાતનું સાન્નિધ્ય અનુભવાય છે. 'કુમાર' ચોકસાઈ માટે જાણીતું છે. માટે જ 'કુમાર'ના જાન્યુ. '૭૮ના અંકમાં પાન નં ૩૬ પર 'દ્વાદશ જ્યોતિર્લિંગ' વિષેની નોંધમાં શ્રીશૈલ તામિલનાડુમાં આવેલું છે એવો ઉલ્લેખ વાંચી જરા આશ્ચર્ય થયું. શ્રીશૈલ તામિલનાડુમાં નહિ પણ આંધ્ર પ્રદેશમાં આવેલું છે.

શ્રીશૈલમ્‌માં મલ્લિકાર્જુનનું સુંદર મંદિર છે. તે સુઘડ છે ને યાત્રીઓ માટે સારી વ્યવસ્થા છે. હૈદરાબાદથી શ્રીશૈલમ જવા માટે એસ. ટી.ની બસોની વ્યવસ્થા છે.

(હૈદરાબાદ) —માધવી સંત

# પછાત વર્ગોનો ઉત્કર્ષ



## ગુજરાતમાં નક્કર વાસ્તવિક્તા

ગુજરાતની જનતા સરકારે પછાત વર્ગોના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે બક્ષીપંચની ભલામણોનો સર્વાંશે સ્વીકાર કર્યો છે. ૧લી એપ્રિલ-૭૮થી અમલમાં મૂકાયેલ ભલામણોના આ છે મહત્વનાં મુદ્દાઓ:

- રાજ્યની ૮૨ જેટલી જ્ઞાતિઓ, વર્ગો અને જૂથોને સામાજિક અને શૈક્ષણિક દ્રષ્ટિએ પછાત વર્ગોને મળતા લાભો અપાશે.
- વિવિધ અભ્યાસક્રમો માટે રૂા. ૩૦ થી રૂા. ૧૧૫ સુધીની શિષ્યવૃત્તિઓ અપાશે.
- તબીબી. ઈજનેરી, દંત વિજ્ઞાન, પૂર્વ-તબીબી ટેકનીકલ, કૃષિ અને પશુ-ચિકિત્સા કોલેજોમાં દસ ટકા બેઠકો અનામત રખાશે.
- આ ઉમેદવારો માટે વર્ગ-૧ અને વર્ગ-૨ની સરકારી નોકરીઓમાં પાંચ ટકા જગ્યાઓ, વર્ગ-૩ અને વર્ગ-૪ની નોકરીઓમાં દસ ટકા જગ્યાઓ અનામત રહેશે.
- જાહેર ઉપક્રમોમાં પણ નોકરીઓ અનામત રખાશે.
- રોજગાર-પૂર્વ તાલીમનો પ્રબંધ કરાશે.
- પછાત વર્ગના જે સભ્યો ખેડૂતો હોય તથા જેઓ ભૂમિહીન હોય તેમને વગર હરાજીએ તેમજ છૂટછાટના દરે જમીન અપાશે.
- રાહતના દરે ઘરથાળની જમીન આપવામાં આવશે.
- વ્યવસાયનો વિકાસ, પુનર્વસવાટ, ગૃહનિર્માણ વગેરે માટે નાણાંકીય સહાય.
- સહકારી પ્રવૃત્તિનો વિકાસ અને રાજ્ય સહાય આપવાનું ઉત્તેજન પણ તેમને અપાશે.
- ગૃહઉદ્યોગોના સંચાલન માટે તેમને નાણાંકીય સહાય અપાશે.
- મફત કાનૂની સહાય આપવાની જોગવાઈ કરવામાં આવી છે.
- ૧૯૭૮-૭૯ના અંદાજપત્રમાં રૂા. ૬.૦૫ કરોડની રકમની જોગવાઈ.

## સામાજિક ન્યાય સાથે વિકાસ માટેનો ભગીરથ પુરૂષાર્થ